# અનંતરૂપિણી



મા શારદાના જીવનચરિત્રની ઝાંખી

# અનંતરૂપિણી

## મા શારદાના જીવનચરિત્રની ઝાંખી

**લેખિકા :-**
ડૉ. લતા દેસાઈ

**પ્રથમ સંસ્કરણ :-**
નવેમ્બર,૨૦૧૭

**મુલ્ય :-**
પુસ્તકની કિંમત રાખી નથી.
વધુ ને વધુ લોકો વાંચે તે જ તેનો હેતુ છે. જો કે વ્યક્તિ તેની ઈચ્છા પ્રમાણે ચેક દ્વારા પ્રકાશક સંસ્થાને અનુદાન મોકલી શકે છે.

**મુદ્રક :-**
ડૉટ પ્રીન્ટ
૫૫/૫૫, સીટી મીલ કમ્પાઉન્ડ,
રાયપુર-કાંકરીયા રોડ,
અમદાવાદ - ૩૮૦૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૫૨૯૮૦

**પ્રકાશક / પ્રાપ્તિ સ્થાન :-**
શારદા મહિલા વિકાસ સોસાયટી,
સેવા રૂરલ, ઝધડિયા - ૩૯૩ ૧૧૦,
જી. ભરૂચ. ગુજરાત
ફોન (૦૨૬૪૫) ૨૨૦૮૧૧ ફેક્સ : ૨૨૦૩૧૩

## અર્પણ

જેઓ સ્ત્રીશક્તિ જાગૃતિ માટે
તેમજ આધ્યાત્મિક પથ પર ચાલવા માર્ગદર્શન મેળવવા આતુર છે
તે સૌને

## ઋણ સ્વીકાર

આ પુસ્તકને પ્રકાશિત કરવામાં શ્રી રામકૃષ્ણદેવ અને મા શારદાના ભક્તોનું પ્રોત્સાહન અને માર્ગદર્શન મળ્યું છે. પુસ્તક સમયસર પ્રકાશિત કરવામાં ડૉ. ભરત ભગતનો અગત્યનો ફાળો છે.

આ પુસ્તકનું આમુખ લખી આપવા બદલ સ્વામી શ્રી સર્વસ્થાનંદ, અધ્યક્ષ રામકૃષ્ણ મિશન રાજકોટના અમે ઋણી છીએ.

આ પુસ્તકના મુખપૃષ્ઠ તેમજ રેખાચિત્રો બનાવવા માટે શ્રી અંકુરભાઈ સુચક તેમજ છાપકામ માટ ડૉટ પ્રિન્ટનો આભાર માનું છું.

શારદા મહિલા વિકાસ સોસાયટી વતી,
ડૉ. લતા દેસાઇ

## પુસ્તક વિશે

આજથી ૧૫૦ વર્ષ પહેલા મા શારદા કે જે ઉપલક દ્રષ્ટિએ એક સામાન્ય ગૃહિણી જેવુ જીવન જીવ્યા હતા. એમની સાચી ઓળખ તે સમયે વિશ્વ વિખ્યાત સ્વામી વિવેકાનંદ જેવા ગણ્યાગાંઠયા વિરલાઓને જ થયેલી. વિશ્વ પ્રખ્યાત રામકૃષ્ણ મિશનની શરૂઆતના દિવસોમાં નેતૃત્વ પૂરું પાડીને, વૈરાગી હોવા છતાં લગ્નગ્રંથીથી જોડાઈને એક ગૃહસ્થી તરીકે અનોખુ દાંમ્પત્ય જીવન જીવ્યા. સતત કામોમાં વ્યસ્ત રહેવા છતાં નિર્લેપી રહ્યા. ભકતો માટે જગતજનની કરૂણામયી, પ્રેમમયી અભયદાયીની, સામાજિક હિંસા અને કુરિવાજો સામે એક ક્રાંતિકારી મહિલાને છાજે તેવુ જીવન જીવ્યા. વેદાંત જેવી શુષ્ક ફિલોસોફીને રોજબરોજના જીવનમાં જીવી બતાવીને, વિવિધ સ્વભાવવાળા દુ:ખી ચિંતિત અને ભકતોને શાંતિ પ્રદાન કરવાના ઘણા પ્રસંગો છે.

મા શારદાના જીવનમાં બનેલી ઘટનાઓ અને થયેલા વાર્તાલાપોની નોંધ, તેમની સાથે દિવસ રાત રહેલા સેવકો, શિષ્યો અને ભકતોએ પોતાની આંખે જોયેલું અને કાને સાંભળેલું, તે વર્ષ, તારીખ, વાર અને સમય સાથે આધારભૂત રીતે લખાયેલા છે. આધુનિક વ્યકિતઓના તર્કશીલ અને શંકાશીલ મનમાં આજની અશાંત પરિસ્થિતિમાં સુધારો કરવા, મા શારદાના જીવન પ્રસંગો કંઇક ફેરફાર લાવી શકશે તે ઉદેશ્યથી આ પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે.

આજના ટેકનોલોજીના જમાનામાં વધી રહેલા સુખ-સગડોની વચ્ચે પડી રહેલા કૌટુંબિક ભંગાણો, જાતિભેદ, લીંગભેદ, અત્યાચારો, ભષ્ટાચાર, વ્યભિચાર, પર્યાવરણની સમસ્યા, તેમજ આખા વિશ્વમાં વધી રહેલી અશાંતિ જેવી સમસ્યાઓના જવાબો કદાચ માના જીવન પ્રસંગોમાંથી મળી રહે. જે સમયે જે તે સ્થળે અને જે તે પરિસ્થિતિમાં મા શારદાએ તેમનામાં રહેલા સુષુપ્ત દૈવિક ગુણોને પ્રગટ કરીને અનંતરૂપો ધારણ કરેલા.

મા શારદાના જીવનનો થોડો ઘણો અભ્યાસ કરતાં તેમના અનંતગુણો અને અનંતરૂપોના દર્શન થતા રહે છે. આખુ પુસ્તક એક સળંગ જીવનચરિત્રરૂપે લખાયું નથી. આ પુસ્તકમાં માના જીવનના રહસ્યને ૧૩ પ્રકરણમાં વહેંચેલુ છે. દરેક પ્રકરણનું વિશિષ્ટ મહત્વ હોવાથી અમુક પ્રસંગોનુ પુનરાર્વતન થયેલ છે. વાચકને કદાચ પસંદ ન પડે, તે માટે દરગુર્જર કરશો. ઘણી જગ્યાએ માત્ર મા અથવા માતાજીનો ઉલ્લેખ કાર્યો છે ત્યાં તે ‘મા શારદા’ માટે જ લખાયું છે તેમ સમજવું. વળી જયાં ‘ઠાકુર’ શબ્દનો ઉલ્લેખ કરાયો છે ત્યાં શ્રી રામકૃષ્ણ માટે વપરાયો છે તેમ વાંચવું.

કોઈ પણ વ્યકિતને જીવનશૈલીમાં મોટા બદલાવો લાવ્યા વગર ઘર, કામ કે ધર્મ બદલ્યા વગર જયાં છે ત્યાં રહીને જીવન વ્યવહારમાં નાનામોટા ફેરફાર કરવાની હૂંફ, હિંમત, પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતા રહે છે.

મા શારદાના જીવન અને સંદેશાઓમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવીને મહિલાઓ દ્વારા, મહિલા વિકાસના કાર્યક્રમો શરૂ કર્યાને ૩૦ વર્ષ પૂરા થઈ ગયા. આ યાત્રા દરમ્યાન અમને બધાને મા શારદાના જીવન પ્રસંગોમાંથી જે કંઈ નાનુમોટું શીખવા મળ્યુ છે તેનો ગમતાનો ગુલાલ કરવાનું વિચાર્યુ છે.

આ પુસ્તકના પ્રકાશનમાં ઘણી બધી વ્યકિતઓનો ફાળો છે. સૌના વ્યકિતગત નામ લખીને આભાર માનવાનું અશક્ય છે. પુસ્તકના છાપકામ માટે ડૉટ પ્રિન્ટ તેમજ આ હસ્તપ્રતમાં વારંવાર સુધારા થવાથી તેને ટાઈપ કરી આપવા બદલ રમેશ ગોસ્વામી અને નફીસાબેન શેખ તેમજ પુસ્તકનું આમુખ લખી આપવા બદલ સ્વામી શ્રી સર્વસ્થાનંદના આભારી છીએ.

વર્ષ ૨૦૧૭

સ્થળ : ઝઘડિયા

# પુરોવચન

મા શારદાનાં જીવન અને સંદેશમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવીને ત્રણ દાયકાથી કાર્યરત મહિલાવિકાસ કાર્યક્રમોની ઉજવણી પ્રસંગે મા શારદાના જીવન અને તેમના અનોખા જીવનપ્રસંગોનું આલેખન કરીને ડૉ. લતા દેસાઈ 'અનંતરૂપિણી' નામનું પુસ્તક પ્રકાશિત કરી રહ્યાં છે.

શ્રીરામકૃષ્ણદેવની મહાસમાધિ પછી શ્રી શ્રીમા શારદાદેવીએ દાખવેલું અદ્‌ભુત નેતત્વ, એમના દામ્પત્યજીવનની અનન્યતા, નારીઓને ઉન્નત કરવાની એમની ઉદાર ભાવના, વ્યવહારુ હોવા છતાં ક્રાંતિકારી દૃષ્ટિકોણ, સૌ કોઈને આંખે વળગે તેવો એમનો કર્મયોગ, સૌને માટે જગત-જનની બનીને, સૌની મા બનીને એમણે કરેલાં કાર્યો અને લીધેલા નિર્ણયો, ધીરગંભીર પ્રકૃતિનાં અને બહુ ઓછાબોલાં શ્રી શ્રીમાનો વિનોદ, તેમની પાસે જવાથી માના ખોળા જેવાં મળતાં પ્રેમ, હૂંફ અને પ્રેરણા વગેરે ગુણોને ઉજાગર કરતા શ્રી શ્રીમાના જીવનમાંથી વીણેલા પ્રસંગોને એક પુસ્તકરૂપે ઘાટ આપ્યો છે. આ પુસ્તકમાંથી બધા વાચકોને આવા અનન્ય પ્રસંગો જાણવા અને માણવા મળશે, એવું મારું નિઃશંક માનવું છે.

બંગાળી, હિંદી અને અંગ્રેજી ભાષામાં આ સદર્ભનાં નાનાં-મોટાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. ગુજરાતના લોકો મા શારદાનાં જીવન અને સંદેશથી અજાણ રહી ગયા છે, એવી લોકલાગણી છે, સંસારમાં ગણ્યાગાંઠયા લોકો સંન્યાસી જીવન જીવે છે, મોટા ભાગના લોકો ગૃહસ્થ જીવન વિતાવી રહ્યા છે. બધા જ લોકો માટે, પછી ભલે તે ગમે તે ધર્મ કે સંપ્રદાય પાળતા હોત, તેની સાચાવણી કરીને જે કોઈ પ્રવૃત્તિઓમાં કાર્યરત હોય તે કરતાં કરતાં સંન્યાસી હોય કે ગૃહસ્થ, તેમાં જ રહીને મોટાં પરિવર્તનો લાવ્યા વગર આ અશાંત દુનિયામાં થોડીઘણી શાંતિ અને આનંદ મેળવી શકે છે, મા શારદાનું જીવન એવી શ્રદ્ધા અને હૈયાધારણ બક્ષે છે.

માતૃશક્તિનો મહિમા તો આદિકાળથી ગવાતો આવ્યો છે. મા શારદાનાં જીવનચરિત્ર અને પ્રસંગો દ્વારા પ્રગટ થતી આ માતૃશક્તિ નથી માત્ર દેહની શક્તિ કે નથી માત્ર મર્યાદિત પોતાનાં લોહીમાંસનાં બાળકો પૂરતી, કે નથી કોઈ શસ્ત્રોની શક્તિ, એની પ્રતીતિ સહેજે થાય છે. આ માતૃ શક્તિ અજરઅમર આત્માની શક્તિ છે, જેને કોઈ પરાજિત નથી કરી શકતું. પરંતુ જે સામ્રાજ્ઞી બનીને વિશ્વ પર રાજ્ય કરે છે તેની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. આત્માની શક્તિ એટલે પ્રેમ, ત્યાગ અને સમર્પણની શક્તિ! શ્રીરામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ પછી એમનાં લીલાસહધર્મિણી મા શારદાએ આ માતૃશિક્તિનો આદર્શ પ્રસ્થાપિત કર્યો. સંસ્થાનાં અધ્યક્ષા ડૉ. લતાબહેન દેસાઈની સૂક્ષ્મ નજરમાં વિશ્વની આ એક અદ્‌ભુત માતૃશક્તિનું માહાત્મ્ય વસી ગયું છે. સંસ્થાએ પોતાનાં ધ્યેય અને અભિગમને ધ્યાનમાં રાખીને શારદાશક્તિને શબ્દદેહ આપીને પુસ્તકરૂપે પ્રગટ કરી છે, તેને હું હૃદયપૂર્વક આવકારું છું. આ માતૃશક્તિ જગતનું ચાલકબળ બને, તેનાં જતન અને વિસ્તાર થતાં રહે, એવી આ મંગલપ્રસંગે શુભેચ્છા પાઠવું છું.

શ્રીરામકૃષ્ણદેવ, શ્રી શ્રીમા શારદાદેવી અને સ્વામી વિવેકાનંદની અવિરત કૃપાવૃષ્ટિ સદૈવ એમના પર થતી રહે તેવી મારા અંતરની શુભકામના.

ભવદીય,
સ્વામી સર્વસ્થાનંદ
અધ્યક્ષ, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અદ્ભુત નેતૃત્વ | ૧ |
| ૨. | અનોખું દાંમ્પત્ય | ૧૪ |
| ૩. | સ્ત્રી સશક્તિકરણ | ૨૪ |
| ૪. | સર્વ ધર્મ સમભાવિની | ૩૭ |
| ૫. | ક્રાંતિકારી મા | ૪૧ |
| ૬. | વ્યવહારુ વેદાંતિષ્ટ | ૪૯ |
| ૭. | કર્મયોગી મા | ૫૪ |
| ૮. | વૈજ્ઞાનિક મા | ૬૦ |
| ૯. | પર્યાવરણ પ્રેમી | ૬૫ |
| ૧૦. | વિનોદીની મા | ૬૯ |
| ૧૧. | જગતજનની | ૭૪ |
| ૧૨. | નારીજીવનનો આદર્શ | ૮૬ |
| ૧૩. | શાંતિદાયિની | ૯૯ |
| ૧૪. | તવારીખ | ૧૧૨ |
| ૧૫. | સંદર્ભસૂચિ | ૧૧૩ |

# ૧ અદ્‌ભુત નેતૃત્વ

મા શારદાનું જીવન એક સામાન્ય, ગ્રામીણ ગૃહિણીના જેવું સીધું સાદું હતું. છતાં તેમનામાં એવી શકિતઓ હતી કે જેણે રામકૃષ્ણ સંઘની તેમજ બે મહિલા સંસ્થાઓની સ્થાપનામાં જાણે કે જન્મદાત્રીની ભૂમિકા ભજવેલી. રામકૃષ્ણ સંઘની સ્થાપનામાં અને એના શરૂઆતના દિવસોમાં, જ્યારે અનેક દ્વિધાઓ ઊભી થયેલી ત્યારે તેનું સમાધાન કરાવીને એક અસરકારક નેતૃત્વ પૂરું પાડેલું. મા શારદાના જીવનપ્રસંગો દ્વારા નેતૃત્વની શકિતઓ સમજવાનો પ્રયાસ કરીશું.

> **સફળ નેતૃત્વ એટલે**
> માની જેમ સર્જન અને વિસ્તરણ કરવાની શક્તિ

**સર્જન શકિત :** અનેક સંપ્રદાયોના સાધુ-સંતો લોકસેવાના કાર્યોને અધ્યાત્મ જીવન માટે નડતરરૂપ સમજતા. સ્વામી વિવેકાનંદે તેમના ગુરુ શ્રીરામકૃષ્ણના ‘‘શિવજ્ઞાને જીવસેવા’’ના સંદેશાને ચરિતાર્થકરવા રામકૃષ્ણ મિશનની સ્થાપના કરેલી ત્યારે તેમણે તેમના ગુરુભાઈઓ તેમજ ગૃહસ્થ ભકતોના સખ્ત વિરોધનો સામનો કરવો પડેલો. આ સંદર્ભનો એક પ્રસંગ વાંચીએ.

એક વાર એક ત્યાગી સંતે આવીને કહ્યું: ઈસ્પિતાલ ચલાવવી, ચોપડીઓ વેચવી, હિસાબ રાખવો, વગેરે કામો સાધુજીવનને અનુકૂળ નથી; કારણ કે ઠાકુરે આવું કંઈ કર્યું ન હતું. કામ કરવું જ હોય તો પૂજા, જપ, ધ્યાન વગેરે જ કરવાં જોઈએ. બીજાં બધાં કામો મનને વિષય તરફ ખેંચીને સાધુને ઈશ્વરથી વિમુખ કરે છે. એની બધી વાત સાંભળી માતાજીએ દઢતાથી કહ્યું: "કામ નહીં કરો તો આખો દિવસ કરશો શું? ચોવીસ કલાક કંઈ ધ્યાન-જપ કરી શકાય? ને ઠાકુરની વાત કરો છો? એમની વાત જ જુદી. તમને અહીં ખાવાનું મળે છે; કારણ, તમે કામ કરો છો. નહીં તો એક મૂઠી અન્ન માટે ઘેર ઘેર ભટકયા કરશો? પ્રભુ જેમ ચલાવે છે, તેમ જ ચાલશો. મઠ આ પ્રમાણે જ ચાલશે. જે લોકો આમ ન રહી શકે તે ચાલ્યા જાય"[૧] આમ મા શારદાએ સ્વામીજીના નિર્ણયને અનુમોદન આપીને વિશ્વવિખ્યાત રામકૃષ્ણ સંઘનું સર્જન કરવામાં એક અસરકારક નેતૃત્વ પૂરું પાડ્યું.

જ્યારે રામકૃષ્ણ સંઘની સ્થાપના પણ નહોતી થઈ ત્યારે જે જમાનામાં મહિલાઓ માટે ઘરની ચાર દીવાલોમાંથી બહાર નીકળવું લગભગ અશકય હતું ત્યારે મા શારદાએ બે મહિલા સંસ્થાઓની સ્થાપનામાં જાણે કે જન્મદાત્રીની ભૂમિકા ભજવેલી.

શ્રી રામકૃષ્ણનાં શિષ્યા ગૌરીમાએ ૧૮૯૪માં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે શારદેશ્વરી આશ્રમ શરૂ કર્યો ત્યારે મા શારદાએ સ્વહસ્તે તે સંસ્થાનું ઉદ્‌ઘાટન કરેલું. ઉદ્‌ઘાટન કરીને અટકી ન જતાં બીજા ભકતો અને શિષ્યો સમક્ષ ગૌરીમાના કામોની પ્રશંસા કરતા અને તેમનાં કામોમાં યથાશકિત મદદરૂપ બનવાનું કહેતા! "જે કોઈ ગૌરીમાના આશ્રમના દીવાની જ્યોતને જલતી રાખવામાં મદદ કરશે તેને વૈકુંઠ! પ્રાપ્તિ થશે.[૨] આમ પ્રથમ મહિલા સંસ્થાના પાયામાં હતાં મા શારદા.

સાલ ૧૮૯૮માં સ્વામી વિવેકાનંદનાં વિદેશી આયરીશ શિષ્યા કુ.માર્ગારેટ નોબેલ-ભગિની નિવેદતાએ જ્યારે કન્યા શાળા શરૂ કરી ત્યાંરે આ શાળાનું ઉદ્‌ઘાટન મા શારદાના શુભ હસ્તે થયેલું. તે પ્રસંગે મા શારદાએ શુભ આશિષ અને ભવિષ્યના સુશિક્ષિત હિન્દુ નારીત્વ માટે આશીર્વાદ આપેલા. માએ કહેલું કે આ શાળા પર શ્રી જગદંબાની શુભઆશિષો સદા વરસે અને ત્યાં તાલીમ પામેલી બાળાઓ આદર્શ કન્યાઓ બને![૩] આમ અભણ માએ કન્યા કેળવણીની અગત્યની દિશાનું જાણે કે પ્રથમ પગલું ભર્યું.

લગભગ ૫૦ વર્ષ બાદ સ્ત્રીઓ સ્વતંત્ર રીતે આધ્યાત્મિક જીવન જીવવાની સાથે મહિલાઓ અને બાળકોના વિકાસ માટે કામ કરી શકે તે હેતુથી શરૂ થયેલ શ્રી

શારદા મઠ. સંસ્થાના પ્રથમ અધ્યક્ષા પ્રવ્રાજીકા ભારતીપ્રાણા શ્રી માનાં અંતરંગ શિષ્યા હતાં.

**સુમેળભર્યા સંબંધો :** રામકૃષ્ણ મિશનના કોઆલપાડા આશ્રમમાં બનેલો આ પ્રસંગ છે. એક દિવસે તે આશ્રમના અધ્યક્ષે માતાજી પાસે આવીને ફરિયાદ કરી, "મા, આશ્રમવાસીઓ પહેલાં મારું કહ્યું માનતા હતા, પણ હવે નથી માનતા, કોઈ પ્રશ્ન આવે તો તેઓ સીધા તમારી પાસે આવે છે અને આપ એમનું પ્રેમથી જતન કરીને તમારી પાસે રાખો છો. એમને સારું ખાવાનું આપો છો. પણ આપ જો એમને આશ્રય ન આપો અને થોડુંક સમજાવીને મારી પાસે પાછા મોકલી આપો તો તેઓ મારું કહ્યું માનશે. આ આશ્રમવાસીઓ મારી સાથે રહેવા નથી ઈચ્છતા અને બીજા આશ્રમમાં જતા રહે છે. તેથી તમારે એવી વ્યવસ્થા કરી દેવી જોઈએ કે જેથી આવા ગેરશિસ્ત કરનારા લોકો બીજા આશ્રમમાં ન રહી શકે."[૪]

> **સફળ નેતૃત્વ એટલે**
> પ્રેમપૂર્વક ટીમના સભ્યોની સગવડો અને જરૂરિયાતો પૂરી પાડવી

માતાજીએ આ અંગે તપાસ કરતાં જાણવા મળ્યું કે આ અધ્યક્ષ આશ્રમવાસીઓ પાસે ફક્ત કામની જ આશા રાખતા હતા. તેમના માટે ખાવા-પીવાની સારી વ્યવસ્થા ગોઠવી શકતા ન હતા. તેમજ તેઓને જ્યારે વારંવાર મેલેરિયા કે એવી કોઈ માંદગી આવી પડે ત્યારે તેમની પૂરતી સંભાળ પણ રાખતા નહોતા. માએ આ અધ્યક્ષને બોલાવીને કહ્યું! "એ કેમ બને? આ બધું શું કહો છો.? પ્રેમ જ આપણું બળ છે, પ્રેમથી જ પ્રભુનો સંસાર ઘડાયો છે અને હું તો મા છું. તમે મારી પાસે છોકરાઓની ખાવા-પીવા અને પહેરવા! ઓઢાડવા માટે આવી રીતે શી ફરિયાદ કરો છો. આવું સંકુચિત મન રાખી હુકમ કરીને માત્ર કામની આશા રાખ્યા કરો તો આશ્રમ કેવી રીતે ચલાવશોં? ભલે છોકરાઓ તમારા જ વિદ્યાર્થીઓ હોય. પોતાના દીકારાઓને પણ કોઈ વધારે વઢે તો છેવટે જુદા થઈ રહે છે. એ બધા મારા છોકરાઓ છે. પ્રભુને શરણે આવ્યા છે. એ લોકો જે જગાએ જશે અને રહેશે ત્યાં જ ઠાકુર એમની સંભાળ લેશે. આવી વાતો હું કોઈ દિવસ નહીં કરી શકું."[૫]

માતાજીનો તીવ્ર સ્વર અને લાલ મુખ જોઈ ભક્તિભાવવાળા અધ્યક્ષે તરત જ માતાજીને ચરણે પડી ક્ષમા માંગી. આમ જરૂર પડે મા અધ્યક્ષને ટોકતા તો ક્યારેક ટકોર પણ કરતાં. પણ બીજી બાજુ અધ્યક્ષનું સ્વમાન જળવાઈ રહે તે માટે આશ્રમવાસીઓને પણ સદ્ઉપદેશ આપતાં અને કહેતાં! બધાની સાથે સંપથી રહેવું જોઈએ અને સહન કરવું જોઈએ. આમ સંસ્થાનું નેતૃત્વ સંભાળતી વ્યક્તિ એ

ઉદાર મન રાખીને, એકબીજાનું સ્વમાન સાચવીને, તટસ્થતાથી, પોતાના હાથ નીચે કામ કરનારની સગવડો તથા જરૂરિયાતોને પ્રેમપૂર્વક ધ્યાન રાખીને પૂરી પાડવી જરૂરી છે. એવો સંદેશો મા શારદા આ પ્રસંગ દ્વારા આપી રહ્યાં છે.

**સફળ નેતૃત્વ એટલે**
જે કરુણાપૂર્વક સૌ સાથે સુમેળભર્યા સંબંધો જાળવવા.

આવો જ એક બીજો પ્રસંગ આ આશ્રમમાં બનેલો તે વાંચીએ. આ આશ્રમમાં લોકસેવાની વિવિધ પ્રવૃત્તિઓ માટે ઘણા સાધુ-સંન્યાસીઓ જોડાયા હતા. તેમાંના એક સાધુ જેમનું નામ રાજનબાબુ હતું, તેઓને તેમના આશ્રમના ઉપરી સાથે કામ કરતાં કરતાં ઘર્ષણ ઊભું થયું હતું. પરિણામે તેમનું મન અશાંત થઈ ગયું હતું. તેમની તબિયત પણ સારી રહેતી નહોતી. તેથી કોઈક શાંત જગ્યાએ તપસ્યા કરીને તેઓ મનની શાંતિ અને તંદુરસ્તી પાછી મેળવવા ઇચ્છતા હતા. તેઓ મા પાસે તપસ્યા કરવા જવા માટે રજા માંગવા આવ્યા. માએ રાજનબાબુને તપસ્યા માટે જવાને બદલે થોડા દિવસ પોતાની સાથે રહેવાનું કહ્યું. મા રોજ સવારે ઠાકુરની પૂજા કરીને પ્રસાદ ઠાકુરને ધરાવતાં. તેમાંથી સાકરનું શરબત પોતે લઈને આશ્રમના કામમાં મંડી પડતાં. રાજનબાબુની તબિયત ઠીક રહેતી ન હોવાથી પોતા માટે વપરાતા શરબતનો મોટો ભાગ માએ રાજનબાબુને આપવા માંડ્યા. આ વ્યવસ્થા માએ એવી કુનેહથી કરી કે બીજા ભકતોને અને આશ્રમના વહીવટ સંભાળનારાઓને ઈર્ષ્યા ન થાય કે ન કોઈને ખરાબ લાગે કે ન અંદરોઅંદર ઘર્ષણ ઊભું થાય. થોડા દિવસ બાદ માએ આશ્રમના મુખ્ય વહીવટ સંભાળતા સાધુને એકલા બોલાવીને રાજનબાબુની તબિયત અને અન્ય મુશ્કલીઓની વાત કરતાં કહ્યું કે તેમની તબિયત સુધરે એ માટે તેઓ રાજનબાબુને રોજ પ્રસાદનું શરબત આપે છે. માએ આશ્રમના ઉપરીને એકલાને જ પોતાની પાસે બેસાડીને કરુણાથી અને કોમળતાથી સઘળી વાત સમજાવી. વિગત સાંભળીને વહીવટ સંભાળતા આ સાધુનું હૃદય પીગળી ગયું અને તેઓ પણ મા સાથે સંમત થઈ ગયા. માનો એમના શિષ્યો તરફનો માતૃપ્રેમ જોઈ તેમનું હૃદય ઝૂકી ગયું.[૬]

**મૂલ્યોની જાળવણી :** માએ નીજી સ્વાર્થ કે સગવડોની પરવા કર્યા વગર આપેલા નિર્ણયોના ઘણા પ્રસંગો છે. આ પ્રસંગ બનેલો પ્રથમ વિશ્વયુદ્ધ સમયનો. તે વખતે બજારમાં સ્પિરિટ મળવું દુર્લભ હતું. પરિણામે આશ્રમ દ્વારા ચાલતા દવાખાનામાં દર્દીઓને સારવાર આપવામાં મુશ્કેલીઓ ઊભી થતી. વળી, મા શારદાને પણ પગે વાનો સોજો રહેતો અને ખૂબ પીડા થતી જે સ્પિરિટના માલિશ કરવાથી એમને આરામ લાગતો. એક વખત એક ભકતે દવાખાના માટે સ્પિરિટની વ્યવસ્થા કરી

આપી. સ્પિરિટ લાવનાર ભકતે થોડું સ્પિરિટ માને માટે જુદું રાખવાનું કહ્યું. આથી મા રાજી તો ન થયાં પરંતુ એમણે જવાબ આપ્યો, ''આ સ્પિરિટ આવ્યું છે દવાખાનામાં આવતા દર્દીઓને માટે. તેમને વંચિત કરી મારી સુખાકારી માટે એનો ઉપયોગ હું નહીં કરું''.[૭]

એક આશ્રમ કે જયાં મા રહેતાં હતાં ત્યાંના રસોડાનો આ એક પ્રસંગ છે. આ રસોડામાં કામ કરતા એક રસોઈયાને અમુક કારણોસર કાઢી મૂકવાની વાત હતી. પરંતુ માને ખાવાપીવામાં અગવડ પડે એટલે ત્યાંના વહીવટકર્તાઓ થોડું ઢીલું મૂકતા હતા. માતાજીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે વહીવટકર્તાઓને પોતાની અડચણોનો અને અગવડોનો વિચાર કર્યા વગર રસોઈયાને છૂટો કરવાનો આદેશ આપી દીધેલો.[૮]

આ પ્રસંગ છે સગાંવહાલાંના મોહમાયામાં તણાયા વગર લીધેલ નિર્ણય અંગેનો. માતાજીના કુટુંબની માલિકીની જમીન કે જ્યાં શ્રી રામકૃષ્ણદેવનો જન્મ થયેલો, ત્યાં મંદિર બંધાવાની અને બીજી સંપત્તિના વહીવટની વાતોની ચર્ચા ચાલી રહી હતી. એક દિવસ તેમના ભત્રીજા શ્રી રામલાલ અને તેમની દીકરી લક્ષ્મીદેવીને જાણવાની ઈચ્છા થઈ કે મંદિર બંધાયા પછી તે સંપત્તિ તેમનાં કુટુંબીજનોના કાબૂમાં રહેશે કે કેમ? માતાજીએ જવાબ આપ્યોઃ ''એ કેવી રીતે બને?.....'' આગળ ચાલતાં માતાજીએ કહ્યું કે ''બેલુર મઠના સાધુઓ જ ઠાકુરના જન્મસ્થાનની અને મંદિરની જવાબદારી લેશે. રામલાલ વગેરે કુટુંબીજનો માટે મિશનના સાધુઓ પતરાના છાપરાંવાળાં મકાનો બંધાવી આપશે. માતાજીએ તેમનાં કુટુંબીજનો અને સગાવહાલાંને ખરાબ લાગશે, ઓછુ આવશે કે કુટુંબની મિલકત ઓછી થઈ જશે એવો સ્વાર્થી વિચાર ન કરતાં તટસ્થ રીતે નિર્ણય આપ્યો.[૯] આમ, પોતાના નીજી સ્વાર્થ અને સગવડ કે સગાંવહાલાંના મોહમાયામાં તણાયા વગર માએ નેતૃત્વનો આદર્શ પૂરો પાડયો.

**અંતઃદૃષ્ટિ :** સ્વામી વિવેકાનંદને ભારત ભ્રમણ દરમિયાન દેશની કંગાળ પરિસ્થિતિ તેમજ પશ્ચિમના દેશોના વિકાસની વાતો સાંભળીને શિકાગોમાં યોજાએલી વિશ્વ ધર્મ પરિષદમાં હાજરી આપીને જાણે કે વિશ્વ શાંતિ માટે કંઈક કરવાની ઈચ્છા ઉદ્‌ભવેલી. તેમના કેટલાક શિષ્યોએ પણ તેમની આ ઈચ્છાને અનુમોદન માટે તેમ જ જરૂરી ફંડફાળો ભેગો કરવાની તૈયારી બતાવેલી. આ સમયે સ્વામીજીના મનમાં દ્વિધા ઉદ્‌ભવેલી. આ દ્વિધાના ઉકેલ માટે તેમજ યોગ્ય નિર્ણય લેવા તેમણે માને પત્ર લખેલો. માએ તુરત જ આશીર્વાદ આપતો પત્ર લખીને સ્પષ્ટ નિર્ણય આપતો જવાબ મોકલી આપેલો.




**વિશ્વધર્મ પરિષદમાં જવા માટે આપેલો સ્પષ્ટ નિર્ણય**

માર્ચ ૧૮૯૮ની સાલમાં કૉલકાતામાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળેલો. હજારો લોકો આ મહામારીનો ભોગ થઈ પડયા અને પોતાનાં ઘરબાર છોડીને બીકના માર્યા ભાગી જવા માંડયા. દુ:ખી લોકોના દર્દે સ્વામી વિવેકાનંદના હૃદયને વીંધી નાંખ્યું. તેમણે મઠના સાધુ સંન્યાસીઓ અને શિષ્યોને સેવાકાર્યમાં જોડી દીધા. આ સેવાકાર્ય માટે મઠની પાસે પૂરતા પૈસા ન હતા. સ્વામી વિવેકાનંદે તેમના ગુરુભાઈઓને કહ્યું કે આપણે હમણા મઠ માટે જે જમીન ખરીદી છે તે જરૂર પડયે વેચી દઈશું. આપણે તો બધા સાધુઓ જ છીએ. આપણે બધાએ અગાઉ જેમ ભીખ માંગીને રહેતા તેમ રહેવાની અને ઝાડ નીચે સૂવાની તૈયારી પણ

રાખવી જોઈએ. આટલા બધા હજારો લોકો આપણી સમક્ષ પીડાઈ રહ્યા છે ત્યારે આપણે પોતાના મઠ અને આપણી જમીનની દરકાર ન કરવી જોઈએ. સ્વામીજીનું વ્યક્તિત્વ એટલું તો પ્રભાવિત હતું કે તેમના આ વિચારને બદલવો સહેલો ન હતો. તેમના ગુરુભાઈ શિવાનંદજીને વિચાર આવ્યો અને તેમણે સ્વામીજીને કહ્યું કે તમે અગત્યની વાતોમાં હંમેશા માના અભિપ્રાય પ્રમાણે કરતા આવ્યા છો તો આ મઠની મિલકત વેચી દેવા માટે માનો અભિપ્રાય નહીં પૂછો! સ્વામીજીએ તરત જ જવાબ આપ્યો, હા, તારી વાત સાચી છે, ચાલો આપણે અત્યારે જ મા પાસે જઈએ. સ્વામી વિવેકાનંદ તેમના ગુરુભાઈઓ સાથે મા પાસે પહોંચી ગયા. માને પ્રણામ કર્યા બાદ સ્વામીજીએ માની સમક્ષ હકીકત રજૂ કરી અને કહ્યું કે અમે તમારી મંજૂરી લેવા આવ્યા છીએ. માએ હંમેશાં સ્વામીજીના બધા જ પ્રોજેકટોમાં સહકાર આપેલો. પરંતુ આ બાબતમાં સ્વામીજીના વિચાર સાથે સહમત ન થયાં. તેમણે કહ્યું, દીકરા, નાઆ મઠની મિલકત તું વેચી શકે નહીં. આ મઠ તારો નથી. તે તો ઠાકુરનો છે. તમે બધા તો ઝાડ નીચે રહીને આખી જિંદગી પસાર કરી શકવા સમક્ષ છો પરંતુ જે શિષ્યો ભવિષ્યમાં આવશે તે લોકો ઝાડ નીચે રહી શકશે નહીં. આ મઠ તે લોકો માટે છે. આ મઠ જે હેતુ માટે નિર્માણ થવાનો છે તે માત્ર એક રાહતકાર્યથી પૂરું થઈ જશે? ઠાકુરનું આ મિશન શરૂ કરવા પાછળના ઘણા હેતુઓ છે.ભવિષ્યમાં તેમના સંદેશાઓ આખી દુનિયામાં ફેલાશે અને યુગો સુધી તેની અસર ચાલુ રહેશે. સ્વામીજી તરત જ માતાજીનો આ નિર્ણય સાંભળીને, આનંદથી સ્વીકાર અને સમજીને, માને પ્રણામ કરીને નીકળી ગયા.[૧૦] સ્વામીજીએ ત્યારબાદ ગુરુભાઈઓને કહ્યું! માની વાત સાચી છે! મને મઠની જમીન વેચવાનો કોઈ હક નથી. ગરીબ લોકોનાં દૂ:ખોને દુર કરવાની લાગણીમાં તણાઈ જવાથી મને આ વિચાર આવેલો. પછીથી સ્વામીજીએ આનંદપૂર્વક માના નિર્ણયનો સ્વીકાર કરી લીધો.

બીજો પ્રસંગ ૧૯૦૧ ની સાલમાં બનેલો. સ્વામી વિવેકાનંદે બેલુર મઠમાં દુર્ગાપૂજાનું આયોજન કરેલું ત્યારનો. બંગાળમાં દુર્ગાપૂજા નિમિત્તે પશુ! બલિદાનની જે પ્રથા ચાલી આવેલી તે તેમને બેલુર મઠમાં યોજાનારી દુર્ગાપૂજામાં પણ ચાલુ રાખીને આયોજન કરેલું. સ્વામીજી આ અંગે માની સંમતિ લેવા ગયેલા. માએ તરત જ સંમતિ આપતાં કહેલું કે દીકરા ચોક્કસ પૂજા કરો, શકિતની પૂજા કર્યા વગર આ દુનિયામાં કશું જ થઈ શકતું નથી પરંતુ દીકરા આ પૂજામાં તમે પશુ! બલિદાન ન આપતા. તમે બધા સાધુઓ છો. સંન્યાસ, સંસ્કાર ગ્રહણ કરતી વખતે તમે બધાએ દુનિયાનાં બધાં જ પ્રાણીમાત્રને અભયદાન આપવાનું વ્રત લીધેલું છે.

આમ, માએ સ્વામીજીને સંન્યાસવ્રતની યાદ કરાવીને પશુબલિદાન ન કરવાની સૂચના આપી અને સ્વામીજીએ તુરત જ માની ઇચ્છાને માથા પર ચઢાવીને પોતે લીધેલા નિર્ણયમાં ફેર કરેલો.[૧૧]

**કોમળ હૃદય :** આ પ્રસંગ છે બેલુર મઠના રસોડાને લગતો. એક વખત રસોડામાં કામ કરતા રસોઇયાએ કોઈક વસ્તુની ચોરી કરી તેથી સ્વામી વિવેકાનંદે તેને નોકરીમાંથી કાઢી મૂકયો. આ રસોઇયાએ મા પાસે જઈને પોતાના કુટુંબની ગરીબ હાલત અને જરૂરિયાતોની આપવીતી કહી સંભળાવી. તે સાંભળીને માનું હૃદય દ્રવી ગયું અને સ્વામી પ્રેમાનંદ માના આશીર્વાદ લેવા આવ્યા ત્યારે તેની સાથે રસોઇયાને પાછો મોકલીને સ્વામીજીને સંદેશો કહેવડાવ્યો કે તમે બધા તો ઘરબાર વગરના સંન્યાસીઓ છો, તમે તો ઝાડ નીચે પણ જે કાંઈ મળે તે ખાઈ-પીને રહી શકો છો પણ આ રસોઇયો બહુ જ ગરીબ છે તેને તમે પાછો નોકરીમાં રાખી દેશો.[૧૨]

**જડ નિયમ બંધનોથી પાર :** આ પ્રસંગ બનેલો જ્યારે સ્વામી શિવાનંદ મહારાજ બેલુર મઠના પ્રેસિડન્ટ હતા ત્યારનો.એક વખત એક બ્રહમચારીએ કંઈક અજુગતું કામ કરેલું તેથી તેને સ્વામીજી મઠમાંથી કાઢી મૂકશે એ બીકે કોઈને પણ કહ્યા વગર, કપડાંલત્તાં લીધા વગર, પગે ચાલતા જયરામવાટી મેલાં કપંડા અને લુખ્ખા વાળ લઈને મા પાસે પહોંચી ગયા. બ્રહમચારી પાસેથી બધી વાત સાંભળીને તેમણે બેલુર મઠમાં સ્વમીજીને પત્ર લખાવ્યો કે, આ બ્રહમચારીએ કંઈક અપરાધ તો કર્યો છે તો દીકરા, મા કોઈ દિવસ કંઈ દીકરાનો દોષ જુએ ખરી, એને કંઈ કહેતો નહી. વળતી ટપાલે સ્વામીજીનો જવાબ આવ્યો કે તમે એ બ્રહમચારીને મોકલી આપશો. હું એને નહીં વઢું. મઠમાં પહોંચતાં જ સ્વામીજી એને ભેટી પડયા અને કહ્યું. બેટા, તું મારી સામે ફરિયાદ કરવા માટે હાઈકોર્ટ સુધી પહોંચી ગયો હતો?[૧૩]

સાલ ૧૯૧૯ માં બાંકુડા જિલ્લામાં ભયંકર દુષ્કાળ પડેલો ત્યારનો આ પ્રસંગ છે. રામકૃષ્ણ સંઘના સાધુઓએ દુષ્કાળ પીડિત લોકો માટે કામ શરૂ કરેલું. આ કામમાં જોડાયેલા માના એક શિષ્ય તે દિવસનું કામ પતાવીને માના આશીર્વાદ લેવા મા પાસે ગયેલા. માએ ચાલી રહેલાં રાહત કામો વિશે પૂછતાછ કરી. શિષ્યે જણાવ્યું કે તેઓ ગરીબ લોકો, વૃદ્ધો અને ગર્ભાવસ્થા અથવા પ્રસૂતા બહેનો કે જેઓ કોઈ કામ કરી શકે તેમ નથી કે જેઓને કોઈ કામ મળી શકયું નથી તેઓને તેઓ કૂપન આપે છે જે લઈને તેનો નિશ્ચિત દિવસ, જગ્યા અને સમયે ચોખા, દાળ અને કયારેક બહેનોને સાડી પણ આપે છે.જે લોકોને રાહત મળી રહી છે તે ખરેખર લાયક જ છે તે માટે તેઓ ઘરની મુલાકાત પણ કરે છે. એક દિવસ આ

લોકોના ઘરની મુલાકાત માટે જે તે ફળિયામાં ગયા ત્યારે કોઈ પણ વ્યક્તિ એ ઘરમાં હાજર ન હતી. તપાસ કરતાં માલૂમ પડ્યું કે તે બધા એક ખેતરમાં કામ કરવા ગયા છે. હવે તે શિષ્યના શબ્દોમાં જ વાંચીએ. "કયા ખેતરમાં આ લોકો ગયા છે તે જાણીને હું ત્યાં ખેતરમાં ગયો. ઘૂંટણ સુધી કાદવમાં લોકો રોપણી કરી રહ્યા હતા. મને દૂરથી જોઈને એક સ્ત્રી રોપણી કરવાનું છોડી અને ભાગી જઈને અનાજના ઢગલા પાછળ સંતાઈ ગઈ. તપાસ કરતાં જાણવા મળ્યું કે આગલી રાત્રે તે સ્ત્રીએ એક બાળકને જન્મ આપ્યો છે. તે નવજાત બાળકને કપડામાં લપેટીને એક ખૂણામાં મૂકીને તે રોપણીનું કામ કરી રહી છે. આ સાંભળીને દુઃખી હૃદયે આ છુપાઈ ગયેલી બહેન પાસે હું ગયો અને રૂંધાતા કંઠે હું એટલું જ કહી શકયો કે માતું ડરીશ નહીં. તને મળવાપાત્ર અનાજ અમે તને આપીશું જ. આ સાંભળતાં તેનામાં જાણે કે બોલવાની કંઈક હિંમત આવી. બે હાથ જોડીને એ કહેવા લાગી, બાપુબહુ મુશ્કેલીમાં છું. આજે જો હું કામ કરું તો મને બશેર અનાજ મળે. એ માટે નછૂટકે મારા નવજાત બાળકને લઈને હું કામ કરવા આવી છું. "આ સાંભળીને મા હચમચી ગયાં. તેમણે કહ્યું" આ પ્રસૂતા આવા નવજાત બાળકની સાથે ખેતરમાં કેવી રીતે કામ કરી શકે?, પછી મને માએ કહ્યું કે, બેટા, તેં નક્કી કરેલા નિયમમાં છૂટછાટ લઈને જે નિર્ણય લીધો તે સારું જ કર્યુ. ઠાકુર તારું કલ્યાણ કરશે"[૧૪]

સામાન્ય રીતે જેની પાસે પૈસા ન હોય તેને ગરીબ કહેવામાં આવે છે. જ્યારે માએ ગરીબ શબ્દની વ્યાખ્યા સ્પર્શી જાય એ રીતે આપેલી છે. આશ્રમમાં ગરીબ માણસો માટે ચાલતી હૉસ્પિટલો કે સ્કૂલોમાં સેવાઓનો લાભ લેવા તત્પર પૈસાપાત્ર લોકો, ગુરુની સેવામાં પૈસા ખર્ચવા પડશે એવા વિચારથી ગુરુની માંદગી વખતે પૈસાપાત્ર ભકતનું ગુરુને મળવાનું ટાળવાના પ્રસંગે શિષ્યોએ આવા લોકો માટે કરેલી ટીકાઓ અને વ્યકત કરેલા દુઃખદર્દને માએ કહેલું કે આવા લોકો પણ પૈસાની રીતે નહીં પરંતુ ભાવના અને લાગણીથી ગરીબ છે માટે તેઓનો પણ તિરસ્કાર ન કરતાં માંગેલી મદદ આપવી જ જોઈએ.[૧૫]

આશ્રમનો વહીવટ સારી રીતે સંભાળવા ઘણી વાર સાધુ-બ્રહમચારીઓને સીધાસામગ્રીની ખરીદી કરવા શહેરના મોટા બજારમાં જવું પડતું. જ્યારે તેઓ તેમનું કામ પૂરું કરીને પાછા ફરતા ત્યારે બહુ મોડું થઈ જતું. મા આશ્રમના બીજા બધા સભ્યોને તેમનું ભોજન પૂરું કરવાની સલાહ આપીને પોતે રસોડામાં જે તે શિષ્યની રાહ જોતાં બેસી રહેતાં. આવો જ બીજો એક પ્રસંગ કૉલકાતાના 'ઉદ્‌બોધન' આશ્રમમાં બનેલો. આશ્રમનો વહીવટ સરળ રીતે ચાલ્યા કરે તે માટે સવારે ઊઠવાનો, પૂજા આરતીનો, નાસ્તા અને જમવાનો , મુલાકાતો વગેરે માટે

નીતિનિયમો બનાવવામાં આવ્યા હતા. આ આશ્રમમાં માતાજી સાથે તેમના શિષ્યો અને સ્ત્રી ભકતો રહેતા હતા. તે ઉપરાંત જરૂર ઊભી થાય ત્યારે બેલુર મઠના રામકૃષ્ણ મિશનના બ્રહ્મચારીઓ પણ બપોરના ભોજન માટે આવતા. આજથી ૧૦૦ વર્ષ પહેલાં બેલૂર મઠના સાધુ બ્રહ્મચારીઓને ખરીદી કરવા કૉલકાતા આવવું પડતું. તે જમાનામાં તેઓની પાસે ન હતી કૉલકાતામાં કોઈ વાહનવ્યવસ્થા કે ન હતી કોઈ બસ કે ટ્રામની સગવડ. આવવા-જવા માટે વાહનવ્યવહાર તરીકે હોડીનો જ ઉપયોગ થતો. વળી હોડીમાં જવા-આવવાનો સમય પણ ગંગામાં આવતી ભરતી-ઓટ કે બપોરના હોડી ચલાવનારના આરામના સમય ઉપર આધારિત રહેતો. એક દિવસ બેલુર મઠથી એક બ્રહ્મચારી માતાજીના આશ્રમમાં ખબર આપ્યા વગર બધાનું ભોજન પૂરું થઈ ગયું પછી જમવા માટે આવ્યા. આથી ત્યાંના વહીવટકર્તાઓ બહુ ચિડાઈ ગયા અને બહુ જોરજોરથી તેમને ધમકાવવા લાગ્યા. માતાજીએ વચમાં પડીને કહ્યું કે મારા દીકરાને જમવાનું બહુ મોડું થઈ ગયું છે. એને જલદી જલદી ખાવાનું આપી દો. મોડું થઈ ગયુ છે અને મારો દીકરો રખડી-રખડીને આવ્યો છે. આ બ્રહ્મચારી મઠનું કામ પતાવીને આશ્રમમાં ભોજન માટે આવ્યા ત્યારે નક્કી કરેલ સમય મર્યાદા સાચવી ન શકેલા ત્યારે બનેલો આ પ્રસંગ છે.[૧૬] આમ સંયુકત કુટુંબોમાં તેમજ સંસ્થાઓમાં મુખ્ય માણસે નિયમોમાં બંધાઈ ન જતાં જરૂર પડે વ્યક્તિ, સમય અને સંજોગો અનુસાર અપવાદો કરવા જરૂરી છે, તેવો વ્યાવહારિક સંદેશો આવા પ્રસંગો દ્વારા મા આપી રહ્યાં છે.

**સફળ નેતૃત્વ એટલે જેનામાં**
નીતિનિયમોનું પાલન કરીને અપવાદ કરવાની વિવેકશકિત હોવી.

**સફળ નેતૃત્વ એટલે જે**
સમયસૂચકતા જાળવીને દીર્ઘદ્રષ્ટિ રાખે છે.

**દીર્ઘદષ્ટિ :** મા શારદાએ દીર્ઘદષ્ટિ વાપરીને લીધેલા નિર્ણય સંદર્ભનો એક પ્રસંગ વાંચીએ. માના જન્મ સ્થળે નવા બંધાયેલાં મકાનો પર ગ્રામપંચાયતે રૂા. ૪નો ચોકીદારી ટૅક્સ લગાડેલો.

પહેલા વર્ષે તો માની ગેરહાજરીમાં તેમના શિષ્યોએ આ ટૅક્સ ભરી દીધેલો. પણ બીજા વર્ષે જ્યારે ટૅક્સ ભરવાનો આવ્યો ત્યારે મા ત્યાં હાજર હતાં. માએ શિષ્યને ટૅક્સ ભરવાની ના પાડી અને કહ્યું કે અત્યારે તો આપણે ટૅક્સના પૈસા ભરવાની વ્યવસ્થા કરી શકશું પણ થોડાં વર્ષો પછી જે બ્રહ્મચારીઓ અહીંયાં રહેતા હશે તેઓએ ભિક્ષા ઉપર જ બધો વહીવટ ચલાવવો પડશે, ત્યારે તેઓને

મુશ્કેલી પડશે. માએ આગ્રહ કરીને પોતાના નામે ટૅક્સ કલેક્ટરને ટૅક્સ માફી માટે અરજી કરાવી. પેલા શિષ્યને માનો આ આગ્રહ સમજી શકાયો નહિ. જોકે એ વર્ષે ટૅક્સ પણ ભરવો પડયો પણ ત્યાર બાદ ધર્માદા ઉપર ચાલતા આશ્રમને ટૅક્સમાંથી મુક્તિ મળી ગઈ.[૧૭] ટીમમાં કામ કરતી વખતે સંસ્થાઓમાં ઘણી વાર સાથીદારોના અભિપ્રાયો જુદા પડતા હોય છે. ક્યારેક કોઈ એક વ્યક્તિ ઉતાવળા અને અધીરા સ્વાભાવને લીધે ટૂંકા ગાળાના લાભાલાભ વિશે વિચારીને સંસ્થાના ઉપરીના લાંબા ગાળાના વિચારો ન સમજી શકવાથી સંસ્થામાં ગૂંચવાડાઓ, મૂંઝવણો અને ક્યારેક સંઘર્ષો પણ ઊભા કરી દે છે. આ પ્રસંગમાંથી માએ સમયસૂચકતા અને દીર્ઘદૃષ્ટિ વાપરીને, આગ્રહ કરીને જે નિર્ણય લીધો તે સફળ નેતૃત્વ માટેનું એક આદર્શ ઉદાહરણ પૂરું પાડે છે.

**સ્વતંત્રતાની સાથે શિસ્તપાલન :** મા શારદા એક બાજુ શિષ્યોને સ્વતંત્રતા આપતાં પણ જરૂર પડે કડક શાસન પણ કરતાં. સાલ ૧૯૧૯માં દુર્ગાપૂજાના પંદરેક દિવસ પહેલાં જે આશ્રમમાં રહેતાં હતાં ત્યાંથી ચાર બ્રહ્મચારીઓ ત્યાંની રજા લીધા વગર કાશીયાત્રા કરવા નીકળી પડયા અને રસ્તામાં માતાજીને પ્રણામ કરવા ગયા. માએ એમને બેલુર મઠમાં રહેતા બધાના સમાચાર પૂછયા અને આવતાં પહેલાં મઠના અધ્યક્ષ સ્વામી શારદાનંદની રજા લીધી છે કે નહીં તે પણ પૂછયું. તેઓએ જવાબ આપ્યો. "ના મા, પરમ દિવસે સાંજે અમે મઠથી નીકળી રોડ પર ચાલતા હતા ત્યાં અમારામાંના એક જણે કહ્યું. આ રસ્તે જતાં કાશી આવે. અને અમે બધાએ નક્કી કયું કે મઠમાં પાછા ન ફરવું પણ અત્યારે જ આ રસ્તે કાશી જવું. તેથી કોઈને કંઈ પણ ખબર આપ્યા વગર અમે ચાલવા માંડ્યું " બધી વાત સાંભળી જરા વિચાર કરી માતાજી સ્પષ્ટ ભાષામાં બોલ્યાં " દીકરાઓ, મારી ઇચ્છા એ છે કે તમે હમણાં જ મઠમાં પાછા જાઓ. થોડા દિવસ પછી દુર્ગાપૂજા છે તેથી મઠમાં ઘણું કામકાજ રહેશે. તેથી તે લોકોને તમારા વગર બહુ અડચણ પડશે. વધુમાં તેમણે ઉમેર્યું મઠમાં રહેવું એ કંઈ ઓછું તપ છે? હજુ થોડા દિવસો પહેલા જ તમે મઠમાં જોડાયા છો. થોડા વખત મઠમાં સાધુ લોકોના સંગમાં રહો. ધીમે ધીમે બધું થઈ રહેશે.[૧૮] આમ શિષ્યોને સ્વતંત્રતા આપવાની સાથે સાથે મા જરૂર પડે શિસ્તપાલનનો આગ્રહ રાખીને કડક શાસન પણ કરતાં.

> **સફળ નેતૃત્વ એટલે જે**
> જે શિસ્તપાલન અને
> સ્વતંત્રતા આપી શકે છે તે.

**બીજી હરોળની તૈયારી :** મા શારદાએ રામકૃષ્ણ સંઘની શરૂઆતથી જ જે જે શિષ્યોમાં ભવિષ્યમાં વિવિધ જવાબદારી ઉપાડી લેવાની શક્તિ હોય તેને ઓળખીને

તેમનું ઘડતર કરવા તેઓમાં વિશ્વાસ મૂકી તેમનામાં રહેલ વિશિષ્ટતાઓની કદર કરીને તેઓને અનુમોદન આપતા થોડાક પ્રસંગો વાંચીએ.

ભવિષ્યમાં રામકૃષ્ણ સંઘમાં દેશ. પરદેશના શિષ્યો આવશે તેઓની સાથે સાધુ બ્રહ્મચારીઓએ અંગ્રેજી ભાષામાં વાતચીત કરવાનું પણ થશે. આ જવાબદારી તેઓ સારી રીતે નિભાવી શકે માટે બીજી હરોળને તે માટે તૈયાર રહેવા મા શારદાએ શિષ્યોને અંગ્રેજી ભાષા શીખવાનો આગ્રહ રાખેલો. આજે એકવીસમી સદીમાં કેટલાક વિકસિત દેશોમાં બીજા દેશની ભાષા ખાસ કરીને અંગ્રેજી શીખવા અને તેમાં વાતચીત કરવાની મનાઈ અને વિરોધ કરવાની વાતો સાંભળીએ છીએ. આ વિચારસરણીને લીધે જે તે દેશનાં બાળકોનું ભવિષ્ય પણ ધૂંધળું જોવા મળે છે ત્યારે ૧૯મી સદીનાં અભણ મા શારદાએ તેમના અર્ધશિક્ષિત ગ્રામીણ શિષ્યોને અંગ્રેજી ભાષા શીખવાનો આગ્રહ કરતાં કહેલું. ઘણા વિદેશી ભકતો આવશે ત્યારે તેમની સાથે અંગ્રેજી ભાષામાં વાતચીત કરવી પડશે. વળી સલાહ આપીને અટકી ન જતાં અંગ્રેજી શિખવાડવા માટે શિક્ષકની પણ નિમણૂક કરી.[૧૯]

**સફળ નેતૃત્વ એટલે જે**
બીજી હરોળને તૈયાર કરવી.

સ્વામી અષેશાનંદજી જેઓ મા શારદાના શિષ્ય હતા તેઓએ વર્ણવેલો આ એક પ્રસંગ છે. મા શારદા સાથેની પહેલી મુલાકાતનું વર્ણન કરતાં તેઓ લખે છે કે "મેં મા શારદાની મહાનતા વિશે સાંભળ્યું ને મેં એમની પાસે જઈને મારી એમની પાસેથી મંત્રદીક્ષા લેવાની ઈચ્છા વ્યકત કરી." એમણે મને કહ્યું. "દીકરા "તું રાખલ (સ્વામી બ્રહ્માનંદ) પાસે નિયમિત સત્સંગ માટે જાય જ છે તે તને મંત્રદીક્ષા આપવા માટે તારા ગુરુ બનવા માટે યોગ્ય જ છે. તું તેની પાસે જાય તને મંત્રદીક્ષા આપી શકે."[૨૦] આ જ પ્રમાણે ઠાકુરના શિષ્ય સુબોધ મહારાજ જે નાના બાળક જેવા હોવાથી બંગાળમાં 'ખોકા' તરીકે ઓળખાતા સુબોધ મહારાજ ભકતને મંત્રદિક્ષા આપવાનું સ્વીકારતા નહીં. કોઈ દીક્ષાર્થી તેમની પાસે આવતા તો તેને તેઓ શિવાનંદજી કે શારદાનંદજી પાસે મોકલી આપતા. ભકતો તેમને દીક્ષા આપવાનું કહે ત્યારે તેઓ કહેતાઃ "હું શું જાણું ? હું તો ખોકા છું . તમે લોકો રાખલ મહારાજ કે મા શારદા પાસેથી દીક્ષા લેજો, એમનો આધ્યાત્મિક ભાવ બહુ ઊંચો છે. એક પણ ક્ષણ રોકાયા વગર ત્યાંથી સરકી જતા." શ્રી માએ આ સાંભળીને ભકતોને કહેલું : "ખોકા, કેમ મંત્ર આપતો નથી .... જેટલા દિવસો સુધી ઠાકુરના પુત્રો છે તેમની પાસેથી જેટલું લઈ શકાય તેટલું લૂંટી લો. પાછળથી મિશનના અધ્યક્ષના આદેશથી ખોકા મહારાજે પૂર્વ બંગાળના પ્રાર્થનાર્થીઓ પર

ખુલ્લા હૃદયે કૃપા વરસાવેલ આમ મા શારદા બીજી હરોળને તૈયાર કરવા સજાગ રહેતાં અને તે માટેનું અનુકૂળ વાતાવરણ પણ ઊભું કરતાં.[૨૧] ઘણી સંસ્થાઓ શુભ આશયથી શરૂ થાય છે પરંતુ થોડાં વર્ષો બાદ સ્થાપકની ગેરહાજરી થતાં તે સંસ્થાનું કામ ધીરે ધીરે ઓછું થતું, બગડતું અથવા તો કયારેક સંસ્થા મૃતપાય થતી જોવા મળે છે. આમ મા શારદાએ વ્યાપક નેતૃત્વશક્તિ દ્વારા પૂરું પાડેલ નેતૃત્વ આપણી સમક્ષ એક આદર્શ ઉદાહરણ બની શકે છે.

માના જીવનમાં નેતૃત્વના ગુણો જેવા કે પ્રેમ, કરુણા, સમદૃષ્ટિ, અંતઃદૃષ્ટિ, દીર્ઘદૃષ્ટિ, સ્થળ, સમય અને સંજોગોને સાનુકૂળ થઈને જડ નીતિનિયમોમાં જકડાઈ ન જતાં અપવાદ કરવાની વિવેકશક્તિ દર્શાવતા અનેક પ્રસંગો છે. ઘણાં વર્ષો સુધી મા શારદાના આ બધા ગુણો જાણે કે પડદા પાછળ છુપાયેલા જ રહ્યા હતા.

સાલ ૧૯૫૩માં જ્યારે મા શારદાના શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે વિશ્વપરિષદ યોજાઈ ત્યારે તેમના જીવન અને સંદેશાઓ વિશે ઘણાબધા પ્રસંગો પુસ્તકો રૂપે પ્રકાશિત થયા. મા શારદાના જીવનવ્યવહારમાં પ્રકાશિત થતી નેતૃત્વશક્તિને દેશ અને દુનિયા ઓળખી શકેલા. મા શરદાના સાચા સ્વરૂપને ઓળખવું એક સામાન્ય માણસની બુદ્ધિ માટે મર્યાદિત છે.

# ૨ અનોખું દામ્પત્ય

જીવનમાં પતિ અને પત્ની બંનેની ભૂમિકા અને અપેક્ષાઓમાં પરિવર્તન જોવા મળે છે. મા શારદા અને શ્રી રામકૃષ્ણ બન્ને ત્યાગી અને વૈરાગી હોવા છતાં અત્યંત આધુનિક પણ હતાં. તેઓ લગ્નગ્રંથિથી જોડાઈને જીવનપર્યંત શાંતિ અને આનંદપૂર્વક પવિત્ર દાંમ્પત્ય જીવન જીવેલાં. આવા દામ્પત્ય જીવન પાછળનું રહસ્ય અને તેમની વિશિષ્ટતાઓ અહીં પ્રસંગો દ્વારા જાણતાં, સમજવાનો પ્રયાસ કરીએ.

## પરસ્પર પ્રેમ અને વિશ્વાસ

શ્રી રામકૃષ્ણનાં અને મા શારદાનાં લગ્ન થયેલાં ત્યારે મા શારદાની ઉંમર ખૂબ નાની હતી. શરૂઆતનાં ૧૨ વર્ષો સુધી બેત્રાણ ટૂંકી મુલાકાતોને બાદ કરતાં તેઓ મળેલાં નહીં. આ સમય દરમિયાન શ્રીરામકૃષ્ણ કૉલકાતાના દક્ષિણેશ્વર મંદિરમાં વિવિધ સાધનાઓમાં ગળાડૂબ રહેતાં હતાં. એ લગ્નગાળામાં સહજીવનની વાત તો દૂર રહી, પણ પત્નીના સમાચાર પણ કોઈ વ્યક્તિ દ્વારા પતિએ પુછાવ્યા ન હતા. એટલું જ નહીં આ સાધનાકાળ દરમિયાન ઘણા અણસમજુ લોકોએ શારદાના પતિ

પાગલ થઈ ગયેલા છે એવી અફવા ફેલાવેલી. કિશોરી શારદા દુઃખી, ભ્રમિત અને શંકાશીલ થવાને બદલે જાતે જ હકીકતની ખાતરી કરવા તેમજ જરૂર પડે, પતિની સેવા કરવા દક્ષિણેશ્વર કાલી મંદિરમાં પહોંચી ગયા. લાંબી મુસાફરીને લીધે તેમને રસ્તામાં તાવ આવી ગયેલો. પત્ની શારદાના શબ્દોમાં કહીએ તો ‘‘હું સીધી જ ઠાકુરના ઓરડામાં ગઈ..... ઠાકુરે જ્યારે મને જોઈ ત્યારે કહ્યું ઠીક, તો તમે આવી ગયા? સારું થયું’’.... મેં મારી ઓરડીમાં-નોબતખાનામાં જવાની ઈચ્છા બતાવી પણ ઠાકુરે કહ્યુંઃ ના, ના, તમે માંદાં છો. ત્યાં તમારી સગવડ સાચવવામાં મુશ્કેલી પડશે. અહીં જ રહો!.... બીજે દિવસે ઠાકુરે મારી સારવાર માટે ડૉકટરને બોલાવ્યા. થોડા દિવસ પછી મને જ્યારે સંપૂર્ણ આરામ થઈ ગયો ત્યારે હું નોબતખાનામાં-મારી ઓરડીમાં ગઈ’’[૧] આમ પત્નીએ વૈરાગી પતિનો અનુપમ પ્રેમ અનુભવ્યો. આજે પતિ અને પત્ની બંને લોકવાયકા સાંભળીને સત્યતાની ખાતરી કર્યા વગર માનસિક રોગથી તો કયારેક છૂટાછેડા લઈ લેતા તો કોઈને આત્મહત્યા કરવાના વિચારો આવતા હોય છે. આ પ્રસંગ પતિ-પત્નીઓને એક અગત્યનો ઉપદેશ આપે છે.

**સુખી દામ્પત્ય એટલે**
અફવાઓથી ભ્રમિત કે શાંકાશિલ બન્યા વગર એકબીજા પ્રત્યે પ્રેમ, વિશ્વાસ અને આદરની ભાવના.

## પરસ્પરના આદર્શોને પરિપૂર્ણ કરવા...

પત્નીની ભૂમિકા ભજવવા આવેલ યુવતી શારદાએ જ્યારે એના યુવાન પતિ રામકૃષ્ણે પ્રશ્ન પૂછયો કે ‘‘તમે મને શું સંસાર માર્ગે દોરી જવા માટે આવ્યા છો?’’ આ નાજુક સવાલનો જરા પણ ખચકાટ વિના મા શારદાએ જવાબ આપ્યો, ‘‘ના રે, હું શા માટે તમને સંસાર માર્ગે દોરી જાઉં? હું તો તમને તમારા ઈષ્ટ માર્ગે જવા માટે સહાય કરવા માટે જ આવી છું’’[૨]

પતિ શ્રી રામકૃષ્ણે પત્ની શારદાની દેવીની આસન પર બેસાડીને પૂજા કરી. તે મા શારદાના શબ્દોમાં વાંચીએ ‘‘મને દક્ષિણેશ્વર આવ્યાને દોઢેક મહિનો થયો હશે ત્યારની વાત છે. પૂજામાં તેમણે મારા પગ ઉપર અળતો લગાડયો, મારા કપાળમાં કુમકુમ લગાડયુ, મારા શરીરે સાડી ઓઢાડી. થોડી વાર પછી મોઢામાં મિષ્ટાન્ન મૂક્યું અને થોડું પાન પણ.’’[૩] પતિએ આ પવિત્ર પૂજાને અંતે મા શારદાને દેવી સ્વરૂપે સમજીને પોતાની જાતને જીવનભરના સાધનાના ફળને તેમજ જપમાળાને દેવીને ચરણે ધરીને, વંદન કરીને સર્વમંગલ માંગલ્ય... નો મંત્ર બોલતા બોલતા



**શ્રી રામકૃષ્ણએ પત્ની શારદાની કરેલી પૂજા**

પ્રણામ પણ કરેલા.

રામકૃષ્ણ તો એક પાઈ પણ પોતાની પાસે રાખતા નહીં. અરે, પૈસાને અડી શકતા પણ નહિ. લક્ષ્મીનારાયણ નામના એક શ્રીમંત વેપારીએ શ્રી રામકૃષ્ણને ૧૦,૦૦૦ રૂા. તેમને જોઈતી ખાવા. પીવા તથા અન્ય વસ્તુઓ ખરીદવા માટે આપ્યા. ઠાકુરે તો એ પૈસા લેવાની ચોખ્ખી ના પાડી દીધી તો પણ વેપારી તો તેમને આગ્રહ જ કરતો રહ્યોઃ રામકૃષ્ણને મા શારદાની કસોટી કરવાનું મન થયું. એમણે મા શારદાને બોલાવ્યાં અને કહ્યુંઃ ''આ લક્ષ્મીનારાયણ મને પૈસા લેવાનું કહે છે. હું તો પૈસા લઈ શકતો નથી એટલે એ આ દશ હજાર રૂપિયા તમને સોંપવા માગે છે.'' માતાજી કહેઃ ''તમે તે કેવી વાત કરો છો? હું એ પૈસા લઉં તો તમે લીધા બરાબર જ કહેવાય. એવું તે કોઈ દિવસ બનતું હશે?''[૪]

**સુખી દામ્પત્ય એટલે**
પરસ્પરના આદર્શોને પૂરા પાડવામાં એકીબીજાને મદદરૂપ થવું.

## વિનોદભર્યું દામ્પત્ય જીવન

વિનોદ ભર્યા દામ્પત્ય જીવનનો આ એક પ્રસંગ છે. સ્ત્રીભકત ગૌરીમા ત્યારે તાજેતરમાં જ દક્ષિણેશ્વર આવતાં ત્યારે કોઈક વખત નોબતખાનામાં માતાજીની સાથે રહી પણ જતાં. એક દિવસ ત્યાં જઈ મજાકમાં ઠાકુરે ગૌરીમાને પૂછયુઃ ''કહે તો, ગૌરીદાસી અમારા બેમાં તું કોને વધારે ચાહે છે?'' ગૌરીમા પણ વિનોદી હતાં, સીધો જવાબ ન આપતાં, એમણે એક ગીત ઉપાડયુ, જેનો ભાવાર્થ છે ''ઓ વાંકાબંસીધારી, ઓ ત્રિભંગી બંસીધારી, રાધા કરતાં તમે મહાન નથી. લોકો સંકટમાં પડે ત્યારે મધુસૂદનને પુકારે છે પણ તમે જ્યારે સંકટમાં પડો છો ત્યારે વાંસળીમાં ''આ કિશોરી રાધા એવું વગાડીને રાધાને બોલાવો છે.''[૫] આમ આ દંપતી મોજમજા, ઠઠ્ઠા મશ્કરીની સાથે રસિકતાપૂર્વક, વિનોદ કરતાં કરતાં એકબીજાને અને સંપર્કમાં આવતા દરેકને આનંદ આપતાં.

**સુખી દામ્પત્ય જીવન એટલે**
વિનોદથી ભરપૂર જીવન.

## સાંસારિક અધિકારોની જાળવણી

એક દિવસ શ્રીરામકૃષ્ણે શારદાને પૂછયું '' હું તમારો પતિ છું એટલે કે આ દેહ ઉપર તમારો અધિકાર છે....'' એટલું જ નહિ આઠ-આઠ મહિનાઓ સુધી તેમને દક્ષિણેશ્વરની રૂમમાં સહશયન પણ કર્યું.[૬] આ અદ્વિતીય પતિ-પત્નીમાં શરીર સુખની કોઈ ઈચ્છા ન હોવાથી તેમને પોતાનું કહી શકાય તેવુ એક પણ બાળક ન હતું. હિન્દુ સમાજમાં નારીજીવનની સાર્થકતા માતૃત્વમાં સમાઈ જાય છે. જો કોઈ પરિણીત સ્ત્રી બાળકની મા ન બની હોય તો તેવી સ્ત્રીઓની હાજરી શુભ પ્રસંગોએ અપશુકનિયાળ માનવામાં આવે છે. શારદાના ગામમાં અડોશપડોશની સ્ત્રીઓની ગપસપ સાંભળીને માતા માતૃશ્રી દુઃખી થતાં. વળી કયારેક કહેતાં કે ''મારી દીકરીનાં લગ્ન એવા એક પાગલ સાથે થયેલાં છે કે જેથી મારી દીકરી ન તો તેની ગૃહસ્થી વસાવી શકી કે ન થયાં એને બાળકો. એને મા શબ્દ સાંભળવાનું સૌભાગ્ય પણ ન મળ્યું''. સાસુમાના આવા ખેદભાર્યા ઉદ્‌ગારો સાંભળી એક દિવસ રામકૃષ્ણે કહેલું,'' આ માટે તમે દુઃખી નહિ થતાં, તમે એક દિવસ જોશો કે તમારી દીકરીને એટલાં બધાં બાળકો 'મા', 'મા'કહીને બોલાવશે કે તમે ગભરાઈ જશો, એક દિવસ દક્ષિણેશ્વરમાં મા શારદા જ્યારે પતિ સાથે રહેતા હતા ત્યારે તેમને ગામની અડોશપડોશની બહેનોની ગપસપથી તેમની માને થતું દુઃખ યાદ આવી ગયેલું, જોકે આ વિશે તેમણે કોઈને પણ વાત નહોતી કરી. સમજુ રામકૃષ્ણે પત્ની પાસે જઈને કહેલું ''તમે ચિંતા શા માટે કરો છો? ભલભલી અઘરી તપસ્યા

કરવા છતાં પણ ન મળે એવા હીરા જેવા પુત્રો હું તમને આપતો જઈશ. પછી તમે જોશો કે આ બધા દીકરાઓ તમને ‘મા’, ‘મા’ કહીને તમને બોલવશે કે તમે મૂંઝાઈ જશો.’’[૭]

## માલિકવૃત્તિનો અભાવ

પતિની સગવડો અને સેવામાંથી મુકત થવું મા શારદાને માટે ખૂબ દુઃખદાયક બનતું. છતાં પણ જરૂર પડે ભકતો માટે સેવાનો માર્ગ મોકળો કરી આપતા. શ્રી રામકૃષ્ણમાં અપાર ભક્તિ ધરાવતાં સ્ત્રીભકત ગુલાબમાના આવ્યા પછી એક વાર ઠાકુરે તેમને એ કામ કરવાનું કહયું. ત્યારથી મા દરરોજ થાળી પીરસીને ગુલાબ માના હાથે જ થાળી મોકલતાં થયાં. અગાઉ આખા દિવસમાં ઓછામાં ઓછા એક વખત તો મા પતિશ્રીનાં દર્શન કરી શકતાં પણ આ વ્યવસ્થાને લીધે તે પણ બંધ થઈ ગઈ.[૮]

દક્ષિણેશ્વરમાં મા શારદા અને પતિશ્રી રામકૃષ્ણના રહેઠાણ વચ્ચે માત્ર ૭૫ ફૂટ જેટલું અંતર હોવા છતાં મહિનાઓ સુધી પતિનાં દર્શન પણ ન થતાં. મા શારદા પોતાની નાનીશી કોટડીમાં બેઠાં બેઠાં પતિ અન્ય શિષ્યો સાથે ભજન, કીર્તનનો આનંદ લૂંટતાં સંભળાય ત્યારે કોઈ પણ ફરિયાદ, કચવાટ કે બબડાટ કર્યા વગર પોતાના મનને પતિમાં જ પરોવાયેલું રાખીને પતિની સગવડો પૂરી પાડતાં અને પતિના આનંદમાં આનંદ માણતાં. નહિ કોઈ માલિકીવૃત્તિ, નહિ કોઈ ફરિયાદ, કે નહિ કોઈ ઈર્ષા, શંકા કે સ્પર્ધા.

**સુખી દાંમ્પત્ય એટલે**
માલિકી વૃત્તિનો ત્યાગ

## વ્યક્તિ સ્વાતંત્ર્યની જાળવણી

મા શારદા એમના માતૃત્વના અધિકાર ઉપર તેઓ કોઈની પણ ખુદ પતિની પણ દખલગીરી ચલાવી લેતાં નહીં. આ પ્રસંગો ઠાકુરના યુવાન શિષ્યોની સાધના દરમિયાન ખાવાપીવા અંગેના છે. શ્રી રામકૃષ્ણના યુવાન ભકતો કયારેક દક્ષિણેશ્વર રહી જતાને ગુરુના ઉપદેશ પ્રમાણે સાધનામાં મગ્ન રહેતા. રાતે વધારે ખાવાથી ધ્યાનમાં વિધ્ન થાય એમ જાણી ગુરુદેવ શિષ્યોના ખાવા ઉપર કડક નજર રાખતા અને તે પ્રમાણે માને શિષ્યોને પીરસવાનું સૂચન કરતા પરંતુ માને પોતાના માતૃભાવ ઉપર પતિનું આવું દબાણ ગમતું નહીં. તે તો સૌને ભૂખ પ્રમાણે ખવડાવતાં. શિષ્ય બાબુરામ  કે જેણે ચાર રોટલી ખાવાની સલાહ આપેલી તેની પાસે ગુરુદેવે એક વાર સાંભ્ળ્યું કે એ રાતના પાંચથી છ રોટલીઓ ખાય છે અને તે માટે મા જ જવાબદાર છે. આ સાંભળીને શ્રીરામકૃષ્ણ પત્ની શારદા પાસે જઈને

ફરિયાદ કરી કે : ''આવા ખોટા લાડ કરવાથી છોકરાઓનું ભવિષ્ય બગડશે.'' માએ આનો વિરોધ કરી કહ્યું : ''એણે બે રોટલી વધારે ખાધી હોય તેને માટે તમે શા માટે આટલી ચિંતા કરો છો. એમનું ભવિષ્ય હું જોઈશ, ખાવા માટે એમને ન વઢતા'' એટલે વધુ કંઈ ન બોલતા. મનમાં સર્વ વિજય માતૃશક્તિને માન આપી ઠાકુર હસતે મોઢે તરત પાછા ચાલ્યા આવ્યા.[૯] જ્યારે ઠાકુર પાસે ઘણા ભકતો આવવા લાગ્યા અને ફળ અને મીઠાઈ ધરાવવા લાગ્યા ત્યારે તેઓ બધું મા પાસે મોકલી આપતા, મા શારદા ઠાકુર માટે એમાંથી થોડુંક રાખી, ભકતોમાં અને પાડોશના છોકરાઓમાંવહેંચી દેતાં. તેમની પાસે જ કોઈ ભકતો આવતા તેઓનો આદર સત્કાર કરતાં અને કોઈને પણ જમ્યા વિના જવા ન દેતાં, આ બાબતમાં તેમનો હાથ છૂટો હતો. પત્નીનો ઉદાર સ્વભાવ જાણતા હતા તેથી એક દિવસ સહજ રીતે કહેવા લાગ્યાઃ '' આટલો છૂટો હાથ રાખશો તો કેવી રીતે પહોંચી વળશો?'' એ સાંભળતાં વેંત મા કંઈ પણ બોલ્યાચાલ્યા વિના પોતાની ઓરડી તરફ પાછાં ફર્યાં, એ જોઈ શ્રીરામકૃષ્ણ અસ્વસ્થ થઈ ગયા અને ભત્રીજા રામલાલને કહ્યુંઃ ''ઓ, રામલાલ જલદી જઈને તારી કાકીને શાંત કરી આવ, એ ગુસ્સો કરશે તો પોતાનુ બધુ જ ક્રાર્યું કાર્ય ધૂળમાં મળી જશે.''[૧૦]

**સુખી દામ્પત્ય એટલે**
એકબીજાના વ્યકિત સ્વાતંત્ર્યને માન આપવું.

## પરસ્પરની ગરિમા અને ગૌરવની જાળવણી

માની ઉંમર શ્રીરામકૃષ્ણની ઉંમર કરતાં ખૂબ નાની હતી. વળી તેમનો સ્વભાવ લજ્જાળુ, નમ્ર અને શાંત હતો. તેમનાં કુટુંબીજનો તેમજ સાથે રહેતા શિષ્યો અને ભકતો, મા શારદાના અસલી સ્વરૂપને ઓળખી શકતાં ન હતાં. આ લોકો પત્ની શારદાની અવગણના કે અપમાન ન કરી બેસે અને તેની ગરિમા અને ગૌરવ સચવાઈ રહે તે માટે પતિ શ્રી રામકૃષ્ણ હંમેશાં જાગૃત રહેતાં. તેઓનાં લગ્ન થયાં ત્યારે મા શારદા છ વર્ષની એક નાની બાલિકા હતાં. જ્યારે તેઓ તેર વરસનાં થયાં ત્યારે પહેલી વાર શ્વશુર ગૃહે રહયાં હતા. તે વખતે યુવાન રામકૃષ્ણે સરળ સ્વભાવની કિશોરી શારદાને ગૃહજીવનની - નાની વસ્તુઓ, જેવી કે રસોડામાં જરૂરિયાત પ્રમાણે વસ્તુઓની ગોઠવણી કેવી રીતે કરવી, ફાનસની દીવાની વાટ કેવી રીતે સંકોળવી, પાન કેમ બનાવવાં,

**સુખી દાંમ્પત્ય એટલે**
એકબીજાના ગરિમા અને ગૌરવને જાળવીને તેમની વિશિષ્ટ શકિતઓની કદર કરવી

વડીલો પ્રત્યે આદરભાવ તેમજ અતિથિની સેવા વગેરે બાબતોની સમજ ઋજુતાથી અને માવજતપૂર્વક આપેલી.[૧૧] આવી નાનીમોટી દરેક બાબતોમાં અપૂર્વ કેળવણી પત્નીને મળી, આવી રીતે અમૂલ્ય શિક્ષણ મળવાથી એ સરળ, પવિત્ર, ધર્મનિષ્ઠ, પતિવ્રતા ગ્રામ્ય બાળાએ પાછળથી સ્ત્રી ભકતોને કહયું " ત્યારથી મને એમ અનુભવ થતો કે મારા હૃદયમાં જાણે કે આનંદનો એક પૂર્ણ કળશ સ્થપિત થઈ રહેલ છે. તે ધીર, સ્થિર અને દિવ્ય ઉલ્લાસથી મારું અંતર કેવી રીતે ભરેલું રહેતું તે શબ્દોથી ન સમજાવી શકાય.[૧૨] સમાજમાં કેટલા પતિઓ આ રીતે પત્નીઓનું સન્માન સાચવવા પ્રયત્નશીલ હશે?

રામકૃષ્ણે મા શારદાની ગરિમા અને ગૌરવ સાચવતો આ એક બીજો પ્રસંગ છે. એક દિવસ દક્ષિણેશ્વરમાં માતાજી ખાવાની થાળી શ્રીરામકૃષ્ણના ઓરડામાં મૂકીને પાછાં જતાં હતાં ત્યારે ઠાકુરને લાગ્યું કે એમની ભત્રીજી લક્ષ્મી ખાવાનું આપીને પાછી જઈ રહી છે. તેથી તેમને કર્હ્યું, "બારણું બરાબર બંધ કરતી જજે."માતાજીએ તે સાંભળીને જવાબ આપ્યો : "હા. બરાબર બંધ કર્યું છે" માતાજીનો અવાજ સાંભળતાં સંકોચ પામીને કહ્યું. અરે તમે! મને થયું કે લક્ષ્મી આવી છે મનમાં કંઈ ન લાવશો અજાણે તુકારો થઈ જવાથી તેમને એટલો બધો સંકોચ, શરમ અને પસ્તાવો થયો કે બીજે દિવસે માની ઓરડી પાસે જઈને માતાજીને કહ્યુંઃ જુઓને, મને આખી રાત ઊંઘ ન આવી, મનમાં એમ જ થતું હતું કે આવી તોછડી વાત કેમ કરી?[૧૩] આપણા સમાજમાં મોટેભાગે પતિને અને વડીલોને 'આપ' કે 'તમે' જેવો માનવાચક શબ્દથી અને ઉંમરમાં સરખેસરખા લોકો સાથે, મિત્રોમાં, નાની ઉંમરના તેમજ પત્ની માટે 'તું' શબ્દથી સંબોધાય છે. બંગાળમાં પતિ અને વડીલો માટે આપની સરખેસરખા લોકો તેમજ મિત્રો માટે 'તુમિ' અને પત્ની તેમજ નાની ઉંમરના લોકો માટે 'તુંઈ' શબ્દથી સંબોધન કરવામાં આવે છે. આ દંપતીએ હંમેશાં એકબીજાને સમાન એવા 'તુમિ' શબ્દથી જ સંબોધ્યાં છે. એટલે જ્યારે ઠાકુરે અજાણતામાં પત્ની શારદાને તેમની નાની ઉંમરની ભત્રીજી સમજીને 'બારણું બરાબર બંધ કરતી જજે' એવા શબ્દોથી સંબોધ્યા, તેનું ભાન થતાં પત્ની પાસે જઈને પ્રશ્ચાત્તાપ વ્યકત કર્યો. શ્રી મા તેમના શિષ્યોને કહેતાં કે "હું એવા પતિને પરણી છું કે જેણે કદી પણ મારો અનાદર કર્યો નથી અરે, ફૂલથી પણ મારા ઉપર ઘા કર્યો નથી"[૧૪]

આવો જ એક પ્રસંગ શ્રી રામકૃષ્ણના શિષ્યા યોગીનમાં સાથે બનેલો. તેમને મા શારદાનો સાંસારિક વ્યવહાર જોતાં કોઈ કવાર તેમને શંકાકુશંકાઓ થયા કરતી. એક દિવસ તેઓ જ્યારે ગંગા કિનારે ધ્યાન ધરતા હતા ત્યારે એક નવજાત

બાળકનું શબ અને તેની આસપાસ ઓર અને નાડ વીંટાળેલું તેમણે જોયું. સાથે ઠાકુરને પણ પોતાની સામે ઊભેલા જોયા. ઠાકુરે કહ્યુંઃ શું ગંગા આ બાળકના શબથી અપવિત્ર બની જશે? મા શારદાને પણ ગંગા જેવા પવિત્ર જાણો. તેમના વિશે શંકાઓ ન સેવો તેઓ મારી સાથે એકરૂપ છે.[૧૫] આવી જ રીતે ભાણેજ હૃદયરામ અવારનવાર મા શારદાનું આપમાન કરતા. એક વખત શ્રીરામકૃષ્ણે તેને માતાજીના સાચા રૂપની ઓળખ આપીને ચેતવણી અને ઠપકો આપતાં કહેલું અરે રે હૃદે! તું આની સાથે (પોતાના શરીર તરફ આંગળી ચીંધી) તુચ્છાકારથી વાતો કરે છે પણ આમની (માતાજી) સાથે નહીં કરતો. આની અંદર જે છે તે ફણા ઊંચી કરશે તોય તને બચાવી શકાશે. પણ એમની (માતાજી)ની અંદર જે છે તે ફણા ઊંચી કરશે તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર પણ તને બચાવી નહીં શકે.[૧૬] પતિએ પત્નીનું કરેલું કટલું મોટું સન્માન!

## પરસ્પરની જરૂરિયાતો, મુશ્કેલીઓ અને માંદગીમાં એકબીજાને પડખે રહેવું

ગામડાના ખુલ્લા વાતાવરણમાં રહેલાં હોવા છતાં, મા શારદા કૉલકાતાના દક્ષિણેશ્વરના મંદિરના નોબતખાનાની એક નાની ઓરડીમાં વર્ષો સુધી રહ્યાં. પાછળથી તેમણે કહ્યું હતુંઃ એમની સેવા કરવા માટે જ્યારે નોબતખાનામાં રહેતી હતી ત્યારે એ નાનકડી ઓરડીમાં જ રહેતા. કેટલું બધું કષ્ટ થતું. એની અંદર વળી કેટલીય ચીજવસ્તુઓ ભરેલી હતી અને રામકૃષ્ણના શિષ્યો પણ ત્યાં જ રહેતા. એ નાનકડી ઓરડીમાં રહેવાનું, જમવાનું એમ બધું જ કરવું પડતું. ઠાકુર માટે ત્યાં જ રસોઈ થતી. તેમને પેટની તકલીફને કારણે મંદિરનો ભોગ ફાવતો નહીં, બીજા ભકતો પણ આવતા એ બધાને માટે માએ રાંધવું પડતું..... શરૂ શરૂમાં તો તે ઓરડીના પ્રવેશદ્વારમાં મારુ માથું બારસાખ જોડે અથડાતું, એક દિવસ તો તે સખ્ત વાગ્યું હતું પણ પછી ટેવ પડી ગઈ, બારણામાં માથુ નીચું થઈ જતું.... આ નાની ઓરડી વસ્તુઓથી ભરેલી રહેતી. ઉપર શીકા ઝૂલતા. તેમાં કેટલીય ઘરગથ્થુ વસ્તુઓ મૂકતી, ન્હાવા અને શૌચ જવાની કેટલી તકલીફ હતી. આવા બંધ વાતાવરણમાં રહેતાં મારી તો તબિયત પણ બગડી ગયેલી....[૧૭] એક વખત તો પરોઢિયે અંધારામાં ન્હાવા જતી વખતે પગથિયા પર સૂતેલા મગર પર મારો પગ પડતાં પડતાં રહી ગયેલો પણ આવી ઘણી જાતની અગવડો અને કષ્ટો તરફ માનું મુદ્દલ લક્ષ્ય ન હતું. પાછળથી ભકતોને આ બધી વાતો કરી. છેવટે કહેતાં કે એમની સેવા માટે કોઈ પણ કષ્ટ,કષ્ટ લાગતું

**સુખી દાંમ્પત્ય જીવન એટલે**
પરસ્પરની જરૂરિયાતો પુરી પાડીને જીવનમાં આવતી મુશ્કેલીઓ અને માંદગીમાં સહાયરૂપ બનવું.

જ નહિ. આખો દિવસ આનંદમાં પસાર થઈ જતો.[૧૮]

બીજી બાજુ પરમ ત્યાગી પતિ રામકૃષ્ણએ પોતાની હયાતી બાદ માનું ગુજરાન કેવી રીતે ચાલશે તે બાબતની ચિંતા એ કરેલી. તેમણે રૂપિયા એમના ગૃહસ્થ શિષ્ય બલરામ બોઝ પાસે ધીરે ધીરે જમા કરાવ્યા. બલરામ બોઝ એ પૈસાનો પોતાના જમીનદારીમાં ઉપયોગ કરી તેમાંથી દર ૬ મહિને ૩૦ રૂા. વ્યાજ માતાજીને મોકલતા હતા.[૧૯]

## ખભેખભા મિલાવીને એકબીજાના પૂરક બનીને

ઉપરછલ્લી રીતે શ્રીરામકૃષ્ણ અને મા શારદા બંનેના જીવનવ્યવહાર અને વર્તન પરસ્પર વિરોધી લાગતાં શ્રી રામકૃષ્ણ હંમેશાં આધ્યાત્મિક સાધનામાં ડૂબેલા રહેતા જ્યારે મા શારદા અનેક જાતની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ નિભાવતા હોવાથી એક સંસારીને છાજે તેવો તેમનો વ્યવહાર દેખાતો. શ્રી રામકૃષ્ણના યુગધર્મ પ્રવર્તનના કાર્યમાં બંનેની ભૂમિકા જુદી જુદી રહી.

મા શારદાની જે ભૂમિકા હતી તે દર્શાવતો આ એક પ્રસંગ છે. શ્રી રામકૃષ્ણ તેમની અંતિમ બીમારી વખતે કાશીપુરમાં રહેતા હતા ત્યારે એક દિવસે શ્રીરામકૃષ્ણે મા શારદાને પૂછયુ તમે શું કાંઈ જ નથી કરવાનાં? આને જ એટલે કે પોતાને જ શું બધું એકલે હાથે કરવું પડશે? ત્યારે મા જવાબ આપે છેઃ હું તો સ્ત્રી છું. હું શું કરી શકું? તેના ઉત્તરમાં ઠાકુરે પોતાની તરફ આંગળી કરી કહ્યું.... આખરે આ શરીરે જે કર્યું છે તમારે આનાથી વધારે કરવું પડશે. વળી બીજીવાર કહ્યુ કે જુઓ. કૉલકાતાના લોકો કીડીઓની માફક અંધકારમાં સબડે છે. તમે એમને સંભાળજો. ફરીથી માતાજી એમની સ્ત્રી જાતની લાચારી બતાવે છે ત્યારે ઠાકુર એમને પ્રોત્સાહન આપે છે અને કહે છે કે તમારે આનાથી ઘણું વધારે કરવું પડશે. આ કંઈ મારા એકલાની જવાબદારી છે.?[૨૦]

**સુખી દામ્પત્ય એટલે**
એકબીજાના પ્રતિસ્પર્ધી ન બનતાં પૂરક બનવું.

મા શારદા, ભકતોના મન ઉપર શ્રી રામકૃષ્ણ અને પોતે એક-જ અભિન્ન છે એવો સંકેત આપતા ઘણા પ્રસંગો છે. માના ભકત માનદાશંકર દાસગુપ્તાને ઈ.સ. ૧૯૧૭ના માર્ચ મહિનાના પત્રમાં લખ્યું હતું કે, શ્રી રામકૃષ્ણ અને તેમની વચ્ચે કાંઈ ભેદ નથી. ફકત બાહ્યરૂપમાં જ ભેદ છે. જે સત્તા શ્રીરામકૃષ્ણમાં છે તે જ તેમના દેહમાં છે.[૨૧] પતિશ્રી રામકૃષ્ણની મહાસમાધિ પછી ૩૪ વર્ષના લાંબા ગાળા સુધી જગવિખ્યાત એવા રામકૃષ્ણ સંઘની

સ્થાપનામાં અને શરૂઆતના દિવસોમાં જ્યારે અનેક દ્વિધાઓ ઊભી થયેલી ત્યારે તે બધાનું સમાધાન કરાવીને અસરકારક નેતૃત્વ પૂરું પાડેલું. આ લેખમાં વર્ણવેલા પ્રસંગો રામકૃષ્ણ મિશનના વિવિધ આશ્રમો દ્વારા પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી લેવામાં આવ્યા છે. રસ ધરાવતા વાચકોએ તે અંગે લેખિકા ડૉ. લતાબેન દેસાઈ, ઝઘડિયાનો સંપર્ક કરવો.

# ૩ સ્ત્રી સશક્તીકરણ

"યા દેવી સર્વ ભૂતેષુ શકિત રૂપેણ સંસ્થિતા...."

માનવ ઈતિહાસ તરફ નજર કરીએ તો પુરાણકારથી દરેક ધર્મમાં સ્ત્રીઓનો શક્તિઓનો પુંજ ગણીને વિવિધ દેવીઓના રૂપે તેમની પૂજા થતી આવી છે. પ્રાચીનકાળમાં ગાર્ગી, મૈત્રી જેવી બ્રહમવાદીની સ્ત્રીઓએ તેમજ ઋષિ પત્નીઓએ આપેલ બૌદ્ધિક પ્રદાન પણ ઊંચું હતું. સામાન્ય રીતે કુટુંબોમાં અને સમાજમાં સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક બનીને શાંતિપૂર્વક કુટુંબ અને સમાજવ્યવસ્થા ચલાવતા હતા. આજના આધુનિક વિજ્ઞાને પણ સ્ત્રીઓમાં રહેલા "XX" રંગસૂત્રો પુરુષોના "XY" રંગસૂત્રો કરતાં વધુ મજબૂત સાબિત કર્યા છે. છતાં આજે સ્ત્રીઓને બિચારી-બાપડી, અબળા માનતા હોવાથી તેને પુરુષો રક્ષણની જરૂર છે એમ માનવામાં આવે છે.

કાળક્રમે એક યા બીજા કારણસર સમાજ, પુરુષ પ્રધાન બનતો ગયો. શક્તિ પૂજા રૂપે જ રહી ગઈ છે. એકાંગી એટલે કે પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા ઉભી થવાના કારણે દેશ અને દુનિયામાં સમતોલપણું ગુમાવવાથી અશાંતિ, હતાશા, નિરાશા, નાનાં,

મોટાં યુદ્ધો વધવા લાગ્યાં. સ્ત્રીઓની શક્તિઓની અવગણના થવા માંડી. છેલ્લી કેટલીક સદીઓથી તેઓ બદતર અવસ્થામાં જીવી રહી છે. તેના તરફ તુચ્છકારનો ભાવ-નકારાત્મક ભાવ દેખાય છે. આજે સ્રીઓને બિચારી, બાપડી, અબળા માનતા હોવાથી તેને પુરુષોના રક્ષણની જરૂર છે એમ માનવામાં આવે છે.

**સ્ત્રીઓની આજની પરિસ્થિતિ માટે, જવાબદાર કોણ?**

આ સવાલનો જવાબ મળે છે કે સ્ત્રીઓની આજની પરિસ્થિતિ માટે સ્ત્રી અને પુરુષ બંને જવાબદાર છે. મોટાભાગના ચિંતનશીલ માણસોને આ પરિસ્થિતિમાં બદલાવ લાવવાની જરૂર લાગે છે. હવે બીજો સવાલ સહેજે મનમાં ઊઠે છે કે આ બદલાવની શરૂઆત કોણ કરશે. આ પરિસ્થિતિ માટે સ્ત્રીઓ અને પુરુષો બંને જવાબદાર છે. માટે બંનેએ તેમની માનસિક ભૂમિકામાં ફેરફાર કરવા પડશે.

**શરૂઆત તુ કર**
તને તો બદલ
ત્યારે આ જમાનો બદલાશે.

સ્ત્રી અને પુરુષે દરેકે શરૂઆત તો પોતાનાથી જ કરવી રહી. આ લેખમાં સ્ત્રીઓની પરિસ્થિતિ બદલવામાં સ્ત્રીઓની શું ભૂમિકા હોઈ શકે, તે પૂરતું જ મર્યાદિત રાખેલ છે.

આ લેખને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે. પહેલા ભાગમાં સ્ત્રીઓને સશકત બનવા નડતા અવરોધો અને મા શારદાએ આ અવરોધોને કેવી રીતે ઓળંગ્યા તે વિશેનું લખાણ છે. બીજા ભાગમાં સ્ત્રી સહજ વિશિષ્ટ ગુણોને કે જેને આધુનિક સ્ત્રીઓ નબળાઈ માને છે તેની મહત્તાની ચર્ચા કરી છે.

મા શારદા એક ગ્રામીણ, અભણ, લજ્જાળુ સ્ત્રી હતી. તેમની હયાતી દરમિયાન તેમના બહુ થોડા શિષ્યો અને ભકતોને જ તેમની સાચી ઓળખ થયેલી. પરંતુ જ્યારે મા શારદાની જન્મશતાબ્દી સમારોહ યોજાયેલો ત્યારે વિશ્વ પરિષદમાં દેશ-પરદેશના અને વિવિધ ધર્મોના ઈશ્વરના ચાહકો, ભકતો અને વૈજ્ઞાનિકોએ ભાગ લીધેલો. આ પરિષદમાં થયેલ ચર્ચા-વિચારણા બાદ તેઓને મા શારદાના જીવનમાં પ્રાચીન-અર્વાચીનની વિરોધાભાસ લાગતી સંસ્કૃતિનો સુમેળભર્યો સમન્વય લાગ્યો. તેમનું તેજસ્વી અને યશસ્વી જીવન સ્ત્રી સશક્તિ કરણનું એક વૈશ્વિક ઉદારહરણ છે તેવો નિષ્કર્ષ એ બધાએ કાઢયો.[૧]

**સ્ત્રીઓને સશક્તીકરણ માટે નડતા અવરોધો જેવા કે,** માનસિક નબળાઈ, શારીરિક નબળાઈ, રૂઢિ-રિવાજોનું જડતાપૂર્વક પાલન, શિક્ષણ અને કૌશલ્ય કુશળતા ઓછી, માહિતી અને જાણકારીનો અભાવ, ટીમમાં કામ કરવાની

અણઆવડતને મા શારદાના જીવનપ્રસંગો દ્વારા તેમને કેવી રીતે દૂર કર્યા તેની વાત કરીશું.

**માનસિક નબળાઈ :** બહેનોમાં રહેલા ખોટા ડર અને સંકોચ, પોચું મનોબળ અને લઘુતાગ્રંથિને લીધે તેઓની શક્તિઓ કુંઠિત થઈ જતી જોવા મળે છે. આજ કારણને લીધે તેઓ પોતાના વિચારો, લાગણીઓ અને મંતવ્યોને સ્પષ્ટતાથી વ્યકત કરી શકતા નથી.

**સ્વાવલંબન :** સામાન્ય રીતે સ્ત્રીઓ બીજી વ્યક્તિ પાસે હાથ લંબાવવાનું પસંદ કરતી નથી. પછી તે આર્થિક મદદ હોય કે રોજબરોજનાં ઘરનાં કામકાજ. આજે ઘણીબધી સ્ત્રીઓ પરાવલંબી બની ગઈ હોય તેવું દેખાઈ રહયુ છે રસોઈ બનાવવી, પોતાનાં બાળકોની અને વડીલોની સંભાળ માટે નર્સરી, તેમજ ઘરડાં ઘરનો ઉપયોગ વધી રહ્યો છે. રાતના ઊંઘમાં બાળકો દખલગીરી ન પહોંચાડે માટે આયાબેન અને મહેમાનો આવે ત્યારે હોટેલોમાં મિજબાની આપતી થઈ ગઈ છે. જાતે મહેનત કરીને રસોઈ કરવામાં, ટી.વી., વીડિયો જોવામાંથી સમય ફાળવીને કે એશઆરામ ઓછો કરીને, કુટુંબના સભ્યોની સંભાળ રાખવામાં ઘણી વાર તેઓ નાનમ અનુભવે છે. પરંતુ કયારેક પતિનું કે પુત્રનું અકાળે અવસાન થઈ જતાં કેટલીક બહેનોનું જીવન એક નરક જેવું બની જાય છે.

મા શારદાના જીવનની વાત કરીએ તો પતિશ્રી રામકૃષ્ણદેવના મૃત્યુ પછી શ્રીમાને કુટુંબમાંથી સંગાથ આપવાવાળું કોઈ નહોતું. શ્રીમાના ભરણપોષણ માટેની જવાબદારી લેવા તૈયાર નહોતું. ભત્રીજા રામલાલે કાલીમંદિરના ખજાનચી વગેરેને સમજાવેલું કે માને તો ભકતો પાસેથી પૂરતા પૈસા મળે છે. વળી, નિઃસંતાન વિધવાને એના કરતાં વધારે પૈસાની જરૂર નહિ હોય. આ કારણસર મંદિરમાંથી માને જે પેન્શનના પૈસા મળતા હતા તે પણ બંધ થઈ ગયેલા. તેમના શિષ્યોએ આ રકમ બંધ નહીં થાય તે માટે પ્રયત્નો કરવા આગ્રહ પણ કરેલો. માએ તે લોકોને કહેલું કે પૈસા બંધ કર્યા છે તો ભલે કર્યા , એ રૂપિયા લઈને હું શું કરવાની?[૨] માએ પોતાનું ગુજરાન ચલાવવા નાની જમીનમાં શાકભાજી અને ડાંગર ઉગાડીને કેટલાક દિવસો વિતાવેલા. પતિના ઘણાબધા શ્રીમંત ભકતો હોવા છતાં માના ઘણા દિવસો એવા ગયા હતા કે ભાતમાં મીઠું નાંખવાના પણ પૈસા ન હોય. ફાટેલી સાડી જોડી જોડીને કયારેક કયારેક માની સાડી ૧૮ ગાંઠવાળી થઈ ગયેલ. આમ ખૂબ કષ્ટ હોવા છતાં પોતાના કષ્ટની વાત કોઈને પણ કહ્યા વગર કે કોઈની પાસે

> **તું સશક્ત બન**
> રોજબરોજની જરૂરીયાતો માટે
> સ્વાવલંબી બનીને

એક પૈસા માટે હાથ ન લંબાવ્યો.

ઘણાં વર્ષો પછીની વાત છે, માના શિષ્ય રાસબિહારી મહારાજ માને મળવા જતા ત્યારે કોઈક વાર માને રોટલી બનાવતા, તો કોઈક વાર ચોખા ખાંડવામાં મદદ કરતાં જોતા હતા. આ પ્રમાણે લગભગ રોજ બનતું. એ જોઈને તેમણે માને પૂછેલું, મા, તમે શા માટે આ રીતે ગુલામી કરો છો? માએ જવાબ આપ્યો, ''આદર્શ બતાવવાને માટે મારા હિસ્સા કરતાં પણ મેં ઘણું વધારે કામ કર્યું છે.''[૩]

**શારીરિક નબળાઈ :** સામાન્ય રીતે બહેનો પોતાની જાતને શરમાળ, કમજોર અને મનથી નબળી માનતી આવી છે. પોતાના રક્ષણ માટે તેઓ પુરુષો ઉપર આધાર રાખતી હોય છે. બહેનો ઉપર થતી ઘરેલુ હિંસા, જાતીય શોષણ, બળાત્કાર, છેડતી વગેરે સામે તેઓ પોતાનું રક્ષણ અને સામનો કરી શકતી નથી. ભણેલી ગણેલી કહેવાતી સશકત, શહેરોમાં રહેતી બહેનોને રાતના સમયે ઘરની બહાર એકલા જવામાં ડર અને સંકોચ થતો જોવા મળે છે. જોકે કુદરતે સ્ત્રીઓમાં એક વિશિષ્ટ અંતઃદૃષ્ટિ આપેલી છે. પરિવારના કે પડોશના જાણીતા પુરુષોના બદઈરાદાને તે ઓળખી જાય છે. પરંતુ શારીરિક અને માનસિક નબળાઈને લીધે સંકોચ અને ડરને કારણે ઘરેલુ હિંસા મૂંગે મોઢે સહન કરતી આવી છે.

**તું સશક્ત બન**
સામાજિક અને ઘરેલું હિંસા સામે
પોતાનું રક્ષણ કરીને

૧૯મી સદીના જૂના જમાનામાં જ્યારે સ્ત્રીઓમાં પડદા પાછળ રહેવું પડતું હતું, રસ્તાઓ પણ વાહન-વ્યવહાર અને વીજળીના અભાવને લીધે સૂમસામ રહેતા હતા ત્યારે તે જમાનામા એક વાર માતાજી ગંગાસ્નાન કરવા માટે કેટલીક સ્ત્રીઓ સાથે ગયેલાં. રસ્તો લાંબો અને નિર્જન હતો.

વચમાં ભયંકર લૂંટારુઓનો પ્રદેશ આવ્યો. માતાજી ચાલતાં ચાલતાં થાકી ગયાં. એમણે બીજી સ્ત્રીઓને તેમની ફિકર કર્યા વગર ઝડપથી આગળ પહોંચી જવાનું કહ્યું,અને પોતે નિર્જન પ્રદેશમાં એકલાં અટુલા ચાલતાં રહ્યા. થોડી વારમાં તો અંધકારમાંથી એક ઉંચો પડછંદ માણસ એમણે પોતાની તરફ આવતો જોયો. એ નજીક આવ્યો ત્યારે માતાજીએ જોયું કે એ ખૂબ કાળો, ઘાટા વાળવાળો અને હાથમાં ડાંગવાળો લૂંટારુ હતો. એણે બીક બતાવવા મોટા અવાજે પૂછ્યું એઈ, આવે વખતે ત્યાં કોઈ ઊભું છે? કયાં જવું છે? પેલો પાસે આવ્યો. માએ હિંમત અને પ્રેમથી કહ્યું. ''બાપુ, મારા સંગાથીઓ આગળ ચાલ્યા ગયા છે. વળી મને લાગે છે કે હું રસ્તો પણ ભૂલી ગઈ છું. મને એમની પાસે લઈ જશો? તમારા જમાઈ

દક્ષિણેશ્વરમાં રાણી રાસમણીના કાલી મંદિરમાં રહે છે. તમે મને એમની પાસે લઈ જશો? એ તમારુ અંતરથી ખૂબ સ્વાગત કરશે.'' એમનું બોલવાનું પૂરું કરે તે પહેલાં જ લૂંટારાની સ્ત્રી પણ આવી પહોંચી. માતાજીએ લાગણી અને ભરોસાથી એનો હાથ પકડીને કહ્યું, ''મા, હું તમારી દીકરી શારદા છું, સારે નસીબે તમે બન્ને અહીં આવી પહોંચ્યાં, નહિ તો હું શું કરત?'' માતાજીની સમયસૂચકતા, હિંમત, નિઃસંકોચપણું, સરળ વર્તન, સંપૂર્ણ ભરોસો તથા વિશ્વાસ અને પ્રેમભરી વાતોથી આ હલકી ગણાતી ''બાગદી'' જાતિના લૂંટારું દંપતીનું હૃદયપરિવર્તન થયું. એ બંને એમનાં જાણે કે માતા-પિતા બન્યાં. એક જ રાતમાં તેઓ ત્રણે જણાં એટલા પરસ્પર નજીક આવી ગયાં કે છૂટા પડવાના વિચારથી ત્રણેયની આંખમાં અવિરત આંસુ વહેવા લાગ્યાં. બીજે દિવસે માને તેમના સંગાથી યાત્રાળુઓ પાસે મૂકવા એમની સાથે દૂર સુધી ચાલ્યાં. રસ્તામાં ખેતરમાંથી લીલા વટાણા ચૂંટી માના પાલવમાં બાંધી આપ્યા અને ગળગળા અવાજે કહ્યું, ''દીકરી શારદા, તું રાત્રે મમરા ખાય ત્યારે સાથે આ વટાણા પણ ખાજે.'' ત્યાર પછી પણ એ બંને ત્રણ વાર દીકરી જમાઈને મળવા કંઈક ને કંઈ ભેટ લઈને દક્ષિણેશ્વર ગયાં.[૪]

આ ઉપરાંત હરીશ નામના એક જાણીતા પુરુષ ભકત દ્વારા જાતીય અત્યાચારના પ્રસંગ વખતે માએ કેવી રીતે પોતાનું રક્ષણ કર્યું તે પ્રસંગ.[૫] 'ક્રાંતિકારી મા'ના પ્રકરણમાં વાંચવા મળશે.

**તું સુંદર છે જ**
સૌન્દર્યવાન બન, સૌને પ્રેમ કરીને
સૌનું કલ્યાણ વાંચ્છીને

**સૌન્દર્યઃ** કુદરતની અદ્ભુત શક્તિઓમાંની એક શક્તિ સૌન્દર્ય છે. સ્ત્રીઓમાં કુદરતે ભરપૂર સૌન્દર્ય બક્ષ્યું છે. પરંતુ ઘણી વાર સ્ત્રીઓ દેહને ભભકાદાર કપડાં અને ઘરેણાંથી શણગારીને પુરુષોના સુખભોગનું સાધન બની જાય છે. પુરુષો કયારેક આવી સ્ત્રીઓ સાથે સુખભોગ ભોગવીને તેને તરછોડી દે છે. આવા બહારના ઠાઠમાઠને ઘણી વાર તેઓ અણસમજમાં સશકત માનતી થાય છે. પરંતુ જ્યારે તેને બહારના સૌન્દર્યની નશ્વરતાનું ભાન થાય છે અને આખું જીવન દુઃખદાયક બની જાય છે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે.

મા શારદાના એક શિષ્યે વર્ણવેલો આ પ્રસંગ છે. એક દિવસ ભભકાદાર કપડાં અને ઘરેણાં પહેરીને એક સ્ત્રી મા પાસે આવી, જે જરા અસ્વસ્થ જણાતી હતી. તેમને સંબોધીને માએ કહ્યું, ''બેટા , ધ્યાનમાં રાખજે, લજ્જા એ સ્ત્રીનું મોટામાં મોટું આભૂષણ છે, ફૂલોની સફળતા, દેવતાને સમર્પિત થાય તેમાં છે. કેટલાક

છેલબટાઉ માણસો ફૂલોને નાકથી જરા તરા સૂંઘીને કહે છે કે કેટલી મીઠી સુવાસ અને બીજી ક્ષણે તેઓ તે ફૂલોને જમીન પર ફેંકી દે અથવા જોડા નીચે કચડીને ચાલ્યા જાય છે.''[૬]

મા બહારની સુંદરતાનાં વિરોધી ન હતાં. નાનપણમાં તેમને પણ ઘરેણાં પહેરવાનો શોખ હતો અને પહેરેલાં પણ. તેમની ભત્રીજી રાની સ્ત્રીસહજ ઘરેણાં-ઝાંઝર પહેરવાની ઈચ્છા થઈ ત્યારે તે તો પૂરી કરી જ પરંતુ (તેનો બહાર દેખાડો ન કરવા) જ્યારે તે એક વખત સીડી ઉતરતી હતી ત્યારે ઝાંઝરના અવાજથી બીજાઓને આકર્ષિત કરવા અથવા તો ખલેલ ન પહોંચાડવા ધીરેથી સીડી ઊતરવા માટે સલાહ આપેલી.

રૂઢિ-રિવાજોનું જડતાપૂર્વક પાલનઃ સામાન્ય રીતે સ્ત્રીઓ પેઢી દર પેઢીથી ચાલી આવતા રિવાજો, અંધશ્રદ્ધ, વહેમ, નાતજાત અને વર્ણભેદ, વિધવાઓ માટે નક્કી કરેલા કઠોર નિયમોમાં છૂટછાટ અથવા બદલાતી પરિસ્થિતિમાં જરૂરી બદલાવ લાવી શકતા નથી. એટલે સાચા અર્થમાં સ્ત્રીઓનું સશક્તીકરણ થઈ શકતું નથી.

**તું સશકત બન**
છોડી મજબૂરી, ધરી મગરૂરી
સદીઓ પુરાણા
હાનિકારક રિવાજોનો વિરોધ કરીને

સામાન્ય રીતે મા શારદા સ્થાપિત રીતરિવાજોની વિરુદ્ધ જઈને કોઈને આઘાત પહોંચાડતા નહીં. પરંતુ દેશાચારને નામે થતાં જુલ્મો અને પ્રાચીન કુરિવાજોનો વિરોધ વ્યકત કરવાના પણ ઘણા પ્રસંગો છે. ૧૦ વર્ષની નાની ઉંમરે લગ્ન કરીને ૧૫ વર્ષની ઉંમરે વિધવા થયેલ એક દીકરીએ પોતાના માથાના વાળ કાપી નાંખ્યા હતા. તેમજ ખાવા-પીવામાં કઠોર નિયમોનું પાલન કરીને એકદમ દુર્બળ થઈ ગયેલી, તે જોઈને માએ એને પૂછ્યુંઃ''બેટા,એકાદશીને દહાડે તું શું ખાય છે?'' મેં ઉત્તર આપ્યોઃ ''પહેલાં હું સાબુદાણા ખાતી, હવે એ હું લેતી નથી.'' આ સાંભળતાવેંત જ મા બોલી ઊઠયાંઃ ''ના, ના, તારે સાબુદાણા ખાવા જ, તારા શરીરને એ શીતળ રાખશે.'' પછી પોતાના અવાજમાં ખૂબ ખિન્નતા સાથે એ બોલ્યાં, ''બેટા, તું ખૂબ વ્રતનિયમો કરે છે, હવે એ ન કરીશ એમ કહું છું. તારું શરીર લાકડું થઈ ગયું છે. તારી તબિયત બગડી જશે તો તું સાધના શી રીતે કરી શકીશ?.[૭] આમ તેને ચીલાચાલુ રિવાજોમાં છૂટછાટ મૂકવાની સલાહ આપેલી. માએ પોતે પણ વિધવા થયા બાદ રૂઢિચુસ્ત સમાજની વચ્ચે અડીખમ રહીને માથાના વાળ કપાવ્યા વગર હાથમાં સુવર્ણનાં કંકણ પહેરવાનું ચાલુ રાખેલું.

લગ્ન સંદર્ભમાં પણ તેઓના વિચારો આધુનિક હતા. એક વાર એક ભકતની દીકરીને લગ્ન કરવાની ઈચ્છા ન હતી તોયે એને લગ્ન કરવાનું દબાણ કરવા માટે એની મા શ્રીમા પાસે આવી. શ્રી માએ એને કહ્યું: ''આખું જીવન બીજાનું દાસત્વ કરી વિતાવવું, બીજાની મનમરજી પ્રમાણે ચાલવું એમાં કંઈ ઓછું કષ્ટ છે ?'' પછી સમજાવીને કહ્યું કે : ''કુંવારી રહેવામાં ઘણો ભય હોવા છતાં જેને લગ્ન ન કરવાં હોય તેને પરાણે પરણાવીને સંસારમાં નાંખવી એ અન્યાય છે.''[૮] એક સ્ત્રી ભકતને તેની દીકરીની ઈચ્છા ન હોવા છતાં જબરજસ્તીથી પરણાવવાનું દબાણ ન કરવા સલાહ આપેલી.

**શિક્ષણ અને કૌશલ્ય ઓછું :** આજના સુધરેલાં કહેવાતાં કુટુંબોમાં મા-બાપ કયારેક દીકરીઓને આગળ ભણવાની ખૂબ ઈચ્છા અને પ્રાથમિક તેમજ સેકન્ડરી શાળામાં  અવ્વલ નંબર લાવતી હોય છે. આમ છતાં મા-બાપ પોતાની જાતિના વગદાર ઘરના છોકરા સાથે અભ્યાસ અધૂરો મુકાવીને પરણાવી દે છે. ઘણાં માતા-પિતા અને રાજકીય નેતા પણ સ્ત્રીઓને ભણીગણીને સ્વતંત્ર રહેતી થઈ જાય તો કુટુંબને લાંછન પણ લગાડી શકે. પુરુષોએ અને સમાજે તો તેઓનું રક્ષણ જ કરવુ જોઈએ તેવી માન્યતા ધરાવે છે. જેથી કરીને સ્ત્રીઓ ઉચ્ચ કારકિર્દી મેળવી શકતી નથી અને જરૂર પડતાં આર્થિક રીતે સક્ષમ ન હોવાને લીધે પરાવલંબી જિંદગી જીવવી પડતી હોય છે.

**તું સશકત બન**
પૂરતું શિક્ષણ મેળવીને
કૌશલ્ય કુશળતા કેળવીને
સ્વમાનભેર, સ્વતંત્રતાપૂર્વક
જીવન જીવીને

મા શારદાએ તે જમાનામાં સુરાદીદી જેણે લગ્ન કર્યાં નહોતાં અને નિવેદિતા સ્કૂલના પ્રિન્સિપાલ તરીકેની જવાબદારી સુંદર રીતે બજાવી રહ્યા હતાં તેનાં વખાણ કરતાં કહેલું કે, ''કેવી સરસ છોકરી છે, એકલી એકલી ગાડીમાં ફરે છે અને એકલી પોતાની જાત ઉપર ઊભી રહી છે.''[૯] મા શારદાને શાળાનું પગથિયું ચઢવાની તક મળી નહોતી છતાં તેઓ સૂતર, શણ અને રેશમમાંથી સુંદર ઓશીકાં, તકિયા અને પંખા બનાવતાં. આવો જ પોતે જાતે બનાવેલો પંખો તેમણે પરદેશી શિષ્યા સિસ્ટર નિવેદિતાને ભેટ આપેલો. જેણે આ પંખાને પ્રેમથી જીવનપર્યંત સાચવી રાખેલો. આમ મા શારદા જાણે કે, સ્ત્રીઓ માટે શિક્ષણ અને કૌશલ્ય કેળવણીની હિમાયત કરતાં હોય તેવું લાગે છે.

**માહિતી અને જાણકારીનો અભાવ :** આપણા સમાજમાં સામાન્ય રીતે વિવિધ કારણોસર સ્ત્રીઓ ઘરની કે ગામની ચાર દીવાલમાંથી બહાર નીકળી શકતી નથી. વિવિધ વિષયોની જાણકારી અને માહિતીથી તેઓ અજાણ રહી જાય છે. કહેવાય

છે કે knowledge is power (જ્ઞાન એ શક્તિ છે.) સ્ત્રીઓમાં કોઠાસૂઝ વધુ હોવા છતાં માહિતીના અભાવને લીધે તેઓને કાયદાઓએ અધિકાર આપ્યા હોવા છતાં તેનો સારી રીતે ઉપાયોગ કરી શકતા નથી.

મા શારદાએ આશ્રમના બ્રહ્મચારીઓમાં વધુ માહિતી અને જાણકારી મેળવવાની ઇચ્છા વધારવા ઘણા પ્રયત્નો કરેલા. તે કહેતાં : "જુઓ, પરદેશથી ઘણા ભકતો અહીં આવશે. તેથી તમે અંગ્રેજી ભાષા શીખી લો." ભવિષ્યમાં અંગ્રેજી ભાષામાં વાતચીત કરવાની જરૂર પડી શકે તે માટે અંગ્રેજી ભાષા શીખવાનો તેઓ આગ્રહ રાખતાં. સલાહ આપીને કે આગ્રહ કરીને અટકી ન જતાં. મા શારદાએ બ્રહમચારીઓને અંગ્રેજી શિખવાડવા માટે પહેલાં સ્વામી ધર્માનંદ અને તે પછી ઢાકાના શ્રીકૃષ્ણભૂષણની એક શિક્ષક તરીકેની પણ નિમણૂક કરેલી.[૧૦]

**તું સશકત બન**

માહિતી, જાણકારી અને સમજે કેળવીને
તું ચૂપ રહી બદ તું બેસી ન રહે
તું મો ખોલ સ્પષ્ટ રીતે તારા વિચારો ,
લાગણીઓ અને મંતવ્યોને વ્યકત કરીને

ઈ.સ.૧૯૧૪ થી ૧૯૧૮માં મહાયુદ્ધના સમાચાર પણ તેઓ શિષ્યો પાસેથી જાણી લેતાં. એક દિવસ સ્વામી અરૂપાનંદ શ્રીમાને પ્રણામ કરવા આવ્યા ત્યારે સામાન્ય ખબરઅંતર પૂછયાં પછી શ્રીમાએ પૂછયુંઃ "ઠીક, બેટા, લડાઈના શું ખબર છે? જિદંગીનો કેવો ભયંકર વ્યય! લોકોને મારવા માટે કેવાં મોટાં મશીનો શોધ્યાં. અસંખ્ય નાનાં યંત્રો અને મશીનો ઉપરાંત ટેલિગ્રાફી, ટ્રેનની સગવડ વગેરેની તો લોકોના હિતને માટે જરૂરી છે જ. પણ બેટા છતાં આપણા દેશમાં અનાજ અને કપડાંની તંગી ઘણીબધી છે. જૂના વખતમાં આટલી બધી તંગી ન હતી."[૧૧] આમ અભણ મા દેશ-વિદેશમાં શું સારું તેમજ હાનિકારક થઈ રહ્યું છે તે વિશેની બધી માહિતી અને જાણકારી મેળવતાં હતાં.

**ટીમમાં કામ કરવાની અણઆવડત :** સામાન્ય રીતે કુટુંબમાં અને સમાજમાં એક સ્ત્રીના બીજી સ્ત્રી સાથેના સંબંધો સારા હોતા નથી. પછી તે સાસુવહુ, નણંદ-ભોજાઈ, દેરાણી-જેઠાણી, પિતરાઈ બહેનો કે સગી બહેનો, કાકીભત્રીજી, શેઠાણી અને નોકરાણી વચ્ચેના કૌટુંબિક સંબધો ઈચ્છિનીય હોતા નથી? તે પ્રમાણે સામાજિક સંસ્થાઓમાં પણ નેતૃત્વ સંભાળતી સ્ત્રીને તેના સ્ત્રી સાથીદારો સાથે તેમજ આધ્યાત્મિક મહિલા સંસ્થાઓમાં પણ સ્ત્રી શિષ્યાઓ સાથેના સંબંધો જાળવવામાં અનેક જાતના પ્રશ્નો, સમસ્યાઓ અને પડકારો ઊભા થયા કરે

છે. આ બધાનાં મૂળ કારણો સ્ત્રીઓની ટૂંકી દૃષ્ટિ, સંકુચિત સ્વભાવ અને ઈર્ષ્યા જેવી વૃત્તિઓ કદાચ હશે. પરસ્પર વિશ્વાસ અને તેઓ એ આદર જાળવીને એકબીજાને પૂરક બનીને, ખભેખભા મિલાવીને કામ કરી શકવાની શક્તિ વધુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

**તમે સશકત બનો**
પરસ્પર વિશ્વાસ અને આદર જાળવીને
એકબીજાના પૂરક બનીને, સાનુકૂળ થઈને
સમૂહમાં કામ કરીને

મા શારદાએ રામકૃષ્ણ મિશનના વિવિધ આશ્રમોમાં તેમજ ભકતોને સુમેળભર્યા સંબંધો કેવી રીતે જાળવવા તે પોતાના જીવનમાં આચરી બતાવીને સ્ત્રી સશક્તીકરણનુ જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સંદર્ભમાં પ્રસંગો અદ્‌ભુત નેતૃત્વના પ્રકરણમાં વિગતે વાંચવા મળશે.

**સ્ત્રી સહજ વિશિષ્ટ ગુણો સંદર્ભે:** આજે સ્ત્રી સશક્તીકરણના જમાનામાં કેટલીક સ્ત્રીઓ, ભગવાને સ્ત્રીશરીરમાં આપેલા વિશિષ્ટ ગુણો જેવા કે સહનશીલતા, ધીરજ, સેવા, ત્યાગ, પવિત્રતાને નબળાઈમાં ખપાવે છે. મા શારદાએ તેમના જીવનમાં આ બધા ગુણોને અભિવ્યકત કરીને સ્ત્રીશક્તિને જાણે કે ગૌરવવંતી બનાવી.

**તું સશકત બન**
સ્વેચ્છાએ સ્વીકારીને
સહનશીલતા અને ધીરજ ધરીને

**સહનશીલતા અને ધીરજ :** આજના સ્ત્રી સશક્તીકરણના માહોલમાં સહનશીલતાના ગુણને સ્ત્રીઓની નબળાઈ માનવામાં આવે છે. સશક્તીકરણની પ્રક્રિયામાં આ ગુણને અવરોધરૂપ માનવામાં આવે છે. વ્યક્તિ ઉપર થતા અન્યાય અને શોષણનો જે વ્યક્તિ હિંમતપૂર્વક પ્રતિકાર કરી શકે છે તેને જ તાકાતવાન માનવામાં આવે છે. પરંતુ ઊંડો વિચાર કરતાં જે વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ અને સ્થિર હોય તે જ ધીરજ રાખીને આવી પડતાં દુઃખોને સહન કરી શકે.

મા શરદાના જીવનમાં સહનશીલતા અને ધીરજ રાખીને પરિસ્થિતિને કાબૂમાં રાખવાના અસંખ્ય પ્રસંગો જોવા મળે છે. પતિ શ્રીરામકૃષ્ણદેવના મૃત્યુ બાદ વિવિધ સ્વભાવોવાળાં કુટુંબીઓ સાથે તેમનો પનારો પડયો. શ્રીમાન પેન્શન માટે મળતી સાત રૂપિયાની માસિક આવક બંધ કરાવી દેનાર શ્રીરામકૃષ્ણનો ભત્રીજો રામલાલ,[૧૨] શ્રીમાન સ્વાર્થી ભાઈઓ, ધૂની અને વિચિત્ર સ્વાભાવની ભત્રીજીઓ, છૂતાછૂતની ગ્રંથિથી પીડાતી ભત્રીજી નલિની અને ગાંડી વિધવા

**તું સશક્ત બન**
નિજી સુખ સગવડોનો ત્યાગ કરીને
વંચિત અને ગરીબ લોકોની સેવા કરીને

ભાભી અને તેમની જિદ્દી દીકરી આ બધાનો સઘળો ભાર ઉપાડવા છતાં પણ ક્યારેક મા તરફ સ્વાર્થીપણાનું વલણ રહેતું. એક વાર તો પગલી મામી સુરબાળા સળગતું લાકડું લઈને માને મારવા દોડી હતી.[૧૩] કોઈપણ જાતના પ્રતિકાર કે ફરિયાદ વગર શાંત ચિત્તે તે દુઃખો સહન કર્યાં. મા કહેતાં કે આફતો તો હંમેશાં જીવનમાં આવતી જ રહે છે પણ એ કાયમ રહેતી નથી. પુલ નીચેથી વહેતા પાણીની જેમ એ જતી રહે છે. દુઃખ એ તો ભગવાન તરફથી મળેલી ભેટ છે.[૧૪]

**સેવા અને ત્યાગભાવના :** સ્ત્રીઓમાં સેવાવૃત્તિ સહજ રીતે બાલ્યાવસ્થાથી જોવા મળે છે. દીકરી નાની હોય તો પણ તેના ભાઈ-ભાંડુઓ અને માતાપિતાની કાળજી લેવામાં મઝા આવતી હોય છે, મોટી થઈને ઘરના વડીલો તેમજ અતિથિઓ અને પતિની પણ તે જ સેવા કરતી જોવા મળે છે. આ માટે કરવાં પડતા નાનાંમોટાં ત્યાગ તેનાથી સહજ રીતે થઈ જાય છે. આજે ઘણી વાર સશક્ત કહેવાતી સ્ત્રીઓને કુટુંબના સભ્યોની કાળજી લેવાનો ભાર લાગવા માંડયો છે. પોતાના નિજી સ્વાર્થ




**નાના હાથથી પંખો નાખીને પ્રેમથી દુષ્કાળ પીડીતોને ખવડાવતા**

અને સુખસગવડોને પૂરી કરીને સશકત બનવાની અભિલાષા એ સેવે છે. જો કે પાછળથી આ આનંદ અને સુખ લાંબો વખત ટકતાં નથી તેનું તેને ભાન થવા માંડે છે.

મા શારદાના જીવનમાં બાળપણથી જ દુઃખી અને પીડિત લોકોની નિસ્વાર્થ સેવા કરતાં ઘણા પ્રસંગો છે. એક વખત ભયંકર દુષ્કાળ પડતાં તેમના દયાળુ પિતાશ્રીએ બાર મહિનાના ભરેલા ચોખા દુષ્કાળ પીડિતો માટે વાપર્યા.

ઘરમાં જ ગરમ ગરમ ખીચડી બનતી અને નાની શારદા દુષ્કાળપીડિત ગરીબોને ગરમ ગરમ ખીચડી પીરસતી. એ ખીચડીને ઠંડી કરવા તેઓ તેમના નાના નાના હાથથી પંખો નાંખીને પ્રેમથી ખવડાવતી.[૧૪]

**પવિત્રતા અને પ્રેમ :** આજે સ્ત્રી સશક્તિકરણના નેજા હેઠળ નારીમુકિત આંદોલન ચાલી રહ્યું છે તેમાં કયારેક મુક્તિનો અર્થ સ્વછંદતા કરીને કેટલીક સ્ત્રીઓ પરપુરુષો સાથે સંબંધ બાંધીને સશકત બનવાનો ગૌરવ અનુભવે છે. વધી રહેલા કુટુંબોમાં પડતાં ભંગાણો અને મા-બાપ વગરનાં બાળકોની પરિસ્થિતિ બહુ દયાજનક બની રહી છે.

**તું સશકત બન**
પવિત્રતા જાળવીને
શુદ્ધ આચારવિચાર અને વ્યવહારથી.

મા શારદા પવિત્રતાની સાક્ષાત્ મૂર્તિ હતાં. એમના પતિ શ્રીરામકૃષ્ણે તેમના સહજીવનના સંદર્ભમાં કહેલું, ‘‘એ જો આટલાં પવિત્ર અને સંયમી ન હોત તો હું મારો સંયમ ગુમાવી બેસત?[૧૫] પશ્ચિમી શિષ્યા ભગિની નિવેદિતાએ માની પવિત્રતા, પ્રેમ અને માધુર્યનું વર્ણન કરતાં શ્રીમાને લંડનથી સાલ ૧૯૧૦માં પત્ર લખેલો કે:’’[૧૭] મા, તમે કેવા સ્નેહથી છલકાતાં છો, તમારો એ પ્રેમ અમારા સ્નેહની પેઠે ઉછાંછળો કે નથી તો ઉગ્ર, પણ એક સૌમ્ય શાંતિ છે, સૌનું કલ્યાણ કરતી, કોઈનું એ અમંગળ ન વાંછતી એવી સોનેરી આભા જેવો..... ખરેખર, તમે શ્રી પ્રભુની સૌથી અદ્‌ભુત કૃતિ છો. તમારી સામે અમારે ખૂબ શાંત થઈને, ચૂપ બનીને બેસી રહેવું ઘટે. જરાતરા ગમ્મત-મસ્તીની પળો સિવાય! સાચે જ શ્રી પ્રભુની અદ્‌ભુત કૃતિઓ બધીએ નીરવ હોય છે - ધીરા પગલે ચૂપચાપ આપણા જીવનમાં પ્રવેશતી જેમ કે, બગીચાનાં ફૂલોની મીઠી સુગંધ, હવા, સૂર્યપ્રકાશ જેવી...... તમારી આ સ્મૃતિ, રાગ અને દ્વેષના દ્વથી રહિત શિખર વાસી શાંતિ સમી છે ને મા? કમળપત્ર પર પડેલા ઝાકાના બિંદુની જેમ સંસારથી અળગી રહેને શ્રી પ્રભુમાં થરકી રહેલી![૧૬]

## સ્ત્રીસહજ વિશિષ્ટ શક્તિઓનું દઢિકરણ

**માતૃત્વ :** સ્ત્રી સશક્તિકરણના નેજા હેઠળ ચાલતા નારીમુક્તિ આંદોલનમાં કેટલીક સ્ત્રીઓ માતૃત્વને એક આડખીલી રૂપ સમજીને તેનો ત્યાગ કરવાનું વિચારે છે. જીવન સંધ્યાકાળે તેમાંની કેટલીક સ્ત્રીઓ પાછલી જિંદગીમાં શુષ્કતા, એકલતા અને અસલામતી અનુભવતી જોવા મળે છે. માતૃત્વના ત્યાગને, કંઈક ગુમાવી દેવાનો અફસોસ થતો હોય છે, જ્યારે બાજી હાથથી સરી પડી હોય છે.

> **તું સશકત બન**
> માતૃભાવ વ્યાપક બનાવીને
> નબળા અને ગરીબ ભાંડુઓને
> સુખ-શાંતિ અને આનંદ આપીને

મા શારદાએ ગરીબ કુટુંબના એક છોકરા ઉપર માતૃભાવ દર્શાવેલ તેના સંદર્ભનો આ એક પ્રસંગ છે. માએ ગાયની દેખરેખ રાખવા માટે ગોવિંદ નામના ૧૧-૧૨ વર્ષના એક છોકરાને રાખેલો, એક વખત એને આખે શરીરને ખસનો ચેપ લાગેલો. તે કોઈ પણ ઉપચારથી મટે જ નહી. એક રાત્રે તો એ દર્દની વેદના એટલી બધી થઈ કે એ આખી રાત ઊંઘી ન શકયો અને રડયા જ કર્યો. માને આ જોઈને બહુ ચિંતા થઈ બીજા દિવસે પોતાના ઓટલા પર બેસી પથરા પર કડવા લીમડાનાં પાન અને હળદર વાટી એ છોકરાને પોતાની સામે ઊભો રાખી કયાં કયાં ઓસડ લગાડવું એ બતાડી દીધું. નિઃસંકોચપણે ગોવિંદે તેમ કર્યું અને થોડા વખતમાં જ તેની ખૂજલી મટી ગઈ. આજ ગોવિંદ મોટો થયો ત્યારે એક ભકતને કહેલું કે હું નાનો હતો મારે ઘરે પણ મને વારંવાર આવો ચામડી પર ચેપ લાગતો અને ખૂજલી પણ આવતી પણ ત્યારે મારી માએ આ ચેપ માટે કોઈ દવાદારૂ કર્યા ન હતા.[૧૭]

**દામ્પત્યજીવન :** સમાજમાં મોટાભાગનાં સ્ત્રી-પુરુષો લગ્નગ્રંથિથી જોડાઈને દાંમ્પત્ય જીવન સ્વીકારતા હોય છે. સ્ત્રી સશક્તીકરણના નામે ચાલતી નારીમુક્તિ ચળવળમાં કેટલીક સ્ત્રીઓ પોતાના મનમાં ઉદ્ભવતી ઇચ્છાઓ મુજબ જીવવાનો અધિકાર હોવો જોઈએ, તેવી વિચારસરણીને કારણે દામ્પત્યજીવનમાં તિરાડો પડવા માંડી છે. એકબીજાને સાનુકૂળ થઈને સહજીવન જીવવાને બદલે છૂટાછેડાના કિસ્સાઓ વધી રહ્યા છે. પરિણામે માબાપ વગરનાં બાળકોની અને ઘરના વડીલોની પરિસ્થિતિ પણ દયાજનક બની રહી છે.

મા શારદાએ વૈરાગી પતિને અનુકૂળ બનીને તેમજ પતિ-પત્ની બંને એકબીજાના પૂરક થઈને કેવી રીતે આનંદપૂર્ણ દામ્પત્યજીવન જીવ્યાં તે વિશેની વિગતો આ

પુસ્તકા 'દામ્પત્યજીવન' પ્રકરણમાં વિગતે વાંચવા મળશે.

**ગૃહસ્થ ધર્મ :** "ગૃહસ્થ આશ્રમ શ્રેષ્ઠ" હિન્દુ સંસ્કૃતિમાં માનવજીવનને ચાર આશ્રમોમાં વહેંચેલો છે. આ ચાર આશ્રમોમાંથી ગૃહસ્થ આશ્રમને શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે કારણ કે, બાકીના ત્રણેય આશ્રમોમાં રહેતા લોકોનું લાલનપાલન અને સંરક્ષણ ગૃહસ્થીઓ જ કરે છે. મા શારદાએ લગ્ન કરીને આખી જિંદગી ગૃહસ્થી તરીકે રહીને એક સામાન્ય ગૃહિણીની જેમ જીવન વિતાવેલું. તેઓના સંયુકત કુટુંબમાં સ્વાર્થી ટુંડમિજાજી, ધૂની અને વિચિત્ર સ્વભાવની ભત્રીજીઓ, ભાભી-ભાઈ વગેરે રહેલાં. આવા બધા સભ્યો સાથે મા મનને સંયમમાં રાખીને, સહન કરીને, બીજાની ભૂલોને માફ કરીને, સંપ અને સહકારથી પારિવારિક સંબંધો કેવી રીતે જાળવવા તેનો સંદેશો ગૃહસ્થીઓને આપી રહ્યાં છે.

> **તું સશકત બન**
> આદર્શ સ્ત્રી બનીને
> દામ્પત્ય જીવનને સખી બનાવીને

સ્ત્રીઓમાં ભણતર વધવાથી અને ઊંચા હોદ્દે કામ કરવાથી આર્થિક રીતે સક્ષમ બની રહી છે તે બહુ આવકારદાયક છે. પરંતુ સાથેસાથે ઘણી વાર તેઓને વિવિધ સંબંધો સાચવવાની જરૂર લાગતી નથી. મુશ્કેલ પરિસ્થિતિમાં કોઈનો સાથસહકાર ન મળવાથી સ્ત્રીઓ કયારેક માનસિક રીતે ભાંગી જતી જોવા મળે છે.

શ્રી રામકૃષ્ણદેવ દક્ષિણેશ્વરમાં રહેતા ત્યારે તેમના ભાણેજ હૃદયરામને તેઓ એ દક્ષિણેશ્વરના મંદિરમાં પૂજારી તરીકે નોકરીમાં રખાવેલા. વર્ષો સુધી હૃદયરામે પૂજારીના કામકાજ ઉપરાંત શ્રી રામકૃષ્ણદેવની સેવા પણ કરેલી. એક વખત શ્રીમા પોતાની માતા સાથે દક્ષિણેશ્વર શ્રીરામકૃષ્ણને મળવા આવ્યાં ત્યારે હૃદયરામને ખબર પડી કે મા હવે અહીં જ રહેશે ત્યારે રોષમાં બોલી ઊઠયા કે તમે લાકો શા માટે આવ્યાં છો? અહીં તમારુ શું કામ છે? આ વખતે આમ હૃદયનું ઉદ્ધત વર્તન જોઈને ઠાકુર કંઈ જ બોલ્યા નહિ. અને મા પણ કંઈ બોલ્યા વગર પાછા ફરી ગયાં.[૧૯]

> **તું સશકત બન**
> સંકલ્પ કરી શૂરવીર જેવો બની રહી
> સ્વામિની, સખી અને દાસી તણી ત્રિવેણી .

મા શારદાએ કુટુંબીજનો પ્રત્યે તેમજ રામકૃષ્ણ મિશનની સ્થાપનાના શરૂઆતના દિવસોમાં શિષ્યોની અંદરોઅંદર ઊભા થયેલા વિરોધોનું સમાધાન જે રીતે કરાવેલું તે સ્ત્રી સશક્તી કરણનું એક જવલંત ઉદાહરણ બની રહેશે.

# ૪ સર્વધર્મ સમભાવિની

મા શારદા પોતે બ્રાહ્મણ કટુંબનાં હોવા છતાં, દલિતો કાયસ્થો અને મજૂરો તરફ કોઈ પણ જાતના વર્ણ કે જાતિભેદ રાખ્યા સિવાય સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખેલો. આ સંદર્ભના ઘણા પ્રસંગો છે.

આ પ્રસંગ પોતે બ્રાહ્મણ હોવા છતાં એક કાયસ્થ વૈદ્યો સાથેનો બતાવેલો સમભાવ દશાવે છે. પોતાની ભત્રીજી રાધુને એક કાયસ્થ કુટુંબના ભકત જે માના પરિવારના સભ્યોની ખૂબ આદરપૂર્વક નાનીમોટી સેવા કરતાં હતાં તેને આ તારો મોટો ભાઈ છે એમ કહીને પ્રણામ કરાવ્યા. એક વૈદ્ય રાધુની સારવાર કરતા હતા જે પોતે બ્રાહ્મણ જ્ઞાતિના ન હતા. આ વૈદ્ય જ્યારે રાધુને તપાસવાનું કામ પૂરું કર્યું ત્યારે રાધુને માએ તેમના ચરણે નમન કરવા કહ્યું, રાધુ પગે લાગી. વૈદ્યના ગયા બાદ ત્યાં હાજર રહેલાઓ તે બ્રાહ્મણ હતા કે નહિ તે અંગે પૂછપરછ કરી, માએ જવાબ આપ્યો, ના તે વૈદ્ય છે બ્રાહ્મણ નથી. એક શિષ્યે પૂછયું તો પછી તમે રાધુને તેમને પ્રણામ કરવાનુ શા માટે કહયું, શ્રી માએ જવાબ આપતાં કહ્યું રાધુ તેમને પ્રમાણ શું કામ ન કરે ? તે કેટલા વિદ્વાન છે તે માણસ બ્રાહ્મણ જેવો જ છે તો, તેમને પ્રણામ ન

કરે તો કોને કરે ? શું તારું પણ માનવું નથી, બેટા?[1]

**ખ્રિસ્તી ધર્મ :** તે રૂઢિચુસ્ત જમાનામાં યુરોપિયન લોકો જોડે કોઈ પણ જાતનો વ્યવહાર રાખનારનો સમાજ બહિષ્કાર કરતો. વિદેશીઓને મંદિરમાં જવા માટે પ્રતિબંધ હતો. ત્યારે માતાજી સ્વામી વિવેકાનંદનાં યુરોપિયન શિષ્યા માર્ગરેટ નોબલ એટલે કે સિસ્ટર નિવેદિતા જ્યારે ભારતીય સમાજનાં એક અંગ બનીને દેશની સેવા કરવા માટે કૉલકાતામાં આવ્યાં ત્યારે તેમને માના રૂઢિચુસ્ત હિન્દુ સ્ત્રીભકતો સાથે રહેવાનો આગ્રહ કરેલો જેથી તેઓ ભારતીય સમાજનું એક અંગ બનીને દેશની સેવા કરી શકે. સ્વામીજી માટે આ કોયડો ઉકેલવો મુશ્કેલ હતો. પરંતુ મા શારદા તેમની વ્હારે ચઢયાં. તેમને નિવેદિતાને પોતાની દીકરી તરીકે સ્વીકાર્યાં અને તેમને પોતાની પાસે એક જ ઘરમાં રાખ્યાં. સ્વામી વિવેકાનંદે તેમના ગુરુભાઈને પત્રમાં લખ્યું છે કે "માતાજી અહીં છે. કેટલીક યુરોપિયન અને અમેરિકન મહિલાઓ એક દિવસ એમને મળવા ગઈ. તમે માની શકો છો કે માએ એ બધાની સાથે ભોજન પણ લીધું કેવી ઉદારતા![2]

**સાચો બ્રાહ્મણ**
**જન્મથી નહીં**
**પરંતુ કર્મથી**

ભગિની નિવેદિતાએ એક પુસ્તકમાં માની ખ્રિસ્તી ધર્મને સમજવાની ઉદાર દૃષ્ટિ વિષેનો પરિચય આપતાં લખ્યું છે કે," એક વખત ઈસ્ટરના દિવસોમાં મા અમારે ઘેર પધાર્યાં હતાં. આ દિવસે તેઓ અમારા આખા ઘરમાં ફરી છેવટે પૂજાના ઓરડામાં બેઠો અને મને ઈસ્ટરનું મહત્વ સમજાવ્યું. ઈસ્ટરમાં ગવાતા ભજનો અને સંગીતમાં માને તેમાં રહેલા ભાવની અનુભૂતિ જોઈને પહેલી જ વખત અમે માની આધ્યાત્મિકતાની ઉચ્ચ અવસ્થાનાં દર્શન કર્યાં. બીજા એક દિવસે માએ મને અને મારી ગુરુ ભગિનીને યુરોપીય લગ્નવિધિ સમજવવાનું કહ્યું. ખૂબ જ આનંદ અને હાસ્યથી અમે વરવધુ તો કોઇકવાર પાદરી બનીને તેમને અમારી લગ્નવિધિ સમજાવી. ત્યારબાદ છેવટે લગ્નના શપથ "દુઃખમાં કે સુખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, માંદગીમાં કે તંદુરસ્તીમાં મૃત્યુ આપણને છૂટાં ના પાડે ત્યાં સુધી છૂટાં પડીશું નહીં". તે સાંભળીને મા ત્યાં બેઠેલા બીજા બધા કરતાં ખૂબ આનંદમાં આવી ગયાં અને સૌથી વધારે ખુશી થતાં વારંવાર એનું પુનઃરુચ્ચારણ કરાવ્યું અને બોલ્યાં, કેવા ધાર્મિક શબ્દો! કેવા પવિત્ર શબ્દો!"[3]

**બધા જ ધર્મોની**
**વિધિઓ પવિત્ર**

**મુસ્લિમ ધર્મ :** આ જ પ્રમાણે ઈસ્લામ ધર્મ પાળતા મુસ્લિમો માટે પણ તેઓ સમભાવ રાખતો તેને લગતો એક પ્રસંગ વાંચીએ. અમજાદ નામનો એક મુસ્લિમ



**અમજાદને પ્રેમથી જમાડતા મા શારદા**

ધાડપાડુ હતો, જેણે માના મકાનની દીવાલો ચણવામાં મદદ કરી હતી. આ મુસ્લિમ ભાઈને માએ પોતાના ઘરના ઓટલા પર જમવા બેસાડેલો. માની ભત્રીજી નલિનીદેવી જેને આભડછેટને લીધે ચોકમાં ઊભા ઊભા દૂરથી ખાવાનું ફેંકતાં હોય તેમ પીરસતાં હતાં. આ જોઈ મા બોલી ઊઠયાં: ‘‘આવી રીતે પીરસે તો કોઈ માણસ સારી રીત ખાઈ શકે, તું ન આપી શકે તો હું આપીશ.’’ જમવાનું પૂરું થતાં માએ પોતે જ એંઠી જગ્યા સાફ કરી. ભત્રીજી નલિનીને ઠપકો આપતા બોલ્યાં; ‘‘શરત (સ્વામી શારદાનંદ) જેવો મારો દીકરો છે, આ અમજાદ પણ તેવો જ છે.’’[૪]

**શરદ જેવો મારો દીકરો અમજાદ પણ તેવોજ**

જય રામવાટીમાં બાજુના ગામમાં રહેતા બરશત અલીએ પોતાના કાકા પાસેથી સાંભળેલા પ્રસંગોની વાત કરતાં કહે છે કે તેમના શેખ

કુટુંબના કાકાઓ હિન્દુઓના ખેતરોમાં ખેડવાનું કામ તેમજ બળદગાડી ચલાવવાનો ધંધો કરતા હતા. મા શારદા જ્યારે જયરામવાટીથી કામાર પુકુર, કુઆલપાડા કે વિષ્ણુપુર જવાનું હોય ત્યારે શેખ કુટુંબની બળદગાડી ભાડેથી બોલાવતાં. આ શેખ કુટુંબની બીબીઓ પણ માને મળવા જતી અને પોતાની બધી વાતો ખુલ્લા મને માને કહેતી અને મા પણ તે વાતો શાંતિથી સાંભળતાં. આ શેખ કુટુંબ સાથે માનો એટલો ઘરોબો થઈ ગયો કે તેમના ખેતરમાં થતાં શાકભાજી, વિવિધ ફળો, ગોળ વગેરે વસ્તુઓ તેઓ માને ભેટ આપવા લઈ જતાં પરંતુ મા તેઓને સમજાવી પટાવીને યોગ્ય ભાવે એ બધી વસ્તુઓ સ્વીકારી લેતાં. આ કુટુંબની વડીલ મુસ્લિમ બહેન સલમાબીબીને મા 'માસી' કહીને બોલવતાં. તેઓની દરગાહમાં જ્યારે મુસ્લિમ ધર્મનો ઉત્સવ ઊજવાતો ત્યારે મા દરગાહ પર ચઢાવવા મીઠાઈ અને પ્રસાદી મોકલતાં. શેખ મફતાએ એક દિવસ માનો આ વ્યવહાર જોઈને પૂછ્યું. મા તમે તો હિન્દુ હોવા છતાં અમારા ધાર્મિક ઉત્સવ પ્રસંગે આવી બધી ભેટ કેમ મોકલો છો? માએ જવાબ આપતાં કહ્યુંઃ 'દીકરા, શું ભગવાન જુદા જુદા હોઈ શકે? બધા ભગવાન એક જ છે.'' એક વખત શેખ મુફેતને સ્વપ્નમાં માનાં દર્શન પણ થયેલાં ત્યારથી તેણે મા શારદાને એક પીર-સંત તરીકે સ્વીકારેલાં.[૫]

**પારસી ધર્મ :** મુંબઈથી એક પારસી એક યુવક માના દર્શનની અભિલાષાથી મા જ્યારે ઉદ્‌બોધન આશ્રમમાં ગંભીર બીમારીથી પથારીવશ બની ગયેલાં ત્યારે ગયેલા. તેમના દર્શન, મંત્રદીક્ષા, ભકતોને મળવાનું વગેરે બંધ રાખવામાં આવ્યું હતુ. આ પારસી યુવકને સ્વામી વિવેકાનંદના ગ્રંથો વાંચીને અધ્યાત્મ તરફ આકર્ષણ થયેલું. સ્વામી શારદાનંદ એને મળીને ખુશ થઈને તેને નીચેના રૂમમાં રાહ જોવાનું કહેલું. એને ઉપર મા પાસે જવાની રજા ન મળી. કોણ જાણે કેવી રીતે આ વાતની માને ખબર પડી ગઈ અને માએ એક શિષ્યને પેલા યુવકને ઉપર બોલાવીને મળવા માટે બોલાવ્યો. માએ તેની સાથે થોડી વાતચીત કરી અને મંત્રદીક્ષા પણ આપી. આ યુવક મુંબઈ સિનેમાજગતના પ્રખ્યાત અભિનેતા અને નિર્માતા સોહરાબ મોદી હતા.[૬]

આજે ૨૧મી સદીમાં હિન્દુ, ઈસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મો વચ્ચે અને ખુદ એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો વચ્ચે નાના-મોટા અત્યાચારો ગુજારવાના બનાવો અને યુદ્ધો થતાં જ રહે છે. ત્યારે ૧૯મી સદીના રૂઢિચુસ્ત સમાજમાં અશિક્ષિત ગ્રામીણ મહિલાઓ ધર્મ અને જ્ઞાતિ બંધનો ભુલાવીને તેમજ હિન્દુ ધર્મના વૈષ્ણવ, શૈવ કે શાકત સંપ્રદાય પાળતા ઘણા લોકોએ મા શારદાને 'મા'ના વ્હાલસોયા નામથી સંબોધન કરેલું જે દર્શાવે છે કે મા સર્વધર્મ સમભાવિની હતી.

# ૫ ક્રાંતિકારી મા

મા શારદાએ ઘણાં ક્રાંતિકારી પગલાં લીધેલાં તે જમાનામાં સાધુ-સંન્યાસીઓ માત્ર એકાંતમાં જઈને જપ-ધ્યાન અને સાધના કરવાનું પસંદ કરતા. લોકસેવાનાં કામો કરવાનું તેઓ સાધુજીવન માટે ઉચિત માનતા નહિ. આ જમાનામાં સ્વામી વિવેકાનંદે ''શિવજ્ઞાને જીવ સેવા'' ના આદર્શને સાધુજીવનમાં કાર્યાન્વિત કરવા રામકૃષ્ણ મિશનની સ્થાપના કરેલી. શરૂઆતનાં વર્ષોમાં ખુદ એમના ગુરુભાઈઓ તેમજ શ્રી રામકૃષ્ણના ગૃહસ્થ ભકતો પણ ઠાકુરના આ સંદેશને સમજી શકેલા નહીં અને તે આદર્શને સ્વીકારવા પણ તૈયાર ન હતા. તેઓએ સ્વામીજીના આ નિર્ણય સામે સખ્ત વિરોધ કરેલો. સ્વામીજીના કેટલાક શિષ્યો અને ભકતોએ બનારસમાં ગુરુના આ સંદેશથી પ્રોત્સાહિત થઈને રોગીનારાયણની સેવા કરવા સેવાશ્રમ હૉસ્પિટલ શરૂ કરલી. રામકૃષ્ણ સંઘની સ્થાપના થઈ તે પહેલાં પરંપરાગત ધારણા એવી હતી કે જેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો હોય તેમણે સાંસારિક અને વ્યાવહારિક કાર્યો કરવાં જોઈએ નહીં. દુઃખી લોકો માટે હૉસ્પિટલો સ્કૂલો ચલાવવી કે આફતગ્રસ્તોને સહાય કરવા રાહત કામો

કરવાં સાધકો માટે ત્યાજ્ય ગણાતાં. '' આત્માનો મોક્ષાર્થ, જગત હિતાય ચ'' ના ધ્યેયથી સ્વામી વિવેકાનંદે શરૂ કરેલ સંસ્થામાં સાધુઓને સેવાકાર્યો કરતાં જોઈને તે સમયના સાધુ સમાજે તેઓને ભંગી સાધુ તરીકે ઓળખાવીને તેઓના પ્રતિ ભંગી જેવો વ્યવહાર કરેલો. મા શારદા તેમની ભારતની યાત્રા દરમિયાન બનારસમાં શરૂ કરેલી સેવાશ્રમ હૉસ્પિટલનું કામકાજ જોવા જાતે જ ગયાં હતાં. હૉસ્પિટલમાં અપાતી સેવાઓ જોઈને તેની પ્રશંસા કરતાં કહ્યું,'' જોયું, અહીં ઠાકુર પ્રત્યક્ષ બિરાજમાન છે. આ બધું એમનું જ કાર્ય.''[૪] સ્વામી વિવેકાનંદના સેવાધર્મ વિશે જેઓના મનમાં દ્વિધા હતી તેઓના મનનું સમાધાન માના આવા દઢતાપૂર્ણ અને સ્પષ્ટ ભાષાના કથનથી થઈ ગયું.

**સાધુઓને સેવાકાર્ય માટે પ્રથમ અનુમોદન આપનાર**

સામાન્ય રીતે મા શારદા સ્થાપિત રીતિરિવાજોની વિરુદ્ધ જઈને કોઈને આઘાત પહોંચાડવાનું ઈચ્છતાં ન હતાં; પરંતુ દેશાચાર નામે માણસને પીસી નાંખતા વિવિધ જુલમો અને પ્રચીન પરંપરામાં પરિવર્તન લાવવું જરૂરી છે. તે સંદેશો આપવા સમાજમાં પ્રચલિત હાનિકારક રૂઢિરિવાજોનો વિરોધ કરીને પોતાના તેમજ શિષ્યોના જીવનમાં જરૂરી ફેરફારો કર્યાના થોડા પ્રસંગો જોઈશું.

## વિધવાઓના સંદર્ભમાં

દશ વર્ષે પરણેલાં અને પંદર વર્ષે વિધવા થયેલાં ક્ષીરોદબાલા રાયનું ખાવાપીવામાં કઠોર નિયમોને લીધે, શરીર એકદમ દુર્બળ થતું જોઈને માતાજીએ કહ્યું, ના, ના, હું કહું છું તું સાબુદાણા ખાજે. એને લીધે શરીરમાં ઠંડક રહેશે.પછી જરા અટકીને બોલ્યાંઃ દીકરી, તેં ઘણી કઠોરતા કરી છે. હું કહું છું તેમ હવે ન કરીશ, શરીર તો તદ્દન લાકડા જેવું થઈ ગયું છે. શરીર બગડશે તો પછી શેના વડે સાધના-ભજન કરીશ, દીકરી. દેશાચાર પ્રમાણે ક્ષીરોદબાલાએ વાળ કાપી નાખ્યા હતા. તે જોઈને માતાજીએ કહ્યું, સારું કર્યું, વાળ હોય તો વિલાસિતા આવે, વાળનું જતન કરવું પડે,પણ હવે તું ઉંમરમાં મોટી થઈ છે, વાળ કાપવાની હવે જરૂર નથી. તું હવે વિલાસિતાથી લોભાઈ નહીં શકે, કઠોરતા કરવાની હવે જરૂર નથી.[૧] આમ, આપણે માની દૃષ્ટિમાં એક બાજુ વિલાસિતાનો ત્યાગ અને બીજી બાજુ ઈશ્વર લાભ કરવા માટે શરીરનું રક્ષણ કરવાનો આગ્રહ, એમ કરુણાની સાથે ધાર્મિક દૃષ્ટિનો સુંદર સુમેળ.

**હાનિકારક રિવાજોનો ભંગ**

૧૯મી સદીમાં ૩૩ વર્ષની ઉંમરે વિધવા થયેલાં મા શારદાએ રૂઢિચુસ્ત

સમાજની વચ્ચે રહીને ગામલોકો અને કુટુંબીજનોનો ત્રાસ વેઠીને તે બધાંની સામે અડીખમ રહીને માથાના વાળ કપાવ્યા વગર, લાલ કિનારની નાની પટ્ટીવાળી સાડી તેમજ હાથમાં સુવર્ણનાં કંકણ પહેરવાનું ચાલુ રાખ્યું.[૨] મા શારદાનું આ પગલું એ સામાજિક ક્રાંતિનું એક મહાન કદમ તેવું નથી લાગતું?

આજની એકવીસમી સદીમાં પણ વિધવાઓની પરિસ્થિતિ વિશે સાંભળતાં ઘણી વાર આંખો ભીની થઈ જાય છે અને હૃદય દ્રવી જાય છે. વિધવાઓએ મુંડન કરાવવું, હાથની બંગડીઓ તોડી નાંખવી, રંગીન સાડીઓ છોડી દઈએ સાવ સફેદ કપડાં પહેરીને અને કયારેક પોતાનું જીવન સુધ્ધાં પોતાના પતિની ચિતા ઉપર હોમી દેવાની પ્રથા આજે પણ આપણા દેશમાં કોક ખૂણે જોવા મળે છે. માના જીવનમાં બિનજરૂરી અથવા તો હાનિકારક રૂઢિઓનું ખંડન કરીને, જે રૂઢિરિવાજો નુકસાનકર્તા ના હોય તેને ચાલુ રાખીને અને નવા વિચારો તથા રીતરિવાજોને અનુમોદન આપીને અને આચરી બતાવીને એક વૈજ્ઞાનિકને છાજે તેવાં વાણીવર્તન અને વ્યવહારના આવા તો અનેક પ્રસંગો છે. શું મા શારદા પોતાના જીવન દ્વારા એવું સૂચવી રહ્યા છે કે સ્થળ અને સમયને અનુસાર થતાં પરિવર્તનોને આધારે કેટલાક અમાનવીય રીતિરિવાજોનું આંધળું અનુકરણ, અધઃપતનનું કારણ બની શકે છે. તેને પડકારવા જોઈએ અને બંધ કરાવવા જોઈએ અને તેની શરૂઆત મહિલાઓએ કરવી જોઈએ?

## મુસ્લિમોનાં મા

મા શારદા બધી જ વ્યક્તિઓ તે પછી હિંદુ હોય કે મુસલમાન, બ્રહ્મણ હોય કે ભંગી, શિક્ષિત હોય કે અભણ, દેશી હોય કે પરદેશી, પાપી હોય કે પુણ્યશાળી કોઈ પ્રકારના ભેદભાવ વિના, સમદૃષ્ટિ રાખીને વ્યવહાર કરતાં. અમજાદ નામ એક મુસ્લિમભાઈ બેકાર થઈ જવાથી ચોરી અને લૂંટફાટ કરતો હતો. આ મુસ્લિમ ભાઈએ માતાજીના મકાનના બાંધકામમાં દીવાલો ચણવામાં મદદ કરી હતી. એક દિવસે માતાજીએ તેને પોતાના ઓટલા ઉપર જમવા બેસાડયો. આભડછેટમાં માનનારાં તેમનાં ભત્રીજી નલિનીદેવી નીચે ચોકમાં ઊભાંઊભાં દૂરથી ખાવાનું ફેંકતાં હોય તેમ પીરસતાં હતાં. આ જોઈ માતાજી બોલી ઊઠયાં....‘‘આવી રીતે પીરસે તો કોઈ માણસ સારી રીતે ખાઈ શકે? તું ન આપી શકે તો હું આપીશ’’ અને એટલું જ નહીં જમવાનું પૂરું થાય ત્યાં સુધી સાથે રહ્યાં. છેવટે માતાજીએ જાતે એંઠી જગ્યા સાફ કરી. તેમને આમ કરતાં જોઈને નલિનીદેવી બોલી ઊઠયાં ‘‘એ ફોઈબા તમારી તો જાત ગઈ’’ માતાજી

**દેશ, ધર્મ, જાતિને વર્ષની પેલેપાર**

ઠપકો આપતાં બોલ્યાં 'શરત (સ્વામી શારદાનંદ) જેવો મારો દીકરો છે, આ અમજાદ પણ તેવો જ છે.''[૧૮]

આવી જ રીતે પરદેશીઓના, દુર્જનોના, પાપીઓના અને ભંગી ભાઈ-બહેનો સાથે સમદષ્ટિ રાખીને વાણી-વર્તન અને વ્યવહાર કરવાના ઘણા પ્રસંગો છે જે આ પુસ્તકના 'જગત જનની' માં વાંચવા મળશે.

## લગ્ન સંદર્ભે

પાંચ વર્ષની નાની વયે મા શારદાનાં લગ્ન તો થઈ ગયેલાં.પરંતુ મોટા થતાં તેમના વિચારો આધુનિક હતા. તેઓ બાળ લગ્નનાં વિરોધી હતાં. જે દીકરીઓ લગ્નજીવન પસંદ ન કરતી હોય તેઓને લગ્ન કર્યાં સિવાય કુંવારા રહેવાનું પ્રોત્સાહન પણ આપતાં અને તેમનાં માબાપને પણ દીકરીઓને જબરદસ્તીથી પરણાવવાનું દબાણ ન કરવાની સલાહ આપતાં. બીજી એક સ્ત્રીભકતને પાંચ છોકરીઓ હતી. તેમનાં લગ્ન નહોતાં થતાં. આ બાબતથી સ્ત્રીભકતને ખૂબ ચિંતા થતી હતી. તેની ચિંતાની વાત સાંભળીને માતાજી એ કહ્યું, લગન નથી થતાં એમાં એટલી ચિંતા કરવાની શી જરૂર છે? એમને નિવેદિતા વિદ્યાલયમાં ભણવા મૂકી દે, લખવાવાંચવાનું શીખશે અને આનંદમાં રહેશે. તેમનું અને બીજાનું પણ ભલું કરશે. માતાજીનું આ દષ્ટિબિંદુ આજે પણ કેટલું બોધપ્રદ છે? બીજી એક વખત એક સ્ત્રીભકત તેમની દીકરીનાં લગ્ન કરવાની ઈચ્છાથી આવી. ત્યારે મા શારદાએ તેને કહ્યું કે કુંવારી રહેવામાં ઘણો ભય હોવા છતાં જેને લગ્ન ન કરવાં હોય તેને પરાણે પરણાવીને સંસારમાં નાંખવી એ અન્યાય છે... આખું જીવન બીજાનું દાસત્વ કરી વિતાવવું, બીજાની મનમરજી પ્રમાણે ચાલવું એમાં કાંઈ ઓછું કષ્ટ છે?[૪]

**દીકરીઓની સ્વેચ્છા અને સ્વાવલંબનનાં હિમાયતી**

નિવેદિતા સ્કૂલના પ્રિન્સિપાલ સુધીરાદીદી જેણે લગ્ન કર્યાં નહોતાં તેનાં વખાણ કરતાં માએ એક સ્ત્રીભકતને કહેલુંઃ કેવી સરસ છોકરી છે એકલી એકલી ગાડીમાં ફરે છે. એકલી પોતાની જાત ઉપર ઊભી રહી છે.[૫] જાણે કે મા-બાપોને તેમજ દીકરીઓને પણ મા સંદેશ આપી રહ્યાં છે લગ્ન ન કરવાં હોય તો ના કરો.પરંતુ કુંવારા રહીને દીકરીઓએ પોતાના પગ ઉપર ઊભા રહીને સ્વાવલંબી જીવન જીવવું અગત્યનું છે. કોઈ પણ જાતનો ડર કે સંકોચ રાખ્યા વગર સાઈકલ, મોપેડ કે ગાડી જેવાં સાધનો ચલાવવાનું શીખવું જોઈએ જેથી જરૂર પડે ત્યારે છૂટથી ઘર અને ગામ બહારનાં કામો જાતે કરી શકાય.

## કન્યા કેળવણી

૧૯ મી સદીના જમાનામાં શ્રીમંત ઉચ્ચવર્ણનાં કુટુંબમાં પણ દીકરીઓને ઝાઝું શિક્ષણ આપવામાં આવતું નહિ. મા શારદાની ભત્રીજી રાધુ કિશોરાવસ્થાની ઉંમરે પહોચતાં તેમનાં સ્ત્રીશિષ્યા ગુલાબમાએ માને કહ્યું. હવે રાધુ મોટી થઈ. હવે વધારે સમય તેને શાળાએ મોકલવી યોગ્ય નથી પછી તેમણે રાધુને ઘેર રહેવાનું કહ્યું, અને રાધુ રડવા લાગી. મોટી થવાનો અર્થ તમે શું કરો છો? શ્રી માએ વાંધો ઉઠાવ્યો. ના, તેને જવા દો, તે થોડુંક લખતાંવાંચતા અને હાથકામ કરતાં શીખશે તો તેને ઘણો લાભ થશે. તેને આ બધું આવડશે તો માત્ર તેને જ નહીં,પરંતુ બીજાઓને પણ લાભ મળશે.[૬] ચરણમાની વાંચવા - લખવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં તેમને ભણવાનો અવસર જ નહોતો મળ્યો. કામારપુકુરમાં એક દિવસ ભત્રીજી લક્ષ્મી અને મા બાળપોથી વાંચતાં હતાં ત્યારે ભાણેજ હૃદયબાબુએ તેમના હાથમાંથી ચોપડી ઝૂંટવી લીધી અને કહ્યું કે છોકરીઓને વાંચતાલખતા શીખીને શું કરવું છે? શું નાટક અને વાર્તાઓ વાંચવી છે? છતાં પણ માએ કોઈ પણ સામો જવાબ આપ્યા વગર પાછળથી એક આનાની બીજી ચોપડી મંગાવી હતી અને લક્ષ્મી સ્કૂલેથી પાછી આવે ત્યારે તેમની સાથે વાંચવા બેસતાં.[૭] વિદ્યા મેળવવાનો આ ઉત્સાહ ઘણાં વર્ષો પછી પણ રહ્યો. દક્ષિણેશ્વરમાં ૩૩ વર્ષની ઉંમરે પણ ભવનાથ મુખરજીની દીકરી પાસેથી શબ્દો-વાક્યો અને પછી ધીરે ધીરે પુસ્તકો વાંચતાં શીખી ગયાં.

**કન્યા કેળવણીનું બીજ રોપ્યું**

મા પોતે તો વાંચતાં શીખી ગયેલાં અને તેમની ભત્રીજી રાધુ તેમજ બીજા શિષ્યની દીકરીઓને પણ શાળાકીય અભ્યાસ માટે પ્રોત્સાહન આપતાં પરંતુ સ્વામી વિવેકાનંદના વિદેશી આયરીશ શિષ્યા કુ. માર્ગારેટ નોબેલ-ભગિની નિવેદિતાએ ૧૩ નવેમ્બરસાલ ૧૮૯૮માં જ્યારે કન્યા શાળા શરૂ કરી ત્યારે આ શાળાનું ઉદ્ઘાટન પણ મા શારદાએ પોતાના શુભ હસ્તે કરેલું ખુદ સ્વામી વિવેકાનંદ જાતે અને રામકૃષ્ણ સંઘના અન્ય સંન્યાસી સભ્યો પણ હાજર રહેલા. શ્રીમાએ આ શાળાને આશીર્વાદ આપેલા અને પ્રાર્થના કરેલી કે આ શાળા પર શ્રી જદંબાની સુભાષિશ સદા વરસતી રહે અને ત્યાં તાલીમ પામેલી કન્યાઓ આદર્શ કન્યાઓ બને.[૮]

આમ અભણ માએ આદર્શ કન્યા કેળવણીની દિશાનું જાણે કે પ્રથમ પગલું ભર્યું. આજે ૨૧મી સદીની સ્ત્રીઓની સ્વતંત્ર કૉલેજો અને યુનિવર્સિટીઓનું બીજ જાણે કે માએ રોપ્યું. એક સાંજે માને મળવા નિવેદિતા સ્કૂલની કેટલીક છોકરીઓ

આવી હતી ત્યારે શ્રી માએ તેમના અભ્યાસ વિશેછયું. જ્યારે તેમને ખબર પડી કે તે છોકરીઓ અંગ્રેજી જાણે છે ત્યારે તેમને કહ્યું હવે આ વાકયનું અંગ્રેજી કરી આપોને? એક છોકરીએ તે કરી પણ આપ્યું જે સાંભળીને મા આનંદથી હસી પડયાં. વળી આ છોકરીઓને માએ પૂછયું કે તેઓને ગાતાં આવડે છે. તેઓએ હાત્યારે તેમને એક દક્ષિણ ભારતનું ગીત ગાવાનું કહ્યું. આ છોકરી દક્ષિણ ભારતના ભકતની દીકરી હતી જે કૉલકાતામાં નિવેદિતા સ્કૂલમાં અભ્યાસ માટે આવી હતી. તેઓએ દક્ષિણ ભારતનું ગીત ગાયું અને માએ ખુશી વ્યકત કરી. જાણે કે અંગ્રેજી ભાષા શીખવાની અને ગાવા બજાવવાની આવડત પણ દીકરીઓ માટે જરૂરી છે.[૯]

### પરદેશીઓનાં મા હોવા છતાં પરદેશી સત્તાના અત્યાચારો સામે વિરોધ

માતાજીના ઘણા પરદેશી ભકતો હતા. તેમના ઉપર તેઓ ફકત પ્રેમ જ વરસાવતાં એમ ન હતુ. એમનો શિષ્ટાચાર પણ શીખ્યાં હતાં. ૧૯૨૦ ના એપ્રિલ મહિનામાં સાંજે એક યુરોપિયન સ્ત્રી જેની દીકરી માંદી હતી તે માના આશીર્વાદ લેવા આવેલી. એ લોકોના શિષ્ટાચાર પ્રમાણે માએ હાથ લંબાવી હસ્તધૂનન કરીને આવકાર આપ્યા બાદ બંગાળી રિવાજ પ્રમાણે એની ચિબુકને હાથ લગાડી ચુંબન કર્યું. એની દીકરીને માટે એક કમળ અને બિલ્વપત્રનું નિર્માલ્ય આપીને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપતાં કહ્યું, તમારી દીકરીની તબિયત પછીથી સારી થઈ ગઈ. એ સ્ત્રી વારંવાર માતાજી પાસે આવતી અને માની પાસે એણે મંત્રદિક્ષા પણ લીધી હતી. મા એને ખૂબ પ્રેમ કરતાં હતાં.[૧૦]

**બ્રિટીશ સરકાર સામે વિરોધ**

મા એક બાજુ તેમના પરદેશી ભકતોને ખૂબ પ્રેમ કરતાં તો બીજી બાજુ આપણા દેશમાં બ્રિટિશ સરકાર લોકોને ત્રાસ પણ ખૂબ આપતા. આ પરદેશી સરકારે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયેલ દેશભકતો તેમજ ક્રાંતિકારીના બે પ્રસંગો વાંચીએ.

૧૯૧૦-૧૫ ના વર્ષની સમયગાળાની વાત છે. ત્યારે બ્રિટિશરોનું રાજ ચાલતું હતું. સ્વામી વિવેકાનંદનાં વાણી અને આદર્શથી પ્રેરાઈને ઘણા યુવાનો સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઈ ગયેલા. સ્વામીજીના દેહાવસાન પછી મા સ્વાતંત્ર્ય વીરોનાં પરોક્ષ રીતે પ્રેરણાસ્ત્રોત બનેલાં. ઘણાબધા સંતાતા ભાગતા તેમજ જેલમુકત થઈને આવેલા સ્વાતંત્ર્ય વીરોનાં વૃંદ માને પ્રણામ કરવા આવતાં. આની જાણ થવાથી માના ઘરની તપાસ કરવા ઘણાબધા પોલીસ સિપાહીઓ આવતા. આ ગ્રામીણ મહિલા બ્રિટિશ પોલીસ ઑફિસરોથી પણ ડર્યા વગર હિંમતપૂર્વક તેઓને આશ્રય આપતાં અને આશીર્વાદ આપતાં.[૧૧]

આ પ્રમાણે બાકુંડા જિલ્લાની બે ક્રાંતિકારી સ્ત્રીઓ ઉપર પોલીસે અત્યાચાર કરેલો. આ બે બહેનોમાંથી એક બહેન ત્યારે સગર્ભા હતી. તેઓ ક્રાંતિકારી કામ કરે છે એવા શકથી પોલીસે તેને જેલમાં પૂરી દેવા પકડીને લઈ ગયા અને તે પણ પગે ચલાવીને. ગ્રામવાસીઓએ ગાડીની વ્યવસ્થા કરવાનું કહ્યું તો પણ તેમણે ન સાંભળ્યું. માતાજીના કાને જ્યારે આ વાત આવી ત્યારે પહેલાં તો તેઓ સાંભળીને ક્ષુબ્ધ બની ગયાં.પોલીસનું આ ક્રૂર વર્તન સાંભળી માતાજીને કંપારી આવી ને તેઓ બોલી ઉઠયાંઃ શું કહે છે? "ત્યારપછી ઉશ્કેરાઈને બોલ્યાંઃ કંપનીનો શું આવો હુકમ હતો? શું પોલીસ ઉપરીની આ બહાદુરી કહેવાય? મહારાણી વિકટોરિયાના વખતમાં સ્ત્રીઓ પર અત્યાચાર થયો હોય એવું કદી નથી સાંભળ્યું. આ જો કંપનીનો આદેશ હોય તો હવે એના વધારે દિવસ બાકી રહ્યા નથી. ત્યાં કોઈ મર્દ નહોતા કે પોલીસને ગાલે તમાચા મારી સ્ત્રીઓને છોડી મૂકાવી શકે?[૧૨] આ બંને પ્રસંગો, શાંત સ્વભાવની ગ્રામીણ અભણ મહિલા જરૂર પડે ત્યારે બહેનોએ ક્રાંતિકારી બનીને અન્યાયોનો સામનો કરવો જોઈએ એવો સંદેશ આપી જાય છે.

**ઘરેલું હિંસા સામે**

એક દિવસ માતાજી 'ઉદ્‌બોધન' માં ઉપલે માળે રસ્તા બાજુના વરંડામાં બેઠાં બેઠાં જપ કરતાં હતાં. તે એક દિવસોમાં રસ્તાને પેલે પાર મજૂરોનાં ઝૂંપડાં હતાં. એવા એક ઝૂંપડામાં એક માણસ પોતાની સ્ત્રીને ખૂબ મારતો હતો.પહેલાં તો તમાચા ને મુક્કા મારવાનું શરૂ કર્યું.પછી એવી જોરથી એક લાત મારી કે બાપડી ખોળામાં બેઠેલ બાળક સાથે નીચે ચોકમાં ગબડી પડી. આ પછી પણ લાતો ચાલુ રહી. માતાજીનું જપ કરવાનું અટકી ગયું, વરંડાનો કઠેરો પકડી તેઓ ઊભાં થઈ ગયાં ને તીવ્ર! સ્વરે ક્રોધ કરીને બોલ્યાંઃ "અરે, એઈ મૂરખ, બૈરીને મારી નાખવી છે કે શું? અ રે રે!" એ માણસ ત્યારે ક્રોધથી ઉન્મત્ત હતો, તોપણ એ માતૃમૂર્તિને જોતાંવેંત માથું નીચું કરી મારવાનું બંધ કર્યું. માતાજી તરફથી સહાનુભૂતિ મળતાં એ સ્ત્રી જોરજોરથી રડવા માંડી. એનો વાંક એટલો જ હતો કે એણે વખતસર રાંધ્યું નહોતું. થોડા વખત પછી એ માણસનો ગુસ્સો ઊતર્યો ને પછી એની સ્ત્રીને સમજાવવા બેઠો, ત્યારે એકઠા મળેલા લોકો પોતપોતાને કામે ચાલ્યા ગયા.[૧૩]

બીજો પ્રસંગ મા શારદાએ પોતાના જીવનમાં જાતે અનુભવેલો તે સંદર્ભનો છે. મા પોતે અત્યંત લજ્જાશીલ અને શરમાળ પ્રકૃતિનાં હતાં. ઘૂંઘટથી સદાય ઢંકાયેલાં રહેતાં.પુરુષો સાથે સીધી વાત પણ નહોતાં કરતાં. એક વાર શ્રીરામકૃષ્ણ દેવતા ભકત હરીશને મોટી ઉંમરે મગજની બીમારી થઈ જવાથી તેની મા ઉપર દાનત બગડે છે અને તે માનો પીછો કરે છે. મા એની ખરાબ વૃત્તિ સમજી જાય




ઘરેલુ હિંસાને રોકતા મા શારદા

છે અને અનાજની કોઠારની ફરતે દોડવા લાગે છે. હરીશ માની પાછળ પાછળ દોડીને કોઈ પણ રીતેપીછો છોડતો નથી ત્યારે તેને ભોંય પર પછાડી તેની છાતી પર ઘૂંટણ રાખી તેની જીભ બહાર ખેંચી એના ગાલ પર તમાચા મારે છે. તમાચા મારીને માના હાથ પણ લાલ થઈ જાય છે. હરીશ હું હું કરીને હાંફવા લાગે છે અને થાકીને ચાલ્યો જાય છે.[૧૪] આમ, જ્યારે જરૂર પડે ત્યારે સ્વરક્ષણ કરવાની હિંમત, કોઠાસૂઝ અને આત્મબળ વાપરીને સ્ત્રીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો અહેસાસ કરાવી આજના જમાનાની સ્ત્રીઓને જીવંત દાખલો મા શારદા પૂરો પાડે છે.

# ૬ વ્યવહારુ વેદાંતિષ્ટ

વેદાંતનો મુખ્ય ધ્યેય જીવનસંગ્રામમાં રહીને બધામાં અને બધી વસ્તુઓમાં એક અખંડ દૈવત્વનો અનુભવ કરીને પોતે, અને આજુબાજુના બધા લોકોને આનંદ આપવો.

મા શારદાએ ''વેદાંત'' જેવા એક શુષ્ક અને જટિલ વિષયને ગુફાઓમાંથી, શિખરોમાંથી, જંગલોના એકાંતમાંથી નીચે ઉતારીને સંસાર સંગ્રામમાં ઝંપલાવીને સામાન્ય માણસો માટે પછી તે ગૃહસ્થી હોય કે સંન્યાસી, સ્ત્રી હોય કે પુરુષ દરેકે ભગવાને જ્યાં રાખ્યા છે ત્યાં રહીને જે જુદી જુદી સ્વાભાવવાળી વ્યક્તિઓની સાથે રહીને કામોમાં અને વિવિધ જવાબદારીઓ અને પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કર્યા છે.

મા શારદાના કૌટુંબિક જીવન તરફ દૃષ્ટિ નાંખીએ તો વિવિધ અને વિચિત્ર સ્વભાવવાળાં કુટુંબીજનો જેવાં કે ભત્રીજો રામલાલ, ભાણેજ હૃદયરામ, સ્વાર્થી ભાઈઓ,જિદ્દી,ધૂની અને છૂતાછૂતથી પીડાતી ભત્રીજીઓ, ગાંડી વિધવા ભાભી તરફથી આવી પડતાં દુઃખો અને આફતોને સહન કરીને શાંત્તિ ચિત્તે કોઈ પણ જાતના ઝઘડા કે ફરિયાદ કર્યા વગર

બધાને એકસાથે રાખ્યા અને પોતે પણ એ બધાની સાથે જીવતપર્યંત રહ્યાં. આ જ પ્રમાણે રામકૃષ્ણ મિશનના વિવિધ આશ્રમોમાં અધ્યક્ષો અને તેમની સાથે રહેતા સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને પણ પ્રેમપૂર્વક એકબીજાનો આદર જાળવીને અને વિશ્વાસ રાખીને પરસ્પર સંબંધો કેવી રીતે જાળવવા તે ખુદ માએ પોતે આચરી બતાવીને એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું. આ સંદર્ભના પ્રસંગો 'સ્ત્રી સશકતીકરણ' અને 'અદ્ભુત નેતૃત્વ' ના પ્રકરણમાં વાંચવા મળશે.

**બધાં જ સજીવ પ્રાણીઓ અને નિર્જીવ વસ્તુઓમાં એક જ દેવત્વ**

માના ઘરમાં એક વખત એક સ્ત્રીભકતે આંગણું વાળીને સાવરણી દૂર ફેંકી દીધી તે જોઈને મા બોલી ઊઠયાં "અરે! તે આ શું કર્યું? કામ પૂરું થઈ ગયું એટલે તે સાવરણીને ફેંકી દીધી? જેટલી મિનિટ સાવરણી ફેંકતાં લાગે તેટલી જ મિનિટ સાવરણીને સાચવીને તેને યોગ્ય જગ્યાએ મૂકતાં લાગે. નાની વસ્તુ છે એટલે શું તેને તુચ્છ ગણી કાઢવી જોઈએ? જેને તમે સાચવો તે જ તમને સાચવશે. વળી તેની ફરી જરૂર પડશે જ ને? આ ઉપરાંત સાવરણી પણ ઘરસંસારનું અંગ છે તેથી પણ તેનું એક અલગ મહત્ત્વ છે. નજીવું કામ પણ શ્રદ્ધા સાથે કરવું જોઈએ.[1]

માએ પોતાને ઘેર એક પોપટ પાળ્યો હતો. એનું નામ પાડેલું ગંગારામ, મા તેને પોતાને હાથે નવડાવતાં, ખવડાવતાં, એનું પિંજરું સાફ કરતાં. સવાર-સાંજ એની પાસે જઈને એને બોલવતાં, બેટા ગંગારામબોલો તો, હરે ક્રિષ્ણ હરે રામ, રામ રામ પોપટ પણ એ પ્રમાણે રટયા કરતો. માની પાસે રહેતા બ્રહમચારીઓ મા શારદાને માનું ઉદ્બોધન કરીને બોલાવતા તો તે પોપટ પણ માને મા ઓ મા કહીને બોલાવતો અને મા પણ જાણે કે એના ભૂખતરસને પારખી જઈને આવું છું એમ કહીને ચણા અને પાણી આપતાં જોયાં છે.[2] એક બિલાડી જેવા પશુને લગતા પણ ઘણા પ્રસંગો છે. માની ભત્રીજી રાધુએ એક બિલાડી પાળી હતી. આ બિલાડી વારંવાર આશ્રમના રસોડામાં ઘૂસી જઈને દૂધ-દહીંમાં મોં નાંખી જતી. રસોડું સંભાળતા શિષ્યો ગુસ્સે થઈને તેને મારતા તો કયારેક પૂંછડી ઊંચી કરીને તેને પછાડતા અને બિલાડી પણ દોડી જઈને શ્રી માના પગ પાસે લપાઈ જતી. ત્યારે માએ એમના શિષ્યોને બિલાડીને પણ ભૂખ તરસ લાગે ને, એને પણ એનો ભાગ આપી દો ને એવી સલાહ આપી. જયારે તેમને કૉલકાતા જવાનું થયું ત્યારે પેલા બ્રહમચારી તેને કોઈ દિવસ મારી શકયા નહી, એટલું જ નહી પોતે શાકાહારી હોવા છતાં બિલાડી માટે મચ્છી રાંધીને ખવડવતા. વેદાંતને વ્યવહારમાં ઉતારવાની કેવી રીત?[3]




**મા ના આદેશ પ્રમાણે બિલાડીને પૂજારૂપે જમાડતા શિષ્ય**

જયરામવાટીમાં માના ઘર પાસે એક વાછરડું ભાંભરતું હતું. એને એની માને દોહવા માટે એનાથી અલગ કરીને બાંધવામાં આવ્યું હતું. વાછરડાનો અવાજ સાંભળીને મા તરત બહાર દોડી આવ્યાં એમણે વાછરડાને મુકત કર્યું.[૪]

આવો જ એક પ્રસંગ છે. માની ભત્રીજી રાધુએ એક બિલાડો અને એક બિલાડી પાળી હતી. તે બંનેનાં નામ રાખેલાં રંગ અને રમણી. બંને માની ગૃહસ્થીમાં સારી રીતે ગોઠવાઈ ગયેલાં કોઈ પણ દિવસ તેઓ બંને ખાવાની વસ્તુઓમાં મોંમાં નાંખીને એઠું કરતાં નહીં. રાધુ અને ગુલાબમા જે કંઈ ખાવાપીવાનું આપતાં તેનાથી સંતોષ પામીને રહેતાં હતાં. એક દિવસ માના શિષ્ય રાસબિહારી મહારાજની પથારી બિલાડા રંગે બગાડી તેથી શિષ્યે ગુસ્સે થઈને વહેલી સવારે તેને દૂર જંગલમાં નાંખી આવ્યો. દુખી અને ચિંતિત હૃદયે માએ કહ્યું: કેટલી શરમજનક વાત છે, રાસબિહારીને સવાર-સવારમાં આ શું સૂઝયું? તે સાધુ છે છતાં તેના હૃદયમાં કોમળ લાગણી જેવું નથી. રાધુ અને ગુલાબમાનું તો હૃદય

જ ભાંગી ગયું થોડાક મહિનાઓ બાદ એ રંગ માના ઉદ્‌બોધનમાં પાછો આવ્યો. પણ તે બહુ જ નબળો પડી ગયેલો. થોડા દિવસો પછી તે બહાર શેરીમાં જ મરી ગયો. આ મરેલા બિલાડાને ગંગા નદીમાં પધરાવવાનું કહ્યું. સમાજમાં સામાન્ય રીતે મૃત વ્યક્તિઓની પાછળ મિજબાની આપવાનો રિવાજ છે. તેવી જ રીતે મા શારદાએ બિલાડાના મૃત્યુ પછીના તેરમા દિવસે ભકતો પાસેથી પૈસા ભેગા કરીને મોટી મિજબાની આપી. જેમાં મહેમાનો, બ્રહમચારીઓ તેમજ બેલુર મઠમાંથી સાધુસંન્યાસીને પણ આમંત્રણ આપીને ભરપેટ જમાડયા. આ પ્રસંગે સાધુઓએ ભક્તિગીતો અને કાલીકીર્તન પણ કર્યું. ઠાકુરને ગમતું મારુ મન ભમરો તે પણ ગીત ગવાયુ. આમ એક સ્વર્ગસ્થ પામેલી વ્યક્તિને જે રીતે માનપાન તેમજ તેના આત્માની શાંતિ માટે જ વિધિવિધાનો કરવામાં આવે છે તે બધું જ આ બિલાડા જેવા પશુ માટે પણ કરવામાં આવ્યું.[5]

**સર્વ ભેદભાવોથી પર**

માના મનની ક્ષમતા વિવિધ વ્યક્તિઓ, પરિસ્થિતિઓ અને કામકાજની વચમાં તેમના પ્રેમની વહેતી અવિરત ધારાઓ કોઈ પણ ભેદભાવ વગર પછી તે સ્ત્રી હોય કે પુરુંષ, નાનું બાળક હોય કે વૃદ્ધ, દેશ અને કાળના, સામાજિક અને કૌટુંબિક બંધનોથી પર જઈને સૌ ઉપર પછી તે દેશી હોય કે પરદેશી, હિન્દુ,મુસ્લિમ કે પારસી કોઈ પણ ધર્મ પાળતો હોય, ધની હોય કે નિર્ધન, પંડિત હોય કે શિક્ષિત હોય કે મૂર્ખ કે અભણ, પાપી હોય કે પુણ્યશાળી, ભંગી હોય કે બ્રહમણ, અરે મનુષ્ય પશુ-પંખી, સજીવ અને સાવરણી જેવા નિર્જીવ બધાં જ મર્યાદાઓને ઓળંગીને વહેતી સૌની તૃષ્ણા છિપાવતી જોવા મળે છે. આમ, વેદાંતના મુખ્ય સિદ્ધાંતો કે દરેકમાં દિવ્યતા છુપાયેલી છે, પોતાનામાં અને બીજામાં શ્રદ્ધાં રાખીને આ સુષુપ્ત દિવ્યતા એટલે કે શક્તિઓને જાગૃત કરીને અને બીજાઓમાં રહેલી દિવ્યતાની સાથે એકરૂપ બનીને શાશ્વત, આનંદ અને શાંતિનો અનુભવ કરવો અને કરાવવો તે બધા જ સિદ્ધાંતોનું આચરણ માના જીવનચરિત્રમાં જોવા મળે છે. છેલ્લે માની અંતિમ યાત્રાના પાંચ દિવસ પહેલાં મૂંઝવણમાં ડૂબેલી, પીડાતી અને ધિક્કરથી થાકેલી દુનિયાને એક સ્ત્રીશિષ્ય દ્વારા પુછાયેલા સવાલના જવાબમાં “જો મનની શાંતિ જોઈતી હોય તો બીજાના દોષ તરફ ન જુઓ, જોવા હોય તો પોતાના દોષ જુઓ. આખી દુનિયા તમારી પોતાની બનાવતાં શીખો. બેટા, કોઈ પારકું નથી, સૌ પોતાના છે...” આપેલા અંતિમ સંદેશમાં મા શારદા એક વ્યવહારુ વેદાંતિષ્ટા હોય તેવી લાગણી ઊભી થાય છે.

આપણે જાણીએ છીએ તેમ જુદા જુદા ધર્મના સ્થાપકોએ એકાંતમાં જઈને, હિન્દુ

ધર્મના ઋષિ મુનિઓએ જંગલોમાં જઈને, યહૂદીઓના પયંગમ્બર મોઝીઝે પર્વત ઉપર, ઈસ્લામ ધર્મના મહંમદ પયંગમ્બરે ગુફામાં જઈને, ખ્રિસ્તી ધર્મનો ઈસુ ભગવાને પરમ તત્ત્વની ખોજ કરી હતી. પરંતુ મા શારદાએ આધ્યાત્મિક વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનને વિભિન્ન રીતે ન જોતાં બંને એક જ વૈશ્વિક પરમ શકિતનાં જુદાં જુદાં અંગ છે તેનો સમન્વય કરવાથી વ્યક્તિ પોતે અને દુનિયા પણ સુખ-શાંતિથી રહી શકે એ રીતનું આચરણ કરી બતાવીને એક વૈજ્ઞાનિકને છાજે એવું આગવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આજથી ૧૫૦ વર્ષ પહેલા આઈરિશ બેન માર્ગરેટ એલિઝાબેથે જે આપણા દેશમાં સિસ્ટર નિવેદિતા તરીકે ઓળખાય છે તેમને મા શારદા વિશે લખેલું એમનું જીવન એટલે પ્રાચીન આદર્શ અને આધુનિક આદર્શ બન્નેના સમન્વયની પ્રથમ અભિવ્યક્તિ.[૬]

**કોઈ પારકું નથી**
**દુનિયાને પોતાની બનાવતાં શીખો**

# ૭ કર્મયોગી મા શારદા

મા શારદાએ પોતે જીવનમાં અંત સુધી કાર્ય કરતા રહીને કર્મયોગી તરીકેનો આદર્શ પ્રસ્થાપિત કર્યો. નાનપણમાં પિતૃગૃહે પોતાની માને રસોઈમાં, વાસણમાં સાફ કરવામાં મદદ કરવી, ઘરની ગાયો માટે ચારો વાઢી લાવવો. લણણીના દિવસોમાં ડાંગરની નાની નાની ભારીઓ ઊંચકવામાં મદદ કરવી, જેવાં ગ્રામજીવનનાં ઘરગથ્થુ કામો તેઓ કરતાં. મોટી બહેન તરીકે નાનકડી શારદાનો મોટાભાગનો સમય નાનાં ભાંડુઓને રમાડવાં, સાચવવાં, ચણા-મમરાનું ચવાણું સૌને વહેંચી આપવું વગેરે કામોમાં જતો.[૧]

લગ્ન કર્યા બાદ સાસુ તેમજ વૈરાગી પતિની સેવામાં અને ત્યારબાદ ભકત-સંતાનોની સેવામાં સમય પસાર થયેલો. બધાં જ કામો તેઓ કુશળતાથી અને વ્યવહારુ દક્ષતાથી કરતાં હતાં છતાં દેશ એટલે કે સ્થળ, કાળ એટલે કે સમય અને પાત્ર અનુસાર વાણી, વર્તન, વ્યવહાર કરતાં. શ્રી મા નિરંતર, થાકયા વગર કામો કરવા છતાં આંતરિક રીતે પૂર્ણ રીતે શાંત દેખાતાં. કયારે પણ કોઈના માટે એમનું ચિત્ત લેપાઈ જતું નહીં કે વિહવળ થઈ જતું નહીં. જુદી જુદી પરિસ્થિતિઓમાં સમતા અને શાંતિ જાળવીને યોગ્ય નિર્ણય આપતાં.

આવાં કર્મયોગી શ્રીમાના જીવનના થોડા પ્રસંગો અને સંદેશાઓ વાંચીએ.

૧૯મી સદીમાં જ્યારે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરવાની હતી તે સમયગાળામાં વિવિધ ધર્મો અને સંપ્રદાયના સાધુ-સંતો આધ્યાત્મિક સાધના માટે એકાંતમાં રહેવાનું પસંદ કરતા. લોકસેવાનાં કામો કરવાં એ શાસ્ત્રવિરુદ્ધ છે એમ માનતા. સ્વામી વિવેકાનંદે શિવજ્ઞાને જીવસેવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરેલ મિશનની સ્થાપના કરી, ત્યારે લોકોએ ખુદ એમના ગુરુભાઈઓ તેમજ ઠાકુરના ગૃહસ્થ ભકતોએ પણ સ્વામીજી સામે સખ્ત વિરોધ કરેલો. આ શરૂઆતના સમયમાં મા શારદાએ સ્વામીજીના આ મિશનને એ જાણે કે મહોર મારીને અનુમોદન આપેલું તે સંદર્ભનો એક પ્રસંગ છે. ઈ.સ. ૧૯૧૨ના નવેમ્બર માસમાં મા તેમનાં સ્ત્રીભકતો તેમજ કથામૃતના લેખક મહેન્દ્રનાથ ગુપ્તા અને અન્ય સાધુ સંન્યાસીઓ સાથે કાશી-બનારસની યાત્રાએ ગયેલા ત્યારે બનારસની સેવાશ્રમ હૉસ્પિટલનું કામ જોઈને ખૂબ ખુશ થયેલા. અને હૉસ્પિટલ માટે રૂા.૧૦ પણ આપેલા. એ જ દિવસ એક ભક્તે માતાજીને પ્રણામ કરવા જતાં પૂછયું: ‘‘મા, સેવાશ્રમનું કામ કેવું લાગ્યું?’’ માતાજીએ ધીરેથી જવાબ વાળ્યો.: ‘‘મેં જોયું કે, ત્યાં ઠાકુર સાક્ષાત્ વિરાજે છે. એટલે જ આ બધું ચાલે છે. આ એમનું જ કામ છે.’’ આ વાત સ્વામી બ્રહ્માનંદને જણાવવામાં આવી ત્યારે તેમણે તે સ્વામી શિવાનંદને કહી. બરાબર એ જ વખતે મહેન્દ્ર ગુપ્ત અદ્વૈત આશ્રમમાં આવ્યા. એમની એવી ધારણા હતી કે સાધના કર્યા વિના સમાજસેવાનું વ્રત લઈ કામ કરવું એ પ્રભુ શ્રીરામકૃષ્ણના આદર્શો સાથે બંધબેસતું નથી. સ્વામી બ્રહ્માનંદ આ જાણતા હતા તેથી એમને આવતા જોઈને તરત કેટલાક ભકતોને તથા બ્રહ્મચારીઓને એમની પાસે મોકલીને પૂછાવ્યું: ‘‘મા કહે છે કે સેવાશ્રમનું કામ તે ઠાકુરનું જ કામ છે: ઠાકુર ત્યાં હાજરાહજૂર છે. હવે આપ શું કહો છો?’’ એક સાથે સૌએ આમ પ્રશ્નો કરવા માંડયા : મહારાજ  પણ તેમાં જોડાયા. ત્યારે મહેન્દ્ર ગુપ્ત હસતાં હસતાં બોલ્યા: ‘‘હવે તો એ વાતનો ઈન્કાર થઈ શકે તેમ નથી.’’[2]

**નિરંતર નાનું મોટું કાર્ય કુશળતાથી કરો**

સને ૧૯૧૨માં કાશીમાં રહેતી વખતે માતાજી એક દિવસ શ્રીરામકૃષ્ણ મિશન દ્વારા ચાલતો વૃદ્ધાઓનો આશ્રમ જોવા ગયાં હતાં.એ જોઈ એમણે કહ્યું :‘‘આ અનાથ, વૃદ્ધ સ્ત્રીઓની સેવા કરવી એ નારાયણની સેવા કરવા બરોબર છે. અરે આ છોકરાઓ કેવું સુંદર કામ કરે છે!’’[3]

આ જ અરસામાં બીજા એક ત્યાગી સંતે આવીને કહ્યું કે કોઈ કોઈ કહે છે કે સેવાશ્રમ-ઈસ્પિતાલ ચલાવવી, ચોપડીઓ વેચવી, હિસાબ રાખવો વગેરે કામો




**મા એ પ્રસ્થાપિત કરેલા "શિવ જ્ઞાને જીવ સેવા" કરતા સાધુઓ**

સાધુજીવનને અનુકૂળ નથી; કારણ કે ઠાકુરે પણ આવું કંઈ કર્યું ન હતું. કામ કરવું જ હોય તો પૂજા, જપ, ધ્યાન વગેરે જ કરવાં જોઈએ. બીજાં બધાં કામો મનને વિષય તરફ ખેંચીને સાધુને ઈશ્વરથી વિમુખ કરે છે. એની બધી વાત સાંભળી માતાજીએ દઢતાથી કહ્યું: ''કામ નહીં કરો તો આખો દિવસ કરશો શું? ચોવીસ કલાક કંઈ ધ્યાન-જપ કરી શકાય? ને ઠાકુરની વાત કરો છો? એમની વાત જ જુદી. તમને અહીં ખવાનું મળે છે; કારણ, તમે કામ કરો છો. નહીં તો એક મૂઠી અન્ન માટે ઘરે ઘરે ભટકયા કરશો? પ્રભુ જેમ ચલાવે છે, તેમ જ ચાલશો. મઠ આ પ્રમાણે જ ચાલશે. જે લોકો આમ ન રહી શકે તેઓ જઈ શકે છે.''[૪]

એક દિવસ જયરામવાટીમાં જપ-ધ્યાન વિશે એમણે કહ્યું હતું : ''આખો વખત જપ-ધ્યાન કેટલા માણસો કરી શકે? એના કરતાં મન સ્થિર કરી, ચંચળ ન બની, કામ કરવું વધારે સારું. મનને છૂટું મૂકોતો મુશ્કેલીઓ ઊભી કરે. મારા નરેને આ બધું જોઈને જ નિષ્કામ કર્મની શરૂઆત કરી.[૫]

જયરામવાટીમાં માતાજીના સેવક રાસબિહારી મહારાજે માતાજીના ગૃહસ્થ ભકત ચદ્રમોહન દત્તને માનાં સંસ્મરણોનો એક પ્રસંગ કહેલો. એક દિવસે રાસબિહારી મહારાજ એમની હૈયાવરાળ કાઢતાં માને પૂછેલું કે મા આમ મકાનોના બાંધકામોની દેખરેખ, હિસાબો રાખવા, બજારમાં જઈને ખરીદી કરવી, એવાં બધાં કામો કરવામાં જ મારે જીવન વિતાવવાનું થશે. ત્યારે માએ શાંતિથી એમને જવાબ આપ્યો. "બેટા, બોલ તારે બીજું શું કરવાની ઈચ્છા છે? આ વખતે ઈશ્વર સાક્ષાત્કાર માટે સ્વામીજીએ આ જ રસ્તો બતાવ્યો છે. જો બધાં જ કામો ભગવાની પૂજા ગણીને પરિણામની ચિંતા કર્યા વગર કરીશ તો તને જરૂર મુક્તિ મળશે. તું બીજું શું કરવા માંગે છે? શું તારે હિમાલયમાં જઈને તપસ્યા કરવી છે? ત્યાં તું સાધુઓને રોટીના ટુકડા માટે કે ઠંડીમાં ઓઢવાના બ્લૅન્કેટ માટે અંદરોઅંદર લડતા જોઈશ. આ બધું કામકાજ છોડીને અત્યારે તું જંગલમાં કે પર્વતની ગુફામાં જઈને આંખો બંધ કરીને બેસી જઈશ તો ભગવાન તારી સામે આવીને ઊભા રહેશે? નરેન્દ્રે જે રસ્તો બતાવ્યો છે તે શું વધુ સારો રસ્તો નથી? આવી રીતે કામ કરવાની સરખામણીમાં બીજું શું કરવું તને સારુ લાગે છે? તું જે કંઈ કામ કરે છે તે ઈશ્વરની સેવા જ છે. તું ઈશ્વરનું જ કામ કરી રહ્યો છે એવું વિચારીને તું કામ કર. આ બધાં કામો મારાં છે એવું શું કામ વિચારે છે. જો તું મારી સામે જો, માની આજ્ઞા પ્રમાણે માના મોં સામે જોયું. સીધાં સાદાં, મોટી ઉંમરનાં માતાજીની જગ્યાએ તેમને ચારે બાજુ પ્રકાશથી ઝગમગતી જગ્યામાં તેજના અંબાર સમાં જીવતાં જાગતાં દેવીનાં દર્શન થયાં. આ દેવી સામે તેઓ લાંબો વખત જોઈ શકયા નહિ. અવાક્ થઈને, ગભરાઈ જઈને તેમને તેમની આંખો ઢાંકી દીધી. થોડી જ વારમાં માતાજીનો પૂર્વ પરિચિત અવાજ સંભળાયો. રાસબિહારી તને એકદમ શું થઈ ગયું? તેં તારી આંખો કેમ બંધ કરી દીધી જો જો તું મારી સામે જો મહારાજે આંખો ખોલી અને જોયું તો ફરીથી એમને માતાજીનું પૂર્વપરિચિત હાસ્યભર્યું મોં દેખાયું.[૬]

**મુકિત જરૂર મળશે જ**
**બધા જ કામો**
**ભગવાનની પૂજા ગણી કરશો તો**

**તું ઈશ્વરનું જ કામ કરી રહ્યો છે**
**એવું વિચારીને કામ કર.**

આ પ્રસંગ માતાજીના ગૃહસ્થ ભકત કુમુદબંધુ સેને કહેલો છેઃ સ્વામી વિવેકાનંદે તેમના ગુરુભાઈઓને લખેલ એક પત્ર સ્વામી ત્રિગુણાતીતાનંદ માને સંભળાવી રહ્યા હતા. સ્વામીજીએ આ કાગળ માતાજી તેમજ તેમનાં સ્ત્રીભકતો સામે વાંચવાની સૂચના આપી હતી. આ પત્રમાં સ્વામીજીએ તેમના ગુરુભાઈઓને

ઠાકુરની સેવા અને ત્યાગમય જીવન જીવવાનો પ્રચાર-પ્રસાર કરવાની ખાસ અપીલ કરી હતી.પત્ર વાંચીને માએ કહ્યું કે "નરેન તો માસ્ટરના હાથનું એક ઈન્સ્ટ્રમેન્ટ છે. નરેન તો ઠાકુરના આદર્શોને ચરિતાર્થ કરવાનું એક માધ્યમ છે. જે આખી દુનિયાના લોકોની સેવા કરવા માટે તેમના શિષ્યો અને ભકતોને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે ઠાકુર તેમને આવા શબ્દો લખાવી રહ્યા છે. નરેન જે લખી રહ્યો છે તે એકદમ સાચું છે. હવે પછીના સમયમાં આ સંદેશાની મોટી અસર દુનિયા ઉપર પડવાની છે."[૭]

એક દિવસે રામમય મહારાજ જમવા બેસવા માટે આસનો પાથરતા હતા. મા વરંડામાંથી બધું જોતાં હતાં. માએ કહ્યું કે તેં આસનો સરખી રીતે મૂકયાં નથી એટલે મેં ફરીથી મારી રીતે સરખાં મૂકવા માંડયાં. ફરી માએ કહ્યું. હજુ આસનો સરખી રીતે ગોઠવાયાં નથી, હું તો મૂંઝાઈ ગયો કે સરખી રીતે એટલે શું? મા વરંડામાંથી ઉભાં થઈને જાતે અંદર આવ્યાં. દરેક આસનો એકબીજાને સંમાતર અને બે આસનો વચ્ચે સરખી જગ્યા રહે તેમજ તે બધા આસનોની આગલા ભાગોની એક સીધી લાઇન થઈ જાય તે રીતે વ્યવસ્થિત ગોઠવ્યાં. માએ જાણે કે શિષ્યના મનને સ્થિર રાખીને પરમ તત્ત્વને પહોંચવા માટેની તાલીમ આપી દીધી.[૮] અધ્યાત્મ જીવનની આંતરિક શુદ્ધતાની સાથે સાથે સાંસારિક જીવનમાં રોજબરોજનાં વાણી, વર્તન અને વ્યવહાર જાળવતી વખતે બાહ્ય સ્વચ્છતાનું સમન્વય પોતે જાતે કરતાં અને શિષ્યોને પણ કરાવતાં. આમ નાનાં નાનાં કામોમાં પણ મા કુશળતાપૂર્વક અને સાચી ભાવના સાથે કરતાં અને કરાવતાં.

માના જીવન દ્વારા સતત કાર્યરત રહીને અનાસકત ભાવ કેળવીને કરેલાં કામોની લાંબી યાદી છે. મા શિષ્યોને પણ તેમના મનને સતત કામમાં રહેવાની સલાહ આપતો એક પ્રસંગ જોઈએ.૧૯૧૨-૧૩ની સાલમાં માના કેટલાક શિષ્યો સ્વદેશી ચળવળમાં ડૂબી જઈને તેમની શક્તિઓને નકામી વાતોમાં, ભટકવામાં અને વંદેમાતરમ્ જેવા નારા લગાવવામાં વપરાતી જોઈ ત્યારે તેમને કહ્યુંઃ જુઓ તમે બધા તમારી શક્તિ આવી રીતે વેડફો નહીં, સાળ લઈ આવો અને કાપડ વણવાનું શરૂ કરો. તમે બધા કામમાં લાગી જાઓ. સાથે સાથે માત્ર આદેશ આપીને અટકી ન જતા તેમને કહ્યું કે મને પણ ઈચ્છા થાય છે કે મને પણ ચરખો મળે તો હું પણ ચરખો કાંતું. તમે લોકો કામમાં લાગી જાવ.[૯] મામાં રહેલા અનાસકત ભાવની હવે વાત કરીએ. માએ બાપ વગરની ભત્રીજી રાધીની જિંદગીભર આંખની કીકીની જેમ દરકાર રાખી હતી. તે ભત્રીજી અને નલિનીને તેમના શિષ્ય સ્વામી ઈશાનંદજીને કહેલું કે આ બધાને તમે અહીથી લઈ જાવ અને જયરામવાટીમાં

મૂકી આવો. હવે તેઓ મારી પાસે ન આવે તે જોજો. માનો આ અનાસકત ભાવ જોઈને તેમના કુટુંબનાં સગાંવહાલાંઓ પણ તેમની પાસે જવાની હિંમત કરી શકતાં નહીં. રાધુનો નાનો દીકરો ઘૂંટણિયાભેર ચાલતો ચાલતો માની પથારી પાસે આવ્યો અને પહેલાંની મુજબ માની છાતી પર ચઢવા પ્રયત્ન કર્યો. આ જોઈને માએ એ નાના બાળકને કહ્યું કે હવે મેં માયા સાવ કાપી નાંખી છે. હવે તું મને બંધનમાં નાખી શકીશ નહી.[10] ભગિની નિવેદિતાએ માની અલિપ્ત રહીને રોજબરોજની દિનચર્યાનો જાતે અનુભવ કરેલો તેને વિશે એકપત્રમાં લખેલું કે તમારી સ્મૃતિ રાગ અને દ્વેષના દ્વંદ્વથી રહિત શિખરવાળી શાંતિ સમી છે અને મા તમે કમળપત્ર પર પડેલા ઝાકળના બિંદુની જેમ સંસારથી અલગ રહીને શ્રી પ્રભુમાં થરકી રહેવાય એવી".[11]

**તમારી શકિતઓને નકામી વાતોમાં ભટકવામાં વેડફો નહીં રચનાત્મક કાર્યમાં લાગી જાવ.**

મા શારદાએ અનાસકત રહીને માણસે પોતાની જાતને પ્રવૃત્તિઓમાં રાખીને કે જેથી મન પ્રસન્ન રહે, અને પ્રસન્ન મનથી જનસેવા એ જ પ્રભુસેવાનો આદર્શ પ્રસ્થાપિત કર્યો.

# ૮ વૈજ્ઞાનિક મા શારદા

આજે એકવીસમી સદીમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે વિવિધ શોધોએ માનવ જાતને અકલ્પની સિદ્ધિઓ, સુખસગવડો પુરા પાડયાં છે. ઘરમા આરામથી બેઠા બેઠા, આંખના પલકારામાં આખી દુનિયા સાથે સંપર્ક કરી શકીએ છીએ. પરંતુ બીજી બાજુએ વૈજ્ઞાનિક ક્ષેત્રે વિકાસ પામેલા દેશોમાં વધી રહેલાં કૌટુંબિક ભંગાણોને લીધે ઊભાં થયેલ એકાકીપણું, અનિશ્ચિતતા, અસલામતી, અવ્યકત એવા વિવિધ પ્રકારના ભય, મા-બાપના પ્રેમ અને હૂંફથી વંચિત રહી ગયેલાં બાળકોની વિકૃત મનોદશા, ધાર્મિક યુદ્ધો, ઊભી થઈ રહેલી પર્યાવરણની સમસ્યાઓએ અમુક લોકોના મનમાં વિજ્ઞાન એટલે શું? તેને લગતા અનેક સવાલો ઊભા થયા છે.

સામાન્ય રીતે આજે વિજ્ઞાન એટલે જે જ્ઞાન પદ્ધતિસર રીતે પ્રાયોગિક રીતે સાબિત કરી શકાય અને ઇન્દ્રિયો દ્વારા જેનો અનુભવ કરી શકાય તેવી વ્યાખ્યા થઈ રહી છે. બીજું, કેટલાક લોકો વિજ્ઞાનનો અર્થ જે માત્ર માનવજીવનમાં સુખસુવિધાઓ વધારીને શરૂઆતમાં પરંતુ ટૂંકા ગાળા માટે આનંદ આપે તેવો કરે છે. પ્રાચીન વિજ્ઞાને હજારો વર્ષોથી

સમાજને ટકાવી રાખ્યો છે તેને જુનવાણી સમજીને સંપૂર્ણપણે તિલાંજલી આપી દેવી તેને શું વિજ્ઞાન કહી શકાય?

**વિજ્ઞાન એટલે જે જ્ઞાન માનવ જીવોને લાંબાગાળા માટે સુખ શાંતિ આપે તે.**

આવા જટિલ પ્રશ્નોના જવાબોમાં ૧૯મી સદીના ગ્રામીણ અભણ મહિલા મા શારદાના જીવનના ઘણા પ્રસંગો જોવા મળે છે. તેમનાં જીવનમાં પરસ્પર વિરોધી લાગતા વિચારો અને આદર્શોનો સમન્વય જોવામળે છે. જેમ કે પ્રાચીન અને અર્વાચીન, વિજ્ઞાન અને અધ્યાત્મ.

## પ્રાચીન અને અર્વાચીન આદર્શોનો સમન્વય

મા શારદાએ પ્રાચીન સમયના કન્યાકેળવણી, લગ્નસંદર્ભ, વિધવાઓને લગતા હાનિકારક રૂઢિરિવાજોનો ભંગ કરવાની સાથે સાથે આધુનિક વિજ્ઞાન અને ટેકાનોલૉજીનો સ્વીકાર કરીને બંનેનો સમન્વય કરીને પોતાના જીવનમાં તેમજ બીજા લોકોને પણ એ કરવાની સલાહ આપેલ. આજે એકવીસમી સદીમાં કેટલાક વિકસિત દેશોમાં બીજા દેશની ભાષા ખાસ કરીને અંગ્રેજી શીખવા અને તેમાં વાતચીત કરવાની મનાઈ અને વિરોધ કરવાની વાતો સાંભળીએ છીએ. ત્યારે ૧૯મી સદીનાં અભણ મા શારદાએ તેમના અર્ધશિક્ષિત ગ્રામીણ શિષ્યોને અંગ્રેજી ભાષા શિખવાનો આગ્રહ કરતાં. એ કહેતાં કે ઘણા વિદેશી ભકતો આવશે ત્યારે તેમની સાથે અંગ્રેજી ભાષામાં વાતચીત કરવી પડશે. વળી સલાહ આપીને અટકી ન જતાં અંગ્રેજી શિખવાડવા માટે શિક્ષકની પણ નિમણૂક કરી.[૧]

બ્રિટિશ શિષ્યા નિવેદિતાઓ શરૂ કરેલ કન્યા વિદ્યાલયની મુલાકાત દરમિયાન અમુક છોકરીઓ અંગ્રેજી ભાષા જાણે છે એ જાણીને તે દીકરીને એક બંગાળી વાક્યનું અંગ્રેજી કરી આપવાનું કહીને જાણે કે અંગ્રેજી ભાષા શીખવાનું અનુમોદન આપેલ. એક વખત એક યુરોપિયન સન્નારી માને મળવા આવ્યાં ત્યારે શ્રીમાએ હાથ લંબાવ્યો અને હસ્તધૂનન કરી કહ્યું, ‘‘આવો, પછી શ્રીમા બોલ્યાં જયારે કોઈ રોમ જાય ત્યારે રોમના લોકો કરે તેમ કરવું જોઈએ.....[૨]

## અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય

આજે ઘણા લોકો વિજ્ઞાન અને અધ્યાત્મને પરસ્પર વિરોધી માને છે. જ્યારે થોડી વિરલ વ્યક્તિઓ આ બંનેને એક સિક્કાની બે બાજુઓ ગણે છે. તેઓ માને છે કે માનવ જાતની સુખાકારી અને શાંતિ માટે આ બંનેનો સમન્વય જરૂરી છે.

ભૌતિક વિજ્ઞાનમાં પ્રયોગો દ્વારા સિદ્ધાંતોને સાબિત કરવામાં આવે છે. જે




જમવા માટેના પાંદડા પતરાળાં પાણીથી ધોતા

માટે જરૂરી સાધનો, રસાયણો અને એક ચોક્કસ પ્રક્રિયાને અનુસરવાનું હોય છે. તે જ રીતે મા શારદાના જીવનમાં આધ્યાત્મિક વિજ્ઞાનની સાબિતી માટે વિવેક, વૈરાગ્ય, પવિત્રતા જેવાં સાધનો અને રસાયણોનો ઉપયોગ કરીને બધી જ સ્થાવર જંગમ વસ્તુઓમાં, એક જ મૂળતત્ત્વ રહેલું છે જે છે શુદ્ધ પ્રેમ. આ પ્રેમને મા શારદાના જીવનમાં દરેક નાનાંમોટાં કામોમાં તેમજ વ્યક્તિઓ સાથેના વાણી-વર્તન અને વ્યવહારમાં જોવા મળે છે. બ્રિટિશ સરોની શોધ-રેલવે વગેર અંગ્રેજી સેવાઓ સાથે સાથે તેનો અભ્યાસપૂર્વક અને વિવેકપૂર્વક ઉપયોગ કરવાની સલાહમાં અદ્‌ભુત સમજણ જોવા મળે છે.

**સાચુ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન એટલે આધ્યાત્મિક વિજ્ઞાનનો સમન્વય**

ઈ.સ. ૧૯૧૭-૧૮ ના સમયની વાત છે. જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલી રહ્યું

હતું. એક દિવસ મા શારદાના શિષ્ય સ્વામી અરૂપાનંદજી શ્રીમાને પ્રણામ કરવા આવેલા. તેની તબિયત અને ક્ષેમકુશળતાના સમાચાર પૂછયા બાદ શ્રીમાએ શિષ્યને પૂછયું, ''ઠીક બેટા, લડાઈના શું ખબર છે, જિંદગીનો કેવો ભયંકર વ્યય, લોકોને મારવાને માટે કેવાં મોટાં મશીનો તેઓએ શોધ્યાં.'' શિષ્યો સાથેના વાર્તાલાપમાં માએ કહ્યું ''વિજ્ઞાને નોતરેલા ભયંકર વિનાશની સાથે સાથે તેની માનવકલ્યાણ માટે જરૂરિયાત પણ છે તે દર્શાવતાં કહ્યું કે, વિજ્ઞાને અસંખ્ય નાનાં યંત્રો અને મશીનો આજે તો- ટેલિગ્રાફી અને આ બધું જુઓ દા.ત. રાસબિહારીએ ગઈકાલે કૉલકાતા છોડ્યું અને આજે અહીં પહોંચી ગયો. તે દિવસોમાં તો દક્ષિણેશ્વર પહોંચવા માટે પણ અમારે કેટલું ચાલવું પડતું અને કેટલો શ્રમ કરવો પડતો.'' આ વાતથી પ્રોત્સાહિત થઈને પ્રબોધબાબુ (બદનગંજની શાળાના હેડમાસ્ટર) પશ્ચિમની કેળવણી અને વિજ્ઞાનની પ્રસંશા કરવા લાગ્યા, અને છેવટે તેમણે કહ્યું ''બ્રિટિશ સરકારે આપણા દેશમાં સામાન્ય હિતને વધાર્યું છે.'' શ્રીમા આખો વખત માથું હલાવતાં હતાં, પણ પછી તેમણે કહ્યું, પણ બેટા, આ લાભો તો છે. છતાં આપણા દેશમાં કાપડ અને અનાજની તંગી ઘણીબધી છે. જૂના વખતમાં આટલી બધી તંગી ન હતી.[૩]

હવે અધ્યાત્મ જેવા ગૂઢ વિષયને રોજબરોજના જીવનવ્યવહારમાં આચરવા માટે મનને સંયમમાં રાખી સ્થિર કરીને નાનું મોટું કામ કરવાની ટેવ પાડવી જરૂરી છે, એ વિષયને લગતા બે પ્રસંગો વાંચીએ. માના શિષ્ય રામમય મહારાજ નાની ઉંમરથી જ્યારે તેઓ ધોરણ-૭માં અભ્યાસ કરતા હતા ત્યારથી બીજાં પાંચ વર્ષ સુધી માને વારંવાર મળવા જતા અને સ્કૂલની શનિ-રવિની રજામાં માની સાથે રહીને માનાં નાનાં-મોટાં કામો કરીને માની સેવા કરતાં. એક દિવસ રામમય મહારાજ ભકતો માટે જમવાની તૈયારી કરી રહ્યા હતા. જમવા માટે વપરાતા સાલના પાંદડાનાં પતરાળાં તેઓ ખંખેરીને તેના ઉપર પાણીના છાંટા નાંખીને સાફ કરીને મૂકવા માંડયાં. આ જોઈને માએ કહ્યું, અરે,આમ ન કર, આ પતરાળાં બરાબર સાફ કર, નહીં તો તેના ઉપર ચોંટેલી ધૂળ રહી જશે અને મારા દીકરાઓ એમાં જમશે તો એમના પેટમાં જશે. પછી તેમણે ઉમેર્યું, જ્યારે હું આ કામ કરતી, પહેલાં પાણીથી સાફ કરતી અને કપડાથી લૂંછી નાંખતી.[૪]

**સાચુ વિજ્ઞાન એટલે જીવન વ્યવહારમાં મનને સંયમમાં રાખીને કામ કરવું.**

શાસ્ત્રોમાં દર્શાવેલી વિધિઓને જડપણે વળગી ન રહીને સ્થળ, સમય અને વ્યક્તિને સાનુકૂળ મંત્રદીક્ષા આપતા. આધ્યાત્મિક જીવનમાં ઇચ્છુક ભકતો અને

શિષ્યોને તેમને રેલવે સ્ટેશન ઉપર ઊભા ઊભા તો કયારેક ઘાસના આસન પર તો કોઈ શિષ્ય પાસે ગુરૂદક્ષિણા માટે અર્પણ કરવાનું કાંઈ જ ન હોય ત્યારે પોતે જ એક રૂપિયો કે ફળ આપીને કોઈક ભકતે કાંઈક ખાઈ પણ લીધું હોય તો ભૂખ્યા પેટનો આગ્રહ રાખ્યા વગર મંત્ર દીક્ષા આપેલી.

મા શારદાના શિષ્ય સ્વામી ઈશાનંદજી તેમનાં સંસ્મરણોમાં લખે છે કે, એક દિવસ એક છોકરો પોલીસના જાપ્તા નીચેથી છૂટયો કે તરત જ શ્રીમા પાસે આવ્યો. તે સાંજે આવ્યો અને મંત્રદીક્ષા માટે પ્રાર્થના કરી. તે દિવસોમાં, આશ્રમ ઉપર પોલીસ કડક નજર રાખતી હતી અને તેથી અધ્યક્ષે તેને જતા રહેવા કહ્યું. જયારે શ્રીમાએ આ સમાચાર સાંભળ્યા, ત્યારે તેમણે કહ્યું, ‘‘અ રે રે, કેટલી બધી મુશ્કેલીથી અને કેટલી બધી ઉત્કંઠતાથી છોકરો આવ્યો હોવો જોઈએ? જો રાત્રિએ તમે તેને બીજા કોઈના ઘરમાં રાખવાની વ્યવસ્થા કરી શકો તો બીજા દિવસે વહેલી સવારે હું મંત્રદીક્ષા આપીશ અને તેને રવાના થવાનું કહીશ. આ સૂચના મુજબ મેં તેને અન્ય સ્થળે રાખ્યો. બીજા દિવસે વહેલી સવારે શ્રીમા સાથે હું રાધુના ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે તે છોકરો રસ્તામાં શ્રીમાને મળ્યો. તે સ્નાન કરીને પાછો ફરતો હતો. બાજુના તળાવમાંથી થોડું પાણી લાવવા શ્રીમાએ મને કહ્યું, એક પાત્રમાં હું પાણી લાવ્યો પછી મા કશુંક શોધતાં જણાયાં અને મેં પૂછયું એક આસન લાવું? શ્રીમાએ કહ્યું,ના તારે ફરીથી જવાની જરૂર નથી. થોડું સૂકું ઘાસ જમીન પર પાથર જેથી અમે બેસી શકીએ. મેં તેમ કર્યું. તેઓ બંનેએ ઘાસ ઉપર અલગ અલગ જગ્યા લીધી અને શ્રીમાએ મને દૂર જવા કહ્યું અને પેલા છોકરાને દીક્ષા આપી.[૫] આમ માના જીવનમાં અધ્યાત્મ, વિજ્ઞાન અને વાસ્તવિકતાનો સુમેળ જોવા મળે છે.

# ૯ પર્યાવરણ પ્રેમી મા શારદા

આજે ૨૧ મી સદીમાં પર્યાવરણને કારણે ઊભા થતા પ્રશ્નો માટે એક દેશ બીજા દેશ ઉપર દોષારોપણ કરી રહ્યું છે. ગ્લોબલ વૉર્મિંગ આજની મુખ્ય સમસ્યા થઈ પડી છે. તેનાં કારણો અને પર્યાવરણને બચાવવાના ઉપાયો વિશે આખી દુનિયા ચિંતિત છે ત્યારે ૧૫૦ વર્ષ પહેલાં માના જીવનવ્યવહારમાં જોવા મળતા પ્રસંગોમાંથી જાણે કે ભવિષ્યમાં આ સમસ્યા ઊભી થશે અને તેના સીધાસાદા ઉપાયો દરેક વ્યક્તિ પોતાના જીવનમાં આચરી શકે તેવા પ્રસંગો જોવા મળે છે.

એક દિવસ એક ભકત ભગવાનને ધરાવવા પ્રસાદ માટે ટોપલી ભરીને ફળો લાવ્યો. તેણે તે ફળો મંદિરની જવાબદારી સંભાળી રહેલા સાધુ બ્રહ્મચારીને આપી દીધાં, બાદ એ ટોપલીનું શું કરવું એવો સવાલ પૂછયો. બ્રહ્મચારીએ તે ટોપલીને શેરીમાં ફેંકી દેવાનું કહ્યું. મા ત્યાં જ બેઠેલાં, તેમણે શેરી તરફ નજર કરીને કહ્યું, ‘‘જુઓ તો ખરા આવી સરસ ટોપલીને ફેંકી દેવાય? માએ કહ્યું.... એને કશી પડી નથી... એ તો સાધુ છે ને એટલે અનાસકત છે..... પણ આપણે આવો બગાડ ન ચલાવી લઈએ. શાકભાજી



ગંગાસ્નાન પછી રસ્તે આવતાં ફૂલછોડને પાણી પિવડાવતાં

સમારતાં નીકળતો કચરો, ફળોની છાલ, ઠળિયા વગેરે રાખવા માટે આ ટોપલીનો ઉપયોગ કરી શકાય.... આ છાલ, ઠળિયા વગેરે ઉપર ગાય-બકરીનો અધિકાર છે. પછીથી એ ટોપલી લાવવાનું કહ્યું. એને ધોવડાવી અને ચોખ્ખી કરીને યોગ્ય જગ્યાએ મૂકી રાખી.[૧] આજે ઘણાં આલીશાન ઘરોમાં ઘરની સફાઈ કરીને ઉપલા માળેથી કચરો.અને એંઠવાડ નીચે રસ્તા ઉપર ફેંકતાં કે પડોશમાં નાંખી દેતાં જોવા મળે છે. ત્યારે મા શારદાનાં આવાં આચરણ, કરકસર, સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણીની અગત્યતા સમજાવે છે.

**પર્યાવરણની સાચવણી એટલે વસ્તુઓનો બગાડ ન કરતાં કરકસર કરીએ સુયોગ્ય ઉપયોગ કરવો.**

મા શારદા ગંગાસ્નાન કરીને પાછાં આવતી વખતે પાણીનો ઘડો સાથે લઈને આવતાં. રસ્તે આવતાં ઝાડ, વેલા, વૃક્ષોને પાણી પિવડાવતાં તેમજ તેની માવજત

પણ કરતાં,[2] આમ પશુપક્ષી, ઝાડપાન દરેકને યથાશક્તિ તેમનો ભાગ આપતાં. તેમના આ પર્યાવરણના પ્રેમની ઝાંખી કરાવે છે.

**ગૃહઉદ્યોગ અને આધુનિક વિજ્ઞાનનો સમન્વય**

જ્યારે મહાત્મા ગાંધીની ચરખા અને અસહકારની ચળવળ શરૂ થઈ ન હતી ત્યારે મા શારદાએ ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે જે કહેલું તે વાંચીએ. આ સમયગાળામાં બ્રિટિશ કંપની આપણા દેશમાં રાજકારભાર ચલાવતી હતી. દેશમાં પરદેશી શાસન દરમિયાન વસ્ત્રોની ખૂબ અછત હતી. સ્ત્રીઓને લાજ શરમ ઢાંકવા પૂરતાં પણ કપડાં નહોતાં મળતાં. કપડાંની તંગીને લીધે તેઓ બહાર નીકળી શકતી નહિ. વળી આબરૂ ન સાચવી શકવાથી કેટલીક સ્ત્રીઓએ તો આપઘાત કરવાની વાત પણ રોજ છાપામાં આવતી. એક દિવસ આવી વાતો સાંભળી મા શારદા ઉપર એટલી અસર થઈ કે એમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી અને રડતાં રડતાં એમણે પૂછ્યુંઃ ‘‘એ લોકો (અંગ્રેજો) ક્યારે અહીંથી જશે?’’ પછી થોડાં શાંત થઈ ખેદ કરતાં બોલવા લાગ્યાંઃ ‘‘પહેલાંના વખતમાં ઘરે ઘરે રેંટિયા ચાલતા, ખેતરોમાં કપાસ વવાતો, બધા જ સૂતર કાંતતા અને પોતાનાં કપડાં જાતે જ તૈયાર કરી લેતા. કપડાંની તંગી ન હતી. હવે બ્રિટિશ કંપનીએ આવીને આ બધાનો નાશ કર્યો. તેઓએ સુખની આશા બતાવી એક રૂપિયાનાં ચાર કપડાં મળશે-સોદામાં એક વધારે તેથી બધા જ લોકો આળસુ થઈ ગયા. ચરખો ચાલ્યો ગયો. હવે બધા એમની સત્તા હેઠળ આવી ગયા છે.’’ મા શારદાનાં આ વચનો ગૃહઉદ્યોગ અને સ્વાવલંબી બનવાની જરૂરિયાતનો જાણે કે સંદેશો આપી રહ્યાં છે.[3]

**પર્યાવરણની જાળવણી માટે ગૃહઉદ્યોગને પ્રોત્સાહન**

આજે save the planet પૃથ્વીને બચાવોની ઝુંબેશ આખી દુનિયામાં વિકસિત, વિકાસશીલ, અવિકસિત બધા જ દેશોમાં ચાલી રહી છે. ઘણીબધી યોજનાઓ, સંવાદો, પરિસંવાદો યોજાઈ રહ્યાં છે. ભૌતિકવાદને પરિણામે કુદરતી સંશાધનના વધુ પડતા ઉપયોગને લીધે હવે લાકડું, કોલસો, વિવિધ જાતની ઊર્જા શક્તિઓનો બચાવ કરીને કરકસર કરીને જરૂર પડતો ઉપયોગ કરીને, કાર્બનનું ઉત્સર્ગીકરણ ઓછું કરીને માણસ પોતાની અને ભવિષ્યનાં બાળકોની આવી પડેલી દુર્ઘટનામાંથી બચાવવા મથી રહ્યો છે. લોકોએ રાજકારણીઓમાંથી વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. હવે વૈજ્ઞાનિકો, સામાજિક સંસ્થાઓ અને ધર્મ ગુરુઓને સાથે રાખીને તેમના દ્વારા કુદરતી શક્તિઓનો બચાવ કરીને આખી દુનિયાને વિનાશમાંથી બચાવવા સંવાદો, ચર્ચા અને પરિસંવાદોમાંથી કોઈ સચોટ

નિચોડ આવી શકતો નથી.

જ્યારે રોજબરોજના જીવનવ્યવહારમાં કુદરતના વિવિધ આયામો સાથે સંવાદિતા રાખીને વસ્તુઓનો થતો બગાડ અટકાવીને તેને કરકસરપૂર્વક વાપરીને વિવિધ ઊર્જાઓ અને શક્તિઓનો બચાવ કરીને તેનો સદુપયોગ કરવાનો જાણે કે મા શારદા આજના પર્યાવરણના પ્રશ્નનો સીધો સાદો ઉપાય બતાવી રહ્યાં છે.

# ૧૦ વિનોદિની મા

આધ્યાત્મિકતા એટલે જે સત્ય છે, સાચું છે તે પ્રતિ ગતિ કરતાં કરતાં આનંદની પણ અનુભૂતિ થઈ શકે છે. શ્રીરામકૃષ્ણદેવ અને માના જીવનપ્રસંગો દ્વારા આની જાણ થાય છે. સામાન્ય માન્યતા એવી હોય છે કે અધ્યાત્મની ઊંચાઈએ પહોંચેલી વ્યક્તિઓ ધીર,ગંભીર અને કયારેક શુષ્ક બની જાય છે. જીવનની પ્રવૃત્તિઓમાં તેઓ કોઈ રસ લેતી નથી.

માના જીવનમાં બહારથી તેઓ લજજાશીલ, શરમાળ અને શાંત દેખાતાં પરંતુ તેમની વિનોદવૃત્તિ અને ગાંભીર્ય એ બંનેનો સુમેળ જોવાનો લ્હાવો, એમની નજીક રહેનારા અને જીવંત સંપર્કમાં આવનારા બહુ થોડા શિષ્યોને મળ્યો હતો. માના વિવિધ કામકાજમાં, વાતચીતોમાં અને સંબંધોમાં તેમની વિનોદીવૃત્તિ ડોકિયાં કર્યા કરતી. માની પવિત્રતા, સહજ, સીધોસાદો રમૂજી સ્વભાવ અને વિનમ્રતા એ એમના હૃદયની અંદર કાયમને માટે આનંદના પૂર્ણ કળશને ભરેલો રાખતાં. માના જીવનમાં ઘણા રમૂજી પ્રસંગો બન્યા હશે. પરંતુ શ્રી ઠાકુરની જેમ તે બધાની નોંધ લેનાર-માસ્ટર મહાશય જેવું તેમની સાથે કોઈ હતું નહી. પરદેશી શિષ્યા

નિવેદિતા અને દેવમાતાએ થોડાંક સંસ્મરણો લખ્યાં છે.

ભગિની નિવેદિતાને તો માએ તેને એક લાડકી દીકરી તરીકે સ્વીકારેલી હોવાને કારણે બંને એકબીજાની ખુલ્લા દિલે મશ્કરી કરી લેતાં. ભગિની નિવેદિતા એક પત્રમાં માના ઘરમાં કેવી જાતનો દિવ્ય ખેલ ખેલાતો હતો તે વિશે લખે છે કે માના ઓરડામાં જ્યારે અમે બધી બેનો એકલી બેસીને ગપ્પાં મારતાં અને હસાહસ અને મજાક મશ્કરી કરતાં હોઈએ. અચાનક નીચેથી સંદેશો આવે કે પુરુષ શિષ્ય કે ભક્ત માના આશીર્વાદ લેવા કે કોઈ ખાસ કામ માટે આવે છે. તે સાંભળીને મા તરત માથાથી કે પગ સુધી ઘૂંઘટ તાણી લેતાં. તેમનું બોલવાનું બંધ થઈ જતું. તેમની અને આગંતુક પુરુષશિષ્ય વચ્ચે એક સ્ત્રીભક્ત બેસી જતાં. પુરુષભક્ત જે કામ માટે આવ્યો હોય તેની વાત પહેલાં સ્ત્રીભક્ત સાંભળીને માને ધીમા અવાજે પહોંચાડે. મા શાંતિથી બધી વાત સાંભળીને તેનો ઉત્તર એકદમ ધીમા અવાજે મહિલા શિષ્યાના કાનમાં કહેતાં. તે શિષ્યા માનો જવાબ મોટા અવાજે પુરુષ શિષ્યને પહોંચાડતાં. આ જોઈને હું નવાઈ પામી જતી. માના આવા વર્તનની વાત માને કહેતી જે સાંભળીને તેઓ જોરથી હસી પડતાં.[૧]

> **આધ્યાત્મિકતા એટલે જીવન માત્ર શુષ્કતા જ નહીં પરંતુ જેનામાં વિનોદવૃત્તિ છે તે.**

ભગિની નિવેદિતા લખે છે કે, મા મધુરતાની મૂર્તિ હતાં-એટલાં કોમળ, પ્રેમાળ અને નાની બાળકીની જેમ આનંદી હતાં. તે દિવસનું તેમનું હાસ્ય સાંભળવા જેવું હતું. જ્યારે મેં આગ્રહ કર્યો કે તેમના ગુરુ સ્વામી વિવેકાનંદ તુરંત ઉપર આવીને અમને મળે, નહીંતર અમે ઘરે પાછા જતા રહીશું. જે સાધુ સ્વામીજીનો સંદેશો લાવેલા કે તેમને ઉપર આવતાં વાર લાગશે. તે મને મારા બૂટ તરફ જતી જોઈને ગભરાઈ ગયા. તે સાધુ સ્વામીજીને ઉપર લઈ આવવા જલદીથી ગયા. આ બધો ખેલ જોઈને માના મુખ ઉપરનું ખડખડાટ હાસ્ય સાંભળવા જેવું હતું.[૨]

સિસ્ટર દેવમાતા લખે છે કે માની ૮ વર્ષની ભત્રીજી રાધુ માટે તેઓ એક રમકડું લાવેલાં-બહારથી તો એક પેટી જેવું પણ ચાંપ દબાવતાં,અંદરથી એક ખાસ તીણો અવાજ કરતો જોકર કૂદીને બહાર નીકળતો. મા ઘણી વાર ચાંપ દબાવતાં, જોકરને બહાર નીકળતાં જોતાં અને દર વખતે નાના બાળકની જેમ જોકર જેવો તીણો અવાજ કાઢીને હસતાં અને હાજર રહેલાં બધાંને હસાવતાં.[૩] આમ મા બાળક જેવાં બની જતાં.

માએ એક વખત સ્વામી વાસુદેવાનંદજીને કહ્યું હતું કે, સાધનાની શરૂઆત

માત્ર શુષ્ક તર્કવાદમાં ડૂબ્યા રહેવાથી થતી નથી. એમ કરવાથી મન શુષ્ક થઈ જાય, પરંતુ અવતારી પુરુષની દિવ્યલીલાનો વિચાર કરીએ તો તમે આનંદી અને જીવંત રહેશો.[૪] હું જ્યારે ૧૦-૧૨ વર્ષની હતી ત્યારે શ્રીઠાકુર સાથે રહેલી. તે દિવસથી મારા હૃદયમાં જાણે કે આનંદનો પૂર્ણ કળશ કાયમ માટે રહેતો હોય તેવો અનુભવ થતો.[૫] હું હંમેશાં આનંદમાં જ રહેતી . ઠાકુરના દેહાંત બાદ એ ગરીબીના દિવસો પણ માને નિરાનંદ ન કરી શક્યા.


**દેવીપૂજા એટલે મજાક મશ્કરી કરીને દેવીને ખુશ રાખવા.**

માનું જીવન પણ રસમય હતું. તેઓ જીવનનો શુદ્ધ રસ ચાખતાં અને ચખાડતાં. ખુલ્લામાં યોજતાં નાટકો, સંગીત સંધ્યામાં આનંદપૂર્વક ભાગ લેતાં. ક્યારેક તેઓ જાતે પણ ગાવામાં જોડાઈ જતાં. તેઓ કહેતાં કે દેવ-દેવીઓ પાસે બેસીને તેમની સમક્ષ ઠઠ્ઠા-મશ્કરી નાચગાન દ્વારા તેમને ખુશ કરવાં જોઈએ. એક વખતે બેલુર મઠમાં દુર્ગાપૂજાના વિસર્જનના દિવસે ડૉ. કાનજીલાલને મા દુર્ગા સામે ચિત્રવિચિત્ર ચાળા કરતા જોઈને હાજર રહેલા સૌ પેટ પકડીને હસતા હતા. તે જોઈને એક બ્રહ્મચારીએ ડૉકટરના આવા લટકચાળા સામે વાંધો ઉઠાવ્યો. એક સાધુએ આ બ્રહ્મચારીના વિરોધની વાત માની સમક્ષ મુકી, મા પણ આ બધો ખેલ જોતાં જ હતાં. માએ કહ્યું, દેવીને તો આ રીતે ખુશ કરવાં જ જોઈએ એમાં કાંઈ ખોટું નથી.[૬] બીજી એક વાર જયારામવાટી મા જગધાત્રી મૂર્તિ સામે એક ભકતને ઠઠ્ઠામશ્કરી કરતાં જોઈને માએ તેની એક બાજુએ બોલાવીને કહેલું ‘‘તું કાયમ માટે આવો મોજીલો રહેજે. વિશ્વમાતાની સમક્ષ આ રીતે મજાક મશ્કરી કરીને તેમને ખુશમાં રાખવાં જોઈએ.’’[૭]

માના મધુર અને બાળક જેવા સરળ હાસ્ય વિશે સ્ત્રીભકત સરયુબાળાએ માના સ્વમુખેથી સાંભળેલો આ પ્રસંગ છે. મા: ‘‘જ્યારે પ્રથમ હું કૉલકાતા આવી ત્યારે મેં કદી પાણીના નળની ચકલી જોયેલ નહીં. એક દિવસ હું નહાવાની ઓરડીમાં ગઈ અને જોયું તો નળમાંથી સાપના સિસકારા જેવો અવાજ આવતો હતો, ગભરાટમાં હું બીજી સ્ત્રીઓ તરફ દોડી ગઈ અને બૂમ પાડી, ‘આવો, અને જુઓ, નળમાં સાપ છે’ તેઓ હસ્યાં અને કહ્યું ના, ના, તે સાપ નથી. ડરો નહીં. પાણી વહેતાં પહેલાં નળમાં એવો સિસકારા જેવો અવાજ થાય છે. ‘પછી તો મને પણ ખૂબ હસવું આવ્યું. ’ આમ કહીને શ્રીમા હસ્યાં. કેવું. મધુર અને સરળ હાસ્ય! તેમની સાદાઈથી આશ્ચર્ય અનુભવતી હું પણ હસ્યા વગર ન રહી શકી.[૮]

મા શારદાનો રમૂજી અને ટીખળી સ્વભાવની ઝાંખી કરાવતો આ પ્રસંગ છે. જે કાશી-બનારસની યાત્રા દરમિયાન બનેલો. એક વખત માને મળવા ત્રણ-ચાર

સ્ત્રીઓ મળવા આવી હતી. મા વરંડાના ખૂણામાં બીજા બધા ભકતો અને શિષ્યો સાથે બેઠા હતા. માનાં ભકત ગુલાબમા પણ એ ટોળકીમાં હતાં. ગુલાબમાની ઉંમર અને ભવ્ય વ્યક્તિત્વ જોઈ એક જણે તેમને મા શારદા જ ધારી લીધાં. તેમને પ્રણામ કરી વાતચીત શરૂ કરી. ગુલાબમા એની ભૂલ સમજી ગયાં અને બોલ્યાંઃ ‘‘મા ત્યાં બેઠાં છે.’’ માની સાદાઈ જોઈ, પેલાં બહેનને વિશ્વાસ ન આવ્યો અને એમને થયું કે ગુલાબમા મજાક કરે છે. પણ જ્યારે ગુલાબમાએ ભારપૂર્વક ફરીને કહ્યું ત્યારે એ સ્ત્રી ઊઠીને માની પાસે ગઈ. માને આ રમૂજ ચાલુ રાખવાની ઈચ્છા થઈ તેથી તેમણે હસીને કહ્યુઃ ‘‘ ના, ના, એ જ મા છે.’’ પેલી સ્ત્રી મૂંઝવણમાં પડી કારણ બંને જણ એક જ રીતે વાત કરતાં હતાં અને એમની વાત પરથી સાચી વાત જાણવી મુશ્કેલ હતી. તેથી જરા અચકાઈ પહેલાં બરાબર સમજી હતી તેમ માની ગુલાબમા તરફ જવા ઊઠી, ત્યારે એને ધમકાવીને ગુલાબમાએ કહ્યુંઃ ‘‘અરે, તારામાં અક્કલ છે કે નહિ? જોતી નથી કે ચહેરો માણસનો છે કે દેવતાનો? માણસનો ચહેરો શું આવો હોય?’’ ખરેખર માના સાદા અને શાંત ચહેરા પર કોઈક અપૂર્વ તેજ હતું જેની અસાધારણ સ્પષ્ટતા સાત્ત્વિક મનવાળા પાસે પ્રગટ થતી હતી. પણ જેમનું મન સંસારમાં ફસાયેલું હોય અને જેમનામાં અલૌકિક વસ્તુની ધારણા જ ન હોય તેઓ એ શી રીતે સમજી શકે?[૯]




ભક્તોને રમૂજ કરાવતા મા

ભકતોનો બાહ્ય આંડબર તેમને મનોરંજર કરાવતો. દુન્યિવી ભકતોના આવા સ્વાભાવનું નિરીક્ષણ કરીને જે તે ભકતના સ્વભાવને સંપૂર્ણપણે જાણી જતાં. કોઈ પણ વસ્તુ તેમનાથી છૂપી રહી શકતી નહિ. સાહજિક રીતે વાર્તાઓ દ્વારા, શાસ્ત્રવચનો કે ગીતોની પંક્તિઓ ટાંકી બતાવીને તો કયારેક સંકતો દ્વારા ભકતોની મજાક પણ ઉડાવતાં. આ મજાકમાં કયારેય કટાક્ષ કે તુચ્છકારનો અંશ પણ જોવા મળતો નહિ. આમ મજાકમશ્કરી દ્વારા ભકતોમાં રહેલા ભ્રમને હળવાશથી દૂર કરતાં.[૧૦]

**આ જગત એક ખેલ છે માણસ માત્ર એના હાથના પ્યાદા છે.**

એક વાર એક ભકતને માએ કહેલુઃ ‘‘જેનું મન હંમેશાં ઈષ્ટમાં કેન્દ્રિત હોય તેનું અનિષ્ટ કેવી રીતે થઈ શકે?’’[૧૧] જે સ્પષ્ટતાથી માએ ઈષ્ટ અને અનિષ્ટનો પ્રાસ બેસાડયો તે માત્ર હોશિયારી ન હતી પરંતુ આધ્યાત્મિક પ્રજ્ઞા હતી. શાસ્ત્રોમાં આ જગતને ભગવાનની માયા-દિવ્ય લીલા તરીકે વર્ણવવામાં આવી છે. માએ પણ કહેલું અને તેમના જીવનમાં આચરણ દ્વારા જાણે કે સાબિત કરી આપેલું કે આ જગત એ દિવ્ય ખેલ છે. માણસ માત્ર એના હાથનાં પ્યાદાં છે. માના આવા જીવન પ્રસંગોનો અભ્યાસ કરતાં આવાં શાસ્ત્રવચનોમાં આપણી શ્રદ્ધા દૃઢ થતી જાય છે.

# ૧૧ જગતજનની

મા શારદામણિ દેવીને પોતાના લોહી માંસનું બાળક ન હતું અને બ્રહ્મચારિણીનું પવિત્ર જીવન જીવેલાં. સમાજના દરેકને માટે કોઇ પણ ભેદભાવ વગર વ્યાપક માતૃપ્રેમની અસંખ્ય ધારાઓ ફકત પોતાના ભકતો માટે જ નહિ, પરંતુ સામાજિક બંધનો તોડીને નાત-જાત, ધની-નિર્ધન,પંડિત-મૂર્ખ, હિન્દુ- મુસલમાન, પાપી-પુણ્યશાળી, દેશ-પરદેશ અરે માણસ અને પશુપંખીની મર્યાદાઓ ઓળંગીને બધે જ અવિરત વહેતી. તે ધારાઓ સૌની તૃષ્ણા છિપાવતી, શીતળતા આપતી અને શાંતિ આપતી જોવા મળે છે.

## પરદેશીઓનાં માઃ

મા શારદા દેશ-પરદેશનો ભેદ બિલકુલ સ્વીકારતાં નહી. ઈંગ્લૅન્ડથી આવેલાં સ્વામીજીનાં શિષ્યાં માર્ગારિટ નોબેલ-ભગિની નિવેદિતા જ્યારે કાશ્મીરથી પાછાં આવ્યાં ત્યારે તેમણે મા અને તેમના સ્ત્રીભકતોની સાથે રહેવાનો આગ્રહ રાખેલો કે જેથી તેમના ગુરુની આજ્ઞા મુજબ ભારતીય સમાજના એક અંગ બનીને સારી રીતે કામ કરી શકે. શિષ્યાનો આ

પ્રસ્તાવ સાંભળતાં સ્વામીજી માટે પણ આ એક કોયડો થઈ પડયો અને એના ઉકેલનો વિચાર કરવા લાગ્યા ત્યારે દુનિયાથી અજાણ ગામડાની એ અભણ બહેન સ્વામીજીની વ્હારે ગયાં અને કહ્યું ''નિવેદિતા પણ મારી દીકરી જ છે અને એ મારી સાથે રહેશે'' આ ત્રણ અઠવાડિયાં સુધી તેઓ માના બાગબજારના મકાનમાં એક રૂમમાં સાથે જ રહ્યાં મા શારદા બીજા રૂઢિચુસ્ત ભકતો સાથે ભગિની નિવેદિતાને બેસાડીને સાથે જ જમતાં.[1] બેમાંથી કોઈ એક એકબીજાની ભાષા સમજતાં ન હતાં. આ જ પ્રમાણે સિસ્ટર ક્રિસ્ટીન, સારા બુલ જેવા પરદેશીઓને પણ મા શારદાનો માતૃપ્રેમ સ્પર્શી ગયેલો. તેઓમાંથી કોઈને પણ ન આવડે બંગાળી અને માતાજીને ન આવડે અંગ્રેજી પણ તેઓના પ્રેમમાં કોઈ બંધન નડતું નહીં. વિદેશી રૂઢિ મુજબ માએ હાથ સાથે હાથ મિલાવ્યા અને એમના ગાલે અને હડપચીએ પ્રેમાળ હાથ ફેરવતાં. સ્વામીજીનાં બીજાં એક વિદેશી શિષ્યા મેરી મેકલાવડે પણ મા વિશે કહ્યું છે, 'શ્રી માના ફોટામાં તેઓ બહારથી તો જેવાં છે તેવાં જ દેખાય છે પરંતુ ભીતરથી સુંદર અને ચમત્કારપૂર્ણ લાગે છે, જ્યારે તેઓ મારું મોઢું બે હાથ વડે પકડીને મને પ્રેમ કરતાં ત્યારે એ પ્રેમાસ્પર્શથી અને બાળક જેવા સ્મિતથી, હું અભિભૂત થઈ જતી...., ઈસુ માતામેરીની જેમ શ્રી મા સરળ અને સૌમ્ય હતાં.'[2]

**બ્રહમચારિણી છતાં કરોડોના મા**

રામમયી મહારાજ લખે છે કેઃ ''એક દિવસ માની એક પેટીમાંથી જૂનાં કપડાં બહાર કાઢીને સૂકવવા માટે કાઢી રહ્યો હતો ત્યારે મારા હાથમાં એક જર્જરિત થઈ ગયેલો, ફાટી ગયેલો આસમાની રેશમી કાપડનો એક નાનો ટુકડો હાથમાં આવ્યો. મેં માને પૂછ્યુ આ કપડું બહુ જૂનું થઈ ગયું છે, ફાટી ગયું છે, એને ફેંકી દઉં? માએ તરત પ્રેમપૂર્વક જવાબ આપ્યો કે ના ના દીકરા એને તું નાંખી ન દે, એ તો ખૂકીએ પ્રેમથી મને ભેટમાં આપેલું છે અને મેં એને કેટલીયે વાર વાપર્યું છે.''[3] (બંગાળી શબ્દ ''ખૂકી'' નો અર્થ નાની દીકરી, બેટી થાય છે. સ્વામી વિવેકાનંદની વિદેશી શિષ્યા નિવેદિતાને મા ''ખૂકી'' કહીને સંબોધતાં.)

મા એક બાજુએ સ્વાતંત્ર વીરોનાં પ્રેરણાદાયી હતાં પણ બ્રિટિશરો ઉપર પણ પોતાના સંતાન જેવો જ વ્યવહાર કરતાં. એક ક્રાંતિકારી શિષ્યે અંગ્રેજોના જુલમોની વાત કરતાં કહ્યું, 'મા અંગ્રેજોનો નાશ થાઓ એવું તમારા શ્રીમુખે કહો 'મા એ તરત કહ્યું' હું મા છું, દીકરાના વિનાશની વાત હું કેવી રીતે કરી શકું? શું અંગ્રેજો મારાં સંતાન નથી? હું તો એમ જ કહીશ કે સૌનું કલ્યાણ થાઓ.' દુર્ગાપૂજા ઉત્સવ વખતે માએ એક બ્રહ્મચારી પાસે કુટુંબની સ્ત્રીઓ તેમજ તેમનાં બાળકો માટે નવાં સુંદર કપડાં મંગાવેલાં. આ બ્રહ્મચારી પણ ક્રાંતિકારી હતા.

સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ કરતા તેથી તેઓ દેશી મિલનાં જાડાં કપડાં લઈ આવ્યા. તેની કિનાર પણ સુંદર ન હતી. મામાના ઘરમાં સ્ત્રીઓને એ કપડાં ન ગમ્યાં. તેથી એ બધાં પાછાં આપી એને બદલે સુંદર ઝીણાં કપડાં લાવવાનું કહ્યું, આથી ચિડાઈ જઈને સ્વાતંત્ર્યપ્રેમી બ્રહ્મચારીએ કહ્યું: એ તો બધાં વિદેશી કપડાં, એ કોણ ખરીદે? ''માતાજી એક બાજુ બેઠાં હતાં. તેમણે આ સાંભળી જરા હસતાં હસતાં કહ્યું:'' દીકરા, એ લોકો (પરદેશીઓ) પણ મારાં જ સંતાનો છે ને મારે તો એમને પણ સંભાળવાં જોઈએ ને. હું પક્ષપાત કેવી રીતે કરું? આ લોકો જેવાં ઇચ્છે તેવાં જ કપડાં લાવી આપ.''[૪]

**સૌનું કલ્યાણ વાંછતી મા**
**દેશી કે પરદેશી**

## સંન્યાસીઓની મા-સંઘ માતા

વિશ્વવિખ્યાત રામકૃષ્ણ સંઘની સ્થાપનામાં મા શારદા મુખ્ય ચાલકબળ હતાં. જ્યારે શ્રી રામકૃષ્ણ પાસે તેમના યુવાના શિષ્યો રહેવા જતા ત્યારની વાત છે. યુવાન શિષ્યોના સાધનભજનમાં ખલેલ ન પહોંચે એમ જાણી એમના ગુરુદેવ યુવાનોના ખાવાપીવા ઉપર કડક નજર રાખતા. દરેકની શક્તિ અનુસાર માતાજીને પીરસવાની સૂચના પણ આપેલી. પણ માતાજીના યુવાન ત્યાગી શિષ્યો ઉપરના માતૃભાવમાં કોઈ ફેરફાર થતો નહીં. એક દિવસ ઠાકુરે શિષ્ય બાબુરામ મહારાજ પાસેથી સાંભળ્યું કે નક્કી કરેલી સંખ્યા કરતાં માતાજી તેમને પ્રેમથી બે રોટલી વધારે ખવડાવે છે. એ સાંભળીને ઠાકુરે માતાજીને ફરિયાદ કરી, ''સ્નેહાંધ થઈને આમ કરવાથી છોકરાઓનું ભવિષ્ય બગડશે.'' માએ આનો વિરોધ કરીને કહ્યું ''એને બે રોટલી વધુ ખાધી હોય તેને માટે તમે શા માટે ચિંતા કરો છો? એમનું ભવિષ્ય હું જોઈશ....'' માનો જવાબ સાંભળતાં કંઈ પણ વધુ બોલ્યા વિના મનમાં સર્વ વિજયી માતૃશક્તિને માન આપ્યું, ઠાકુર હસ્તે મોઢે પાછા ચાલ્યા ગયા.[૫]

**સંન્યાસીઓનાં સંઘમાતા**

શરૂઆતના દિવસોમાં રામકૃષ્ણદેવના ઘણા યુવાના શિષ્યો સંસાર છોડીને, ઝાડ નીચે રહીને, અહીંતહીં ભિક્ષા માંગીને લોકકલ્યાણનાં કામો કરતા. ઈ.સ. ૧૮૯૦માં માતાજી વૃંદાવન, કાશી અને ગયા શહેરમાં ગયાં તો ગયાના બૌદ્ધ ધર્મના મઠની સમૃદ્ધિ જોઈને શ્રી રામકૃષ્ણદેવના સંન્યાસી શિષ્યો ભારે કષ્ટો વેઠીને અથાગ પરિશ્રમ કરી રહેલા તેમના ધ્યાનમાં આવ્યા. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે તમારું નામ લઈ જે લોકો સંસાર છોડે એમને સાધારણ રહેઠાણ અને ભરણપોષણનો અભાવ કદી ન થાય એ જોજો.[૬] ભગવાને પણ એમની પ્રાર્થના સાંભળી હોય તેમ આજે

દેશવિદેશમાં રામકૃષ્ણ મિશનના સ્વામીજીઓની રહેઠાણ અને જમવાની અને વિવિધ સેવાનાં કાર્યો કરવાની વ્યવસ્થાઓ ઊભી થઈ છે.

મા શારદા યુવાન સાધુઓને, સાધુજીવન માટેનાં ભયસ્થાનો બતાવીને સાચું માર્ગદર્શન આપતાં ઘણાં દૃષ્ટાંતો પણ છે. સાધુ બીમાર થાય ત્યારે ગૃહસ્થોના ઘરમાં ન રહેવા માટે, પૈસાનો સંગ્રહ એક જોખમ છે તે ન કરવા માટે, સ્ત્રીઓથી દૂર રહેવા અને એટલે સુધી કે રસ્તામાં લાકડાની સ્ત્રીમૂર્તિ પડેલી હોય તો તેને પણ ઉઠાવીને ન જોવી વગેરે વગેરે.[૭]

## ગરીબોની મા :

માનો ગરીબ અને દુ:ખી લોકો માટેનો પ્રેમ અને સહાનુભૂતિ દર્શાવતા ઘણા પ્રસંગો છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે આપણા દેશના ગરીબ લોકોને ખાવાપીવા અને પહેરવાનાં કપડાં માટે એક ભયંકર સંકટ ઊભું થયેલું. આ સમયમાં દેશડા ગામના હરીદાસ વૈરાગી નામના એક ગરીબ ગૃહસ્થ વૈષ્ણવ ભકત હતા જે સુંદર ભજન કીર્તન સંભળાવીને પોતાનું ગુજરાન ચલાવતા. માના ઘરના વરંડામાં બેસીને ઘણી વાર શિષ્યો, ભકતો અને ગામના લોકોને આ ભાઈએ ભજન કીર્તન સંભળાવીને તેઓમાં ભક્તિભાવ જગાડેલો, ઉંમર થતાં તેમની તબિયત બગડવાથી તેમને ઘરસંસાર ચલાવવામાં ખૂબ મુશ્કેલીઓ પડતી. મા પાસે એક વાર એમણે પોતાની સાંસારિક મુશ્કેલીઓની વાત કરી અને કહ્યું કે એમની પાસે શરીર ઢાંકવા માટે પણ પૂરતાં કપડાં નથી. આ સાંભળી મા ખૂબ દુ:ખી થઈ ગયાં અને જ્યારે તે ઘરે પાછા જવા માટે વિદાય લેવા આવ્યા ત્યારે માએ તે દિવસે સવારે જ સ્નાન કરીને તડકે સૂકવવા મૂકેલું પોતાનું વસ્ત્ર તેને આપી દીધું અને કહ્યું "આજકાલ કપડાંની તંગીને લીધે ભકતો તરફથી પણ કપડાંની ભેટ ઓછી આવે છે. મારી પાસે નવું વસ્ત્ર નથી. પણ આ વસ્ત્ર મેં ૨-૪ વાર જ વાપર્યું છે. નવા જેવું જ છે, તું તે લઈ જ જા."[૮] હરિદાસને આ સાંભળીને સંકોચ અનુભવતો જોઈને માએ કહ્યું, "મારે પહેરવા માટે વસ્ત્રની બિલકુલ ખોટ નથી, તું આ લઈ જ જા."[૮] આવો બીજો એક પ્રસંગ પણ છે કે માની શિષ્યાએ સરલાદેવીએ જ્યારે ઠાકુરના પૈસાપાત્ર ભકત બલરામ બાબુના દીકરાએ તેના મૃત્યુ પછી કરેલા વિલમાં ઘણી મોટી રકમ ઠાકુર અને સાધુસેવામાં ફાળવેલ હતી. તે કહ્યું ત્યારે આ સાંભળીને ખુશ થવાને બદલે માએ પૂછયું "શું એણે ગરીબ દુ:ખીઓ માટે કંઈ કર્યું છે ?"[૯]

આવો જ એક બીજો પ્રસંગ વાંચીએ. મા નાના ગામમાં રહેતાં હોવાથી ઘણા ભકતો માને મળવા આવતા તેથી તે ગામમાં જરૂરી વસ્તુઓ પૂરતા પ્રમાણમાં

મળતી નહીં. મોટા ગામમાં રહેતા માના ભકતો કોઈની સાથે આ બધી વસ્તુઓ મોકલી આપતા. એક દિવસ એક મજૂરણ બાઈ સાથે માના એક ભકતે સામાન મોકલેલો. એ બાઈને ત્યાં પહોંચતાં પહોંચતાં બપોર થઈ ગયેલા . માએ એ બહેન પાસેથી સામાન લઈને એને ન્હાવાધોવાની તેમજ ખાવા-પીવાની અને થોડો આરામ કરવાની વ્યવસ્થા કરી આપી. આ મજૂરણ બાઈ મેલેરિયાના રોગથી પીડાતી હતી તેથી સામાન ઊંચકીને આવતાં ખૂબ થાકી ગયેલી. માએ તેને તે દિવસે પાછા જવાને બદલે તેમના વરંડામાં સૂવાની વ્યવસ્થા પણ કરી આપી. આ બાઈને રાત્રે થોડોક તાવ આવ્યો અને તે બેભાન જેવી હોવાથી તે વહેલી ઊઠી શકી નહીં પણ માને હંમેશાં વહેલા ઊઠવાની ટેવ તો તેમણે ઊઠીને જોયું તો આ મજૂરણબાઈએ તેની પથારી ગંદી કરી હતી. માએ વિચાર્યું કે ઘરમાં બીજા બધાને આ વાતની ખબર પડી જશે તો આ દુઃખી દીકરીનો બધા તિરસ્કાર કરશે અને તેને વઢશે અને માને ચિંતા થવા લાગી. બેહોશ થયેલ, ગાઢ નિદ્રામાં પડેલ મજૂરણબાઈને માએ ધીરે ધીરે જગાડી અને હાથમાં ગોળ અને મમરા આપીને પાણી પિવડાવીને પ્રેમથી કહ્યું કે, "દીકરી, તું બપોર થાય તડકો આવે એ પહેલાં તારે ઘરે જતી રહે." મજૂરણબાઈએ પણ સંતોષથી આરામ કરીને માને પ્રણામ કરી માની વિદાય લીધી. એના ચાલ્યા ગયા બાદ માએ પોતાના હાથથી છાણ અને માટીથી વરંડો લીંપી દીધો. ચટાઈને સારી રીતે સાફ કરીને તડકે સૂકવી દીધી કે જેથી કોઈને કાંઈ ખબર ન પડે.[૧૦]

**ગરીબો અને દુઃખી લોકોની મા**

બીજી બાજુ માના કેટલાક ગરીબ અને અસ્પૃશ્ય જાતિના ભકતો કે જેઓની પાસે ભૌતિક રીતે આપવાનું કંઈ નથી પણ તેઓમાં જે કંઈ આવડત છે, જે કંઈ નાનું મોટું બનાવીને, વેચીને પેટનો ખાડો પૂરતા હોય છે તેઓએ માને ભેટમાં આપેલ નાની વસ્તુનો માએ આનંદપૂર્વક સ્વીકાર કરતો પ્રસંગનો ઉલ્લેખ પ્રકરણમાં થયેલ છે. આવા ગરીબ માણસોને પૈસાપાત્ર માણસોનું શોષણ ન કરવું જોઈએ એવી શીખ આપતો એક પ્રસંગ જોઈએ. એક દિવસ એક ગરીબ સ્ત્રી ધાબળા વેચવા આવી, માની ભત્રીજી કિંમત નક્કી કરતાં ખૂબ રકઝક કરતી હતી આથી થોડા નારાજ થઈને માએ ભત્રીજીને કહ્યું, પાવલી બચાવવા માટે તું કયારથી કેટલી બધી રકઝક કરે છે. આ ગરીબ સ્ત્રી થોડા પૈસા મેળવીને કુટુંબનું પેટ ભરવા માથે ધાબળા ઊંચકીને ઘેર ઘેર ભટકે છે ને થોડા પૈસા બચાવવા માટે તું એનો સમય બગાડી રહી છે. વળી તારે ધાબળાની જરૂર પણ નથી.[૧૧] આમ પૈસાપાત્ર માણસોને માનસિક ગરીબાઈ ઓછી કરવાની મા જાણે કે શીખ આપે છે.

## પથદર્શક મા

મહેન્દ્રનાથ ગુપ્તની સ્કૂલમાં વિનોદવિહારી સોમ નામનો એક વિદ્યાર્થી હતો. તે ઠાકુરનો શિષ્ય થઈ ગયેલો. પાછળથી તે એક નાટક કંપનીમાં જોડાયેલા અને દારૂ પીતાં શીખેલા, ઘણી વાર દારૂના નશામાં માતાજીના ઘર પાસે ઘાંટા પાડીને માને દર્શન આપવા બોલાવતા. તેનું આવું વર્તન માતાજીને ઊંઘમાં ખલેલ પડે તે માટે તેમની સાથે રહેતા ભકતોને ગમતું નહીં. તેઓએ સૂચના આપેલી કે વિનોદવિહારી બૂમો પાડે, વિનંતી કરે પણ બારણું કે બારી ખોલવા નહીં. પરંતુ મા દીકરાનો પોકાર સાંભળીને ઊઠી જતાં, ઓરડાની બારીઓ ખોલી દેતાં. સેવકોને ખબર પડતાં તેઓ માના આ વર્તન સામે વાંધો ઉઠાવતા, માએ ત્યારે જવાબ




દારૂડિયા દીકરાનો પોકાર સાંભળીને દર્શન આપતા

આપેલો, "એ તો કાદવમાં ખરડાયેલો છે, એના પોકારને હું પાછો ઠેલી શકતી નથી."[૧૨]

**માર્ગ ભૂલેલાનાં પથદર્શક મા**

એક કામવાળી ડોશીમા કે જે જુવાનીમાં વેશ્યાવૃત્તિમાં જોડાયેલી હતી પણ ઉંમર થયે એ હરિનામ લેતી. આ સ્ત્રી એકલી મા શારદાને મળવા ઘણી વાર આવતી. માતાજી એની સાથે વાતો કરતાં. ઘણી ઉજળિયાત કોમની સ્ત્રીભકતોને તે ગમતું નહીં. અરે ખુદ તેમના પતિ શ્રી રામકૃષ્ણે પણ એનો વિરોધ કરીને કહેલું કે : "છિઃ છિઃ એ તો વેશ્યા, એની સાથે વાતો કરવી રામ રામ" છતાં પણ માએ આ સ્ત્રીને મળવાનું ચાલુ જ રાખેલું.[૧૩] શ્રી રામકૃષ્ણના દેહાંત પછી આ કુમાર્ગે ગયેલી સ્ત્રીએ પશ્ચાત્તાપના સાચા ભાવથી મા પાસે ખુલ્લા મને પોતાના પાપકર્મનો એકરાર કરેલો. મા ખૂબ ઉષ્માપૂર્વક એને ભેટેલાં અને કહેલુંઃ "તેં જે કંઈ કર્યું છે એ માટે નિરાશ ન થતી. તારી બધી પાપવૃત્તિ ઓથી પર તું ઊઠી શકીશ. આવ, હું તને મંત્ર આપું."[૧૪]

પાસેના ગામનો એક કુલિન, શિક્ષિત અને ગુણવાન યુવાન ભકત એક બાળ વિધવા સાથે પ્રેમમાં પડેલો, એની મદદથી ગામડામાં એક આશ્રમ પણ ખોલવામાં આવ્યો હતો. એની બદનામીની વાતો ઊડતી ઊડતી માના ભકતો પાસે પહોંચી. જોકે તે યુવાન ભકત પહેલાંની જેમ જ તે શ્રદ્ધા અને ભક્તિ સાથે શ્રી મા પાસે નિયમિત આવજા કરતો. ભકતોએ ગુસ્સે થઈને માતાજી પાસે આવી કહ્યું કે એને આપની પાસે આવવા દેવો ન જોઈએ. સંતાનના કલંકનીઆ વાત સાંભળી માતાજીને ઘણું દુઃખ થયું, પણ એમણે કહયુંઃ "મા થઈને એને કેવી રીતે આવતાં રોકી શકું? કઠોર શબ્દો મારે મોઢેથી નીકળશે જ નહીં" તેથી એ યુવકની અવરજવર પહેલાંની માફક જ ચાલુ રહી. એટલું જ નહી પણ એક દિવસ એ પેલી છોકરીને પણ લઈ આવ્યો. પોતાના દીકરાને કુમાર્ગે ચઢાવવા માટે માતાજી પેલી છોકરીને વઢયાં ને ભવિષ્યમાં સાવધાન રહેવા કહ્યું. વળી એની સાથે દીકરી જેવો સ્નેહપૂર્ણ વ્યવહાર પણ કર્યો. માના સતત પ્રેમાદરથી ક્રમશઃ યુવાનના મનમાં પશ્ચાત્તાપ થયો. તેને પોતાની ભૂલ સમજાઈ અને માની ક્ષમા પણ માંગી, ત્યારબાદ તે સુપથે ચાલવા લાગ્યો.[૧૫]

એક કૉલેજ વિદ્યાર્થી મા પાસે અવારનવાર આવતો. એક દિવસ છૂટા પડતી વેળા એ અચાનક બોલી ઉઠયો : "મા, મારામાં કશું સારું નથી. તમારી પાસે આવવા હું લાયક નથી. હું આપનાથી સદાને માટે છૂટો પડું છું. " આટલું બોલીને તરત ઘરની બહાર નીકળી ગયો. મા એની પાછળ દોડયાં, એમણે એનું પહેરણ પકડ્યું અને પોતાની નજીક ખેંચી એના ખભા ઉપર પોતાનો હાથ મૂકયો. એની

આંખમાં પોતાની આંખ પરોવી મા બોલ્યાં: "તને મૂંઝવે એવો વિચાર જ્યારે પણ આવે ત્યારે તું મને સંભારજે. ચિંતા ન કરતો." આ બોલીને એમણે એ જુવાનને જવા દીધો. ઘેર જતાં એ છોકરો માના શબ્દો ફરી ફરી બોલવા લાગ્યો: "મને સંભારજે, મને સંભારજે."[૧૬] માનાં કરુણાપૂર્ણ નેત્રોને એ ભૂલી શકયો નહિ. આમ, વ્યક્તિ દુર્જન હોય કે પાપી, તેની ભૂલોને માફ કરીને તેના પર માતૃપ્રેમથી આશીર્વાદ આપતાં. મા કહેતાં, માણસોમાં કોઇ તદ્દન નિર્દોષ નથી. માના આવા વર્તનથી કોઈ કવાર તેમના શિષ્યો ગુસ્સે થઈને જે તે દુર્જન કે પાપી વ્યક્તિને માની પાસે આવવા દેતા નહીં. ખબર પડતાં મા કહેતાં, "મારો દીકરો ધૂળમાં કે કાદવમાં રમીને આવે તો તેને સાફસૂફ કરીને ખોળામાં લેવો જ પડે ને."[૧૭]

## અસ્પૃશ્યોની મા..

એક દિવસ માતાજી કોઆલપાડાના જંગદંબા આશ્રમમાં આંબલીના ઝાડ નીચે ખાટલા પર બેઠાં હતાં, તે વખતે એક ભંગી બાઈએ આવીને રડતાં રડતાં કહ્યું કે રસોઈ બનાવવામાં ભૂલ થવાથી ગુસ્સે થઈને એના વરે એનો ત્યાગ કર્યો છે. એને માટે એણે બધું જ છોડ્યું હતું. હવે એ નિરાધાર બની છે. આ સ્ત્રીની દુ:ખની વાત સાંભળી માતાજીને પણ દુ:ખ થયું. એમણે એ ભંગીને બોલાવી હેતપૂર્વક ઠપકો આપતાં કહયું: "એ તારે માટે બધુંય છોડીને આવી છે, આટલા દિવસો તેં એની સેવા પણ સ્વીકારી છે. ને હવે એને છોડીશ તો અધર્મ થશે. નરકમાં પણ તને સ્થાન નહીં મળે." માતાજીની વાત સાંભળી ભંગીનું હૃદય પીગળી ગયું ને એ પેલી સ્ત્રીને ઘેર લઈ ગયો.[૧૮]

**અસ્પૃશ્યોને ડર દૂર કરીને હિંમત આપતા મા**

આવો જ બીજો એક પ્રસંગ વાંચીએ જે રામવાટીમાં એક વખત તે સમાજમાં કહેવાતા હલકી જાતિના લોકોએ ગોળ તળિયાવાળા વાણને ખડની ઈંઢોણી બનાવી માને ભેટ આપવા માના ઘરે આવ્યા. આ લોકોને જોઇ ને માની ભત્રીજીએ ઊંચા અવાજે ઠપકો આપીને કહ્યું કે, તમે ભૂલી ગયા કે હલકી જાતના લોકો છો. ઈંઢોણી આપવાની હિંમત કરી શકયા. પેલા બિચારા હલકી જાતના ગરીબો તો ડરી ગયા. માએ તેમને આશ્વાસન આપતાં કહ્યું, તમારે ડરવાની જરૂર નથી. તમને કશું જ કરવામાં આવશે નહીં અને ઉપરથી મમરા ખરીદવા માટે પૈસા આપ્યા.[૧૯] આ પ્રસંગ જાણે કે ભવિષ્ય માટે માથી અસ્પૃશ્ય નિવારણ માટેનો ઈશારો કરી ગયા છે. વીસમી સદીના રૂઢિચુસ્ત જમાનામાં અસ્પૃશ્યતા જાતિઓ સાથે કોઇ પણ જાતના સામાજિક સંપર્કો અશકય હતા તે જમાનામાં આવા લોકોને પોતાના ઘરમાં

આવકારીને તેઓની તે સાચી મા છે એવી અનુભૂતિ કરાવતા.

## સંસારના સંઘર્ષથી દુઃખીઓની મા

**સંસારના સંઘર્ષમાં સાંત્વના આપતા મા**

શિયાળાની સવારે ગડબેતા ગામના એક ભકત એની પત્ની અને ચાર દીકરીઓને લઈ માતાજીના ગામ જયરામવાટી આવ્યો. આગલી સાંજે એ લોકો પોતાના ગામથી બળદગાડીમાં નીકળી સવારે બીજે એક ગામ પહોંચીને ત્યાંથી લગભગ દોઢ માઈલ પગે ચાલીને જ જયરામવાટી આવ્યા હતા. બધાં જ બાળકો નાનાં હતાં. એક તો હજી ધાવણું હતું. વળી તેને મેલેરિયાનો રોગ થયો હતો. આ પરિસ્થિતિમાં ભકત ખૂબ મૂંઝાઈ ગયો. અને વારંવાર ચિંતા કરવા લાગ્યો કે માતાજીને અગવડમાં તો નથી મૂકયા ને? પરંતુ માતાજીએ એમની સાથે એવો સ્નેહપૂર્ણ વ્યવહાર કર્યો કે એક ક્ષણમાં જ એમનો બધો સંકોચ દૂર થઈ ગયો. એની પત્ની તો જાણે પિયર આવી હોય તેમ છૂટથી હરવાફરવા લાગી. માતાજીએ તરત જ પોતાના નાના ઘરમાં એમને માટે બધી વ્યવસ્થા કરી આપી. એ માંદી બાળકીને સૂવાની અને દવાની પણ ગોઠવણ થઈ ગઈ. એ સ્ત્રીભકત બીજી બહેનો સાથે તળાવમાં નાહવા ગઈ, અને ઘરની દીકરી માફક કાખમાં ઘડો ભરી પાણી લાવી. પૂજા પૂરી થતાં એ પતિ-પત્નીએ મા પાસેથી દીક્ષા લીધી. એ લોકોને પાછા પહોંચવા માટેનો ત્રણ રાતનો લાંબો પંથ હતો. તેથી તે દિવસે બપોરનું ભોજન લઈ તેમણે માતાજીને પ્રણામ કર્યા. આંખોમાં આંસુ સાથે એમની વિદાય લીધી. માતાજીએ એમને વિદાય આપતાં દેવી દુર્ગાનું શુભ નામ ત્રણ વાર ઉચ્ચાર્યું. જ્યાં સુધી નજર પડી ત્યાં સુધી એમના માર્ગ તરફ જોઈ રહ્યાં. પછી ઓટલા પર બેસી ઊંડો નિશ્વાસ નાંખી બોલ્યાં કે એમનાં  સંતાનો આટલે દૂરથી કેટલી મુશ્કેલીઓ વેઠીને આવ્યાં તો પણ જરા વિશ્રામ પણ કર્યા વગર નિરાંતે બેસી વાતો પણ ન કરી શકયાં કે સારું ખાધા વગર ચાલ્યાં ગયાં. એટલામાં કોઈકે જોયું કે તે લોકો એક ટુવાલ ભૂલી ગયા હતા. માતાજીએ કહ્યુંઃ ‘‘ભૂલ તો થાય જ ને’’ એક રાત પણ ન રહી શકયા, નિરાંતે બેસી વાતો પણ ન કરી શકયા, મનને કાંઈ આમ જવું ગમે? તેથી આવી ભૂલો તો થઈ જાય ને? માતાજીનું દુઃખ જોઈ બ્રહ્મચારી ગોપેશ કહયું કે તે લોકો હજુ બહુ દૂર નહીં ગયા હોય, તેથી તે જલદી ચાલીને તેમને પકડી પાડી શકશે. આમ ટુવાલ આપીને બ્રહ્મચારી  પાછા ફર્યા ત્યાં જોવામાં આવ્યું એ સ્ત્રીભકતની સાડી તળાવને કિનારે સુકાતી હતી. એક સ્ત્રી તે લઈ આવી અને પેલીની મશ્કરી કરવા લાગી. બીજી એક સ્ત્રી બોલીઃ ‘‘કેટલું સંભાળે?’’ આટલા બધાં છૈયાં-છોકરાં ‘‘આ બધી મશ્કરીઓ સાંભળી માતાજી દીર્ઘ નિશ્વાસ નાંખી

બોલ્યાં,'' અરેરે,મારી દીકરીને આવતીકાલે નહાતી વખતે સાડી સાંભરશે. સાડી શોધશે ત્યારે એને યાદ આવશે કે ''માને ઘરે ભૂલી આવી'' બ્રહ્મચારી ગોપેશ ફરી એ સાડી આપવા જવા તૈયાર થયો અને એમણે તે સ્ત્રીને સાડી પહોંચાડી દીધી.[૨૦]

## ક્રાંતિકારીઓની મા

મા શારદાના થોડાક ભકતો સ્વદેશી ચળવળમાં જોડાયેલા હતા. બ્રિટિશ સરકારે કેટલાકને નજરકેદમાં તો કેટલાકને કેદમાં પૂરેલા. એક વખતે એક ભકત છોકરો પોલીસના જાપ્તા નીચેથી છૂટયો કે તરત જ એક સાંજે મા પાસે આવ્યો અને તેને મંત્રદીક્ષા માટે પ્રાર્થના કરી. તે દિવસોમાં આશ્રમ ઉપર પોલીસ કડક નજર રાખતી હતી અને તેથી તે આશ્રમના અધ્યક્ષે આ છોકરાને જતા રહેવા કહ્યું. જયારે માએ આ સમાચાર સાંભળ્યા ત્યારે પોલીસોની દમદાટી કે હેરાનગતિનો વિચાર કર્યા વગર તેમણે કહ્યું. કેટલી બધી મુશ્કેલીઓ વેઠીને અને કેટલી બધી ઉત્કંઠાથી આ છોકરો આવ્યો હોવો જાઈએ. તમે તેને આજની રાત્રિ માટે બીજા કોઈના ઘરમાં રાત્રે વ્યવસ્થા કરો. તે પછી બીજા દિવસે વહેલી સવારે હું તેને મંત્રદીક્ષા આપીશ અને પછીથી તેને રવાના થવાનું કહીશ. બીજે દિવસે સવારે મંત્રદીક્ષા માટે જરૂરી ગંગાજળ કે આસનની પરવા કર્યા વગર સૂકા ઘાસનું આસન બનાવવાનું કહ્યું અને તેના ઉપર બેસાડીને તે છોકરાને મંત્રદીક્ષા આપી.[૨૧] આવા તો ઘણા દેશભકતોને આશ્રય આપતા અને સાંત્વના આપતા દાખલાઓ છે.

માના એક સાધુ શિષ્ય જે દેશભકત હતા તે મેલેરિયાને લીધે વારંવાર માંદા પડયા કરતા. માના બીજા એક શિષ્ય જે ડૉકટર હતા તેમના આગ્રહથી આ દેશભકત શિષ્ય ત્યાં દવાદારૂ કરવા રહ્યા. ડૉકટર ગુરુભાઈના બે ભાઈઓ પણ ઉગ્ર! કાંતિકારી હતા જેઓ ઘર છોડીને છુપાતા ફરતા રહેતા.આ ડૉકટરના ઘર ઉપર બ્રિટિશ સરકારનો જબરદસ્ત ચોકીપહેરો રહેતો. માનો આ સંન્યાસી દેશભકત જયારે ત્યાં સારવાર માટે આવ્યો ત્યારે બ્રિટિશ સરકાર તે પણ કાંતિકારી જ હશે તેમ માનીને તેને પકડવાની પેરવીમાં હતા. પરંતુ આ ડૉકટર બ્રિટીશ સરકારની ઉચી પદવીની નોકરી કરતા હોવાથી આ સાધુ દર્દી માટે મોટી રકમના જામીન બનીને જયારે પણ પોલીસ બોલાવે ત્યારે પોલીસ સામે હાજર થઈ જાય તેવી એક શરતે તેમને મુકત રાખેલા. થોડા સમય બાદ ડૉકટરની સારી સારવારથી સાધુની તબિયત સારી થઈ ગઈ અને તેઓ માના આશ્રમમાં રહેવા આવી ગયા. ગામના લોકોએ જયારે આ જાણ્યું કે આ સાધુ શિષ્યને તો ડૉકટરે ખૂબ પૈસા આપીને જામીન પર છોડાવ્યા છે એટલે શંકાકુશંકા કરીને માની પાસે તેમના રહેવા

માટે વિરોધ ઉઠાવ્યો અને કહ્યું, જ્યાં સુધી એમના પોલીસ મામલાનો નિકાલ નહીં આવે ત્યાં સુધી તેમને માના આશ્રમમાં ન રાખતા. ડૉકટરબાબુ સાથે પાછા રહેવા મોકલી દો. માના આ સાધુ શિષ્ય પણ મા ઉપર કોઈ આફત ન આવી પડે એ વિચારે પાછા જવા પણ તૈયાર થઈ ગયા, પરંતુ મા આ ત્યાગી દીકરાને કોઈ પણ સંજોગોમાં છોડવા રાજી ન હતાં. તેમના પાછા જવાની વાત સાંભળીને માએ દુ:ખી થઈને રડતાં રડતાં કહ્યું કે ભગવાનની જે ઈચ્છા હશે તે થશે પણ આ છોકરો તો મારી પાસે જ રહેશે. આ વિકટભરી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા શિષ્યે માને પ્રેમપૂર્વક સમજાવીને આશ્રમમાંથી વિદાય લીધી.[૨૨]

માના આવા બીજા ઘણા દેશભકત પુરુષ અને મહિલા શિષ્યો પણ હતાં. જેઓ તોડફોડની પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા તેથી પોલીસ ડિપાર્ટમેન્ટ માના આશ્રમ પર શંકાશીલ નજરે જોતા અને ચોકીપહેરો પણ રાખતા. રોજ રાત્રે એક ચોકીદાર માના આશ્રમમાં આવીને જે તે દિવસે કોણ કોણ નવા મહેમાનો આવ્યા તેમનાં નામ, ઠેકાણાં, કયાંથી આવ્યા, કયાં જવાના છે વગેરે. માહિતી લખીને પોલીસ થાણામાં આપી દેતો. માના દેશભકત શિષ્યો પણ મા મુશ્કેલીમાં ન મુકાય એટલે વહેલી સવારે મા પાસે આવીને પ્રણામ કરીને જમી કરીને થોડો આરામ કરીને સાંજ પડતાં પહેલાં પાછા ચાલ્યા જતા પછી આ વાતની માહિતી પણ બ્રિટિશ સરકારને મળતાં દિવસમાં કોઈ પણ સમયે ચોકીદાર તપાસ કરવા આવી જતો. આ ચોકીદારની ઉપર એક ઑફિસર પણ નીમવામાં આવ્યો હતો. થોડા સમય બાદ માના આશ્રમની જાંચતપાસ કરવા ખુદ ડીએસપી સાહેબ પાલખીમાં બેસીને તપાસ કરવા આવવાના છે એવા સમાચાર મળ્યા. એ સમાચાર મળતાં માનો એક વકીલ શિષ્ય આગલા દિવસે માને મળવા આવ્યા હતા, તેમને ભકતોએ આગલી રાતે ત્યાં જ રાખી લીધા. બીજે દિવસે સાંજે ચોકીદાર અને પોલીસ ઑફિસર તપાસ માટે આવ્યા. વકીલસાહેબે તેમને સન્માનપૂર્વક બેસીને બધી વાત સમજાવવા લાગ્યા. આ સમય દરમિયાન માએ પોતાના જ હાથે ગરમ ગરમ શીરો બનાવીને તે ઓફિસરને ઘરની અંદર લઈ જઈને પાસે બેસીને પ્રેમથી નાસ્તો-પાણી કરાવીને પાન પણ આપ્યું. જ્યારે તેઓએ વિદાય લીધી ત્યારે ખુશ થઈને આશીર્વાદ પણ આપ્યા. માના આવા સરળ અને પ્રેમભર્યા વર્તનથી પોલીસ ઑફિસરના મનનો ભાવ બદલાઈ ગયો અને જાણે કે પોતાની મા પાસે જ બેસીને ખાઈ રહ્યો હોય તેઓ અનુભવ કરીને પાછા જતી વખતે પૂછયું કે તમને અમારા પોલીસની અવરજવરથી બીક તો નથી લાગતી ને?..... અમારી

**શંકાશીલ પોલીસ ઑફિસર પ્રત્યે પ્રેમભર્યું વર્તન**

આ ફરજ છે. માએ પણ એની સામે એક નાની દીકરી પોતાના પિતાની સાથે પ્રેમપૂર્વક વાત કરે તેમ સુમધુર ધીમા આવાજમાં કહ્યું "હા, દીકરા, મને ડર લાગે છે." કડક સ્વભાવના ડીએસપી સાહેબનું હૃદય પણ માના આ મધુર અવાજથી ઝંકૃત થઈ ગયું અને એને પણ એક બાપ પોતાની વહાલી દીકરી સાથે વ્યવહાર કરે તેમ જતી વખતે કહયું કે, "મા, ડર રાખશો નહીં, હું બધું સીધેસીધું કરીને જઈશ." આમ, બ્રિટિશ સરકારના અન્યાયી વર્તનની માના દેશભકત શિષ્યોને કે આશ્રમના કામકાજ પર કોઈ આંચ આવી નહીં. આવો હતો માનો દેશભકતો માટેનો પ્રેમ અને મધુરતા ભર્યો જાદુ.[૨૩]

માના પ્રેમની અવિરત ધારા બધા જ ઉપર પછી તે સ્ત્રી હોય કે પુરુષ, ગુનેગાર હોય કે અત્યાચારી, દોષોથી ભરપૂર હોય, પાપી હોય કે પુણ્યશાળી, બ્રાહ્મણ હોય કે ભંગી, દેશી હોય કે પરદેશી, ગરીબ હોય કે ધનિક કોઈ પણ જાતના નાતજાત કે ધર્મ અને સંપ્રદાયના ભેદભાવ વગર જ સૌ પ્રત્યે સતત વહેતી. જે કોઈ માની પાસે આવતું, તેના ગુણદોષ એમના પ્રેમમાં વધારો કે ઘટાડો કરી શકતા નહીં. પારસમણિના સ્પર્શે જેમ લોખંડ પણ સોનું બની જાય એ રીતે માના પાવન સ્પર્શે સૌએ મા શારદાને પોતાની મા તરીકે સ્વીકાર કર્યાના પ્રસંગો આ પુસ્તકમાં અન્ય પ્રકરણોમાં વાંચવા મળશે.

# ૧૨ નારી જીવનનો આદર્શ

આપણાં પુરાણોએ નારીને શક્તિનું સ્વરૂપ ગણી સન્માની છે. માનવજીવનો જન્મ, લાલનપાલન, સંરક્ષણ વગેરે સ્ત્રી સહાય વગર શકય જ નથી. એક કવિએ ગાયુ છેઃ'' જે કર ઝુલાવે પારણું એ જગ પર શાસન કરે''. ભારતનું એક પણ સામર્થ્યશાળી વ્યક્તિત્વ એવું નથી કે જેના સામર્થ્ય પાછળ શક્તિ સ્વરૂપા નારી ન હોય. તે પછી મહાત્મા ગાંધી હોય, સ્વામી વિવેકાનંદ હોય. સમાજનું એક અંગ કુટુંબ છે અને આ કુટુંબના કેન્દ્રમાં પણ નારી જ રહેલી છે. આવી નારીનાં મુખ્યત્વે બે પાસાં છે. નારી સહજ નાનપણમાં પિતૃગૃહે દીકરી, બહેન વગેરે અને લગ્ન બાદ પતિગૃહે કુળવધૂ, પત્ની, માતા વગેરે બીજું અગત્યનું પાસું છે ગુરૂ તરીકેનું. શાળામાં ભણાવતા ગુરુ કરતાં લગભગ એક લાખ ગણું વધારે મહત્ત્વ માને ગુરુ તરીકે આપવામાં આવ્યું છે.

મા શારદાના જીવનમાં ત્રણ મુખ્ય સ્વરૂપો જોવા મળે છેઃ (૧) સામાન્ય નારી તરીકેનું માનવીય સ્વરૂપ (૨) ગુરુ એટલે કે નેતૃત્વ તરીકેનું સ્વરૂપ (૩) અનંત રૂપિણી સ્વરૂપ. આ પ્રકરણમાં આપણે માના એક સામાન્ય નારી તરીકેના સ્વરૂપ વિશે જાણીશું. મા

શારદાના જીવનમાં દરેક નારી માટે તે પછી કોઇ પણ ઉંમરની હોય, ભણેલી હોય કે અભણ, ગરીબ હોય કે તવંગર, ગૃહિણી હોય કે સંન્યાસિની, બ્રહ્મચારિણી હોય કે બાળકોની મા હોય, દેશી હોય કે પરદેશી હોય, જ્યાં હોય ત્યાં રહીને જીવનશૈલીમાં મોટા બદલાવો લાવ્યા વગર જે તે જવાબદારીઓ નિભાવતા નારી સહજ ગુણોને કેવી રીતે કાર્યાન્વિત કરી શકાય તેને લગતા ઘણા પ્રસંગો છે.

**નારી જીવનનો આદર્શ**
**પિતૃગૃહે દીકરી, બેન, નણંદ વગેરે**
**પતિગૃહે કુળવધૂ, પત્ની, માતા વગેરે**

## પિતૃગૃહે

મા નાનાં હતાં ત્યારથી જ એક સામાન્ય નારી તરીકે વિવિધ જવાબદારી સારી રીતે બજાવી રહયાં હતાં. તેમના ભાઇઓએ માનાં નાનપણનાં કામો વિશે એમના ભાઇ કાલીમામાએ કહેલું કે ''અમને જીવતા રાખવા માટે મોટી બહેને શું નથી કર્યું? અમને બધાને આમોદર નદીમાં રોજ લઇ જતાં, નવડાવતાં, ખવડાવતાં અને ગળાડૂબ પાણીમાં ઊભા રહીને ઢોરો માટે ઘાસ કાપીને લઇ જતાં. અમારી માને પણ તેઓ ખેતીનાં કામોમાં ખાસ કરીને કપાસના કાલામાંથી રૂ કાઢી તેમાંથી જનોઇ બનાવવા સૂતર કાંતીને તે વેચીને અમારા બધા માટે કપડાંલત્તાં વગેરે ખરીદતાં. આ ઉપરાંત ડાંગર છડવી, ઢોરને ઘાસ નીરવું, રસોઇ કરવી વગેરે ઘરનું ઘણું ખરું કામ મોટી બહેન એકલે હાથ કરતાં''[૧]

મા જ્યારે નાની બાલિકા હતાં ત્યારે જયરામવાટીમાં ગામની બીજી બાલિકાઓ સાથે નદીએ પાણી ભરવા તેમજ વિવિધ રમતો પણ રમતાં. સામાન્ય રીતે નાની બાલિકાઓ ઢીંગલા-ઢીંગલી અને ઘરગૃહસ્થીને લગતી રમતો રમતી હોય છે. પરંતુ મા શારદા એમની સખીઓ સાથે પૂજાપ્રાર્થના કેવી રીતે કરવાં એવી રમતો રમતાં. રમતાં રમતાં કયારેક અંદરોઅંદર ઝઘડા અને રિસાવાનું પણ થતું. આવા પ્રસંગો વખતે મા બધાને સમજાવી પતાવીને સંપથી સાથે રાખતાં.[૨]

## કુશળ ગૃહિણી અને ગૃહસ્થ ધર્મ

લગ્નગ્રંથિમાં એક કુશળ ગૃહિણી તરીકે તેમણે ગૃહસંચાલન કર્યું. આ શાંત, ખૂબ શરમાળ તેમજ ગ્રામીણ અને નિરક્ષર મહિલાને સામાન્ય કામમાં રત રહેતાં જોઇને મોટાભાગના લોકો તેમને સામાન્ય ગૃહિણી તરીકે ઓળખતા. સ્વામી પ્રેમાનંદજીએ શ્રીમાના ગૃહસ્થ જીવનની જવાબદારીઓ અદા કરતાં જોઇને કહ્યું છે કે ''રાજરાજેશ્વરી સ્વયં પોતાની ઇચ્છાથી ઘર લીપી રહી

**ગૃહસ્થાશ્રમ:**
જ્યેષ્ઠ આશ્રમ

છે, વાસણ માંજી રહી છે અને ખુદ ભકતો સંતોનાં જુઠાં પતરાળાં પણ ઉઠાવી રહી છે. ગૃહસ્થ ધર્મોના ઉપદેશ આપવા મા કષ્ટ ઉઠાવી રહી છે. તેમનામાં અસીમ ધૈર્ય છે, અપાર કરુણા છે અને સૌથી વધારે તો નિરાભિમાનીપણું છે.[૩] કૌટુંબિક જવાબદારીઓ ઉપરાંત પતિના શિષ્યો અને ભકતોની વિવિધ જરૂરિયાતો ધ્યાનમાં લઈને મા તેને પૂરી પાડવા પ્રયત્નશીલ રહેતાં. નરેન્દ્ર અને રામચંદ્ર દત્તને ભાવતી જાડી ચણાની દાળ તેમજ ચપાટી, તો કોઇના માટે તેના નાજુક પેટને અનુકૂળ પતલી દાળ અને ખીચડી બનાવીને પ્રેમથી ખવડાવતાં બ્રિટીશ સંસ્કૃતિથી રંગોયેલા કૉલકાતાના ભકતોની આદત મુજબ સવારે ચા-નાસ્તા માટે વહેલી સવારે ઊઠીને ૫-૭ કિ.મી. પગે ચાલીને દૂધ, ચા વગેરે લઇ આવતાં. આવા ભકતોને સમયસર ચા-નાસ્તા બનાવીને ખવડાવતાં. આ સંદર્ભના વિવિધ પ્રસંગો માના નજીક રહેતા શિષ્યો રાસ-બિહારી મહારાજ, બ્રહમ. અક્ષય ચૈતન્ય, ગોપેશ મહારાજે લખેલ પુસ્તકોમાંથી વાંચવા મળશે.

**સહનશીલતા કેળવીને ધીરજપૂર્વક પારિવારિક સંબંધો જાળવવા**

## પારિવારિક સંબંધો

સંયુકત કુટુંબમાં તેઓના સ્વાર્થી, તુંડ મિજાજી, ધૂની અને વિચિત્ર સ્વભાવની ભત્રીજીઓ, ભાભી-ભાઈ સાથે રહેલાં. આવા બધા વિવિધ અને વિચિત્ર સ્વભાવના કુટુંબના સભ્યો વચ્ચે નાનીમોટી બાબતમાં ગુસ્સે થઇ જવાનું, રિસાઇ જવાનું તો કયારેક ઝઘડો થતાં થતાં માર પણ ખાવો પડતો. આવા સંજોગોમાં માએ મનને સંયમમાં રાખીને, સહન કરીને, બીજાની ભૂલોને માફ કરીને, સંપ અને સહકારથી પારિવારિક સંબંધો કેવી રીતે જોળવ્યા તેના પ્રસંગો વાંચીએ.

પતિ શ્રીરામકૃષ્ણદેવના મૃત્યુ બાદ વિવિધ સ્વભાવોવાળાં કુટુંબીઓ સાથે તેમનો પનારો પડયો. શ્રીમાને પેન્શન માટે મળતી સાત રૂપિયાની માસિક આવક બંધ કરાવી દેનાર શ્રીરામકૃષ્ણનો ભત્રીજો રામલાલ, માનું વારંવાર અપમાન કરતો ભાણેજ હૃદયરામ, શ્રીમાન સ્વાર્થી ભાઇઓ, ધૂની અને વિચિત્ર સ્વભાવની ભત્રીજીઓ, છૂતાછૂતની ગ્રંથિથી પીડાતી ભત્રીજી નલિની અને ગાંડી વિધવા ભાભી અને તેમની જિદ્દી દીકરી આ બધાનો સઘળો ભાર ઉપાડવા છતાં પણ કયારેક મા તરફ સ્વાર્થીપણાનું વલણ રહેતું. એક વાર તો પગલી મામી સુરબાળા સળગતું લાકડું લઈને માને મારવા દોડી હતી.[૪] આવાં કુટુંબીજનો પ્રત્યે કોઇ પણ જાતનો રોષ, ક્રોધ, પ્રતિકાર કે ફરિયાદો ન કરતા પરિસ્થિતિ અને વ્યક્તિના

સ્વભાવની સાથે સાથે તેની અંદર રહેલ સારપને સમજી લઇને માએ પારિવારિક સંબંધો જાળવી રાખેલા.

ઉપલક દૃષ્ટિએ મા રાતદિવસ આ સંબંધો જાળવવા વ્યસ્ત રહેતાં. તે જોઇને એક સંન્યાસી શિષ્યે વાતચીત દરમિયાન તેમને પૂછેલું ''આપને આટલી બધી માયા કેમ છે? સંસારમાં ખૂબ ગૂંચવાયેલા માણસની માફક આપને આવી ઘેરી માયા છાજે શું? આ સાંભળી મા કહેતાં, હું સ્ત્રી છું અને મારા સ્ત્રી સ્વભાવને અનુસરું છું.

## સાસુવહુના સંબંધો સંદર્ભે:

માના ભકત શ્રીશચંદ્ર ઘટકનાં પત્ની જે ઉંમરમાં નાનાં હતાં તેને તે માને મળવા ગયેલા ત્યારે તેમને પૂછેલું: ''મા મને શિવપૂજા કરવાનું મન છે.'' ત્યારે માએ કહયું તું હજી ઘણી નાની છે તું શિવપૂજા સરખી રીતે નહીં કરી શકે, પછીથી યોગ્ય સમય આવે એટલે મોટી થઇશ ત્યારે તું તે સમજી શકીશ. અત્યારે તો તારે ઘરના વડીલોની સેવામાં સમય વ્યતીત કરવો જોઇએ.''[૫] એક દિવસ, એમના સ્ત્રીશિષ્યની દીકરીએ, તેના સાસરેથી પત્ર લખી મા પાસે આવવાની ઈચ્છા પ્રગટ કરી અને આ લખાણની તેના સાસુસસરાને જાણ થાય તેમ તે ઈચ્છાતી નથી તેવું પણ લખ્યું. શ્રી માએ તે સાંભળીને જવાબ આપ્યો, ''તો પછી તેણે જવાબ લખવાની જરૂર નથી, આવી ચોરીછૂપી મને ગમતી નથી''.[૬] એક વડીલ શિષ્યા તેની પુત્રવધૂ પ્રત્યે ઘણો જ કડક વ્યવહાર કરતી, તે સાંભળીને માએ કહ્યું કે વહુ તો હજુ નાનું બાળક છે તેને સારું પહેરવા, ઓઢવા અને ખાવા પીવાનું મન થાય જ ને. તેના પર આટલી બધી કડકાઈ રાખવી એ ડહાપણભર્યું ન કહેવાય. મનુષ્યે જરૂર પડે ત્યારે લગામ ઢીલી મૂકવી જોઇએ.[૭] આમ ગૃહસ્થીમાં વડીલ સાસુએ તેમજ નાની ઉંમરની વહુએ સારા સંબંધો કેવી રીતે જાળવી શકાય તેનો સંદેશો આપ્યો.

## સુસંવાદી માનવ સંબંધો:

મા શારદાના જીવનમાં પણ આ ગુણને ચરિતાર્થ થયેલા ઘણા પ્રસંગો છે. પતિના નિકટનાં શિષ્યા ગુલાબમા સાથેનો એક પ્રસંગ છે. ઠાકુરની અંતિમ માંદગી વખતે તેમની સારવાર કરાવવા માટે શિષ્યો તેમને કૉલકાતા લાવ્યા ત્યારનો છે. એક દિવસ તેમની શિષ્યા ગુલાબમાએ ટીકા કરી, ''મને લાગે છે કે ઠાકુર, શ્રીમાથી નારાજ થયા છે અને તેથી તેઓ કૉલકાતા ચાલ્યા ગયા છે. શ્રીમાએ આ વાત સાંભળી અને તરત ગાડી કરીને શ્રી ઠાકુર પાસે પહોંચી જઇને પૂછયુ : એ ખરી વાત છે કે તમે મારાથી નારાજ થઇને અહીં આવ્યા છો? ઠાકુરે જયારે જાણ્યું

**ટીકાઓ સાંભળીને મનદુ:ખ કે દુર્ભાવનાને બદલે સુસંવાદી સંબંધો જળવવા**

કે તેમની શિષ્યા ગુલાબમાએ આ પ્રમાણે ટીકા કરેલી તે સાંભળીને તેઓ ગુસ્સે થઇ ગયા. જ્યારે ગુલાબમા ઠાકુર પાસે આવ્યાં ત્યારે તેમણે તેમને કડક શબ્દોમાં ઠપકો આપ્યો અને કહ્યું હમણાં ને હમણાં જઇને તેમની માફી માંગો. ગુલાબમાએ તુરંત શ્રીમા પાસે દક્ષિણેશ્વર જઇને રડતાં રડતાં કહયું "હું શું કરતી હતી તેની મને ખબર નથી." સાંભળીને શ્રીમાએ કશું કહ્યું નહિ, ફકત હસ્યાં અને તેમના બરડામાં ત્રણ વખત થાબડીને કહ્યું, ગુલાબ! ઓ ગુલાબ! ગુલાબમા પછી તુરંત શાંત પડી ગયાં.[૮] આમ સાથીદારો સાથે સંબંધોમાં સંવાદિતા કેવી રીતે લાવી શકાય તેનો મા એક આદર્શ પૂરો પાડે છે.

રામકૃષ્ણ મિશનના શરૂઆતના દિવસોમાં તેના જુદા જુદા આશ્રમોમાં તેના અધ્યક્ષો અને નવા આગંતુક શિષ્યો સાથેના સંબંધો માએ કેવી રીતે સાચવવા તે શિખામણ આપેલી, તે સંદર્ભના પ્રસંગો આ પુસ્તકના અદ્ભુત નેતૃત્વના પ્રકરણમાં વાંચવા મળશે. તેમના જ પરિવારના સ્વાર્થી તેમજ ધૂની અને વિચિત્ર સ્વભાવનાં ભત્રીજાઓ, ભત્રીજીઓ, ભાઇઓ સાથે માએ સંબેધો સાચવેલા તે સંદર્ભમાં અગાઉ લખાયું છે.

## સામાજિક મૂલ્યો અને ધર્મની જાળવણી :

સામાન્ય રીતે મા સમાજને ટકાવી રાખવા પ્રસ્થાપિત સામાજિક મૂલ્યો અને રીતરિવાજોને જાળવી રાખતાં. કોઇ ભકતના કુટુંબમાં કોઇ મુશ્કેલી ઊભી થઇ હોય ત્યારે તે દૂર કરવા અથવા તો સામાન્ય ઇચ્છાઓ પૂરી પાડવા ભકતો જયારે મા સિંહવાહિની કે મા જગધાત્રીની પૂજા કરવા ઇચ્છતાં તો મા તેને પ્રોત્સાહન આપતાં. ખુદ પોતે પણ પતિની બીમારી વખતે માની પૂજા કરવા માના મંદિરમાં ગયેલાં. આમ સામાજિક વ્યવસ્થામાં ક્રાંતિ લાવવાની તરફેણમાં તેઓ ન હતાં. એક દીક્ષાર્થી બહેન કે જેના કુલગુરુ હયાત હતા. છતાં તે માની પાસે મંત્રદીક્ષા લેવા ગયેલા. માએ તેને દીક્ષા આપવાની ના કહીને કહ્યું: "કુળના ધર્મ પ્રમાણે ચાલવું એ જ યોગ્ય છે. સંસારમાં રહેવું હોય તો જાતિ વિચાર માનીને ચાલવુ જોઇએ."[૯] એક બાજુ મા દેશાચાર, જાતિ વિચાર વગેરેને અનુકૂળ ચાલવાની સલાહ આપતાં. ૧૫ વર્ષનાં શિષ્યા શિરોદબાલા વિધવા થઇ ગયેલા અને દેશાચાર પ્રમાણે તેમના વાળ પણ કાપી નંખાવેલા. માને એ જયારે તે મળવા આવી ત્યારે કહેલું કે: "તેં બરાબર કર્યું. વાળ રાખવાથી થોડેઘણે અંશે પણ ફૅશનમાં રહેવા જેવું થાય. પરંતુ જયારે

મોટી ઉંમરની થઇ ત્યારે મા તેને કહે છેઃ "જેને માટે તેં આકરું તપ કર્યું તે તું પામી છે.... હવે તારે વાળ કાપવાની જરૂર નથી. તેં મોહને તો જીત્યો છે."[૧૦]

આમ માણસને ખાસ કરીને સ્ત્રીઓને પીસી નાંખતા, તેઓના ઉપર જુલમ કરતા, રુઢિરિવાજોમાં પરિવર્તન લાવવાની સલાહ આપતાં અને જરૂર પડે વિરોધ પણ કરતાં.

**સામાજિક મૂલ્યો અને ધર્મની જાળવણી કરીને જરૂર પડે હાનિકારક રૂઢિઓને તીલાંજલિ આપવી**

સમાજમાં ધર્મની જાળવણી, સામાજિક મૂલ્યો અને કુટુંબમાં સલામતી અને સ્થિરતા નારી પૂરી પાડતી હોય છે. પરંતુ સ્ત્રીઓ પેઢી દર પેઢીથી ચાલી આવતા કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમ વગેરેમાં બદલાતી પરિસ્થિતિ તેમજ સાંપ્રત પરિસ્થિતિને અનુરૂપ જરૂરી પરિવર્તન કરી શકતાં નથી. દા.ત. નાતજાત અને વર્ણભેદ, વિધવા તેમજ બાળકોને જન્મ આપવાની ક્ષમતા ન ધરાવતી બહેનોને તેમજ જે બહેનોને લગ્ન કરવાની ઈચ્છા ન હોય તો તેના ઉપર બહેનો જ કયારેક અત્યાચારો તો કયારેક અન્યાય પણ કરે છે. ૧૯મી સદીના જૂના રૂઢિચુસ્ત જમાનામાં માએ હાનિકારક અથવા તો બિનજરૂરી રૂઢિઓનો ભંગ કરવાની સલાહ તેમના આ જ પ્રમાણે તેઓ પણ ૩૩ વર્ષની ઉંમરે વિધવા થયેલાં અને રૂઢિચુસ્ત સમાજની વચ્ચે રહીને ગ્રામલોકો અને કુટુંબીજનોનો ત્રાસ વેઠીને તે બધાની સામે અડીખમ રહીને માથાના વાળ કપાવ્યા વગર લાલ કિનારની નાની પટ્ટીવાળી સાડી તેમજ હાથમાં સુવર્ણનાં કંકણ પહેરવાનું ચાલુ રાખેલું.

## સ્ત્રીસહજ વિશિષ્ટ ગુણો સંદર્ભે :

મા શારદાના જીવનમાં સ્ત્રીસહજ ગુણો જેવા કે માતૃભાવ, સેવા, સૌન્દર્ય, લજ્જા, શાલીનતા, વિન્રમતા, ધીરજ, સહનશીલતા, સંતોષ, સત્ય છતાં મધુર વાણી, કીર્તિ, તીક્ષ્ણ બુદ્ધી, જવાબદારીઓ પ્રત્યેની સતત સજાગતા અને સ્મરણશક્તિ તેમજ ક્ષમા જેવા ગુણો દર્શાવતા ઘણા પ્રસંગો છે. થોડા પ્રસંગોનો આપણે અહીં ઉલ્લેખ કરીશું.

### માતૃભાવઃ

મા શારદા કે જેને આખી જિંદગી બ્રહ્મચારિણીનું જીવન જીવેલા પોતાના લોહી માંસના એક પણ બાળકને જન્મ ન આપેલ હોવા છતાં દેશ અને દુનિયામાં એક મા તરીકે લાખ્ખો લોકો પુકારે છે. આજે જે બહેનો કોઇ પણ કારણસર મા બની શકતી

**માતૃભાવ એટલે જેનામાં કરુણા, મૃદુતા, પ્રેમ અને સહનશીલ, ત્યાગ અને સેવાવૃત્તિ છે તે**

નથી અથવા તો જે લોકસેવાનાં કામો કરવા અથવા આધ્યાત્મિક જીવન જીવવા માટે મા બનવાની ઇચ્છા ધરાવતી નથી તેઓને આપણો સમાજ ધુત્કારે છે અને વખોડે છે. તેને માટે મા શારદમાં રહેલો આ માતૃભાવ આજના સમાજને અને ખાસ કરીને બહેનોને ગરીબ, અનાથ એવા બાળકોને માતૃપ્રેમ આપીને મા બની શકે છે એવો સંદેશો આપે છે.

## સંતોષ :

**સંતોષ સમી સમૃદ્ધિ નથી અને ધૈર્ય સમો ગુણ નથી.**

માનાં એક શિષ્યા-ક્ષીરોદબાળા જે નાનપણમાં જ વિધવા થણે ગયેલાં તેમને એક દિવસ માને કહ્યું મા મારે નથી કોઈ કુટુંબ કે નથી ઘર કે નથી પૈસો. છતાં હું સંસારીઓના વ્યવહારથી ડરું છું અને હું એને ખૂબ ધિક્કારુ છું. તમે મને આ સંસારીઓથી દૂર રાખો. માએ  એને કહ્યું કે ‘‘બધા સંજોગોમાં સંતોષ માની અને ભગવાનનું નામ લેતી રહે.[૧૧] માએ જે પ્રેમથી અને સરળ શબ્દોમાં એને નાના બાળકની પેઠે આશ્વાસન આપ્યું તેનાથી તેને સંતોષ થઇ ગયો.’’ મા શારદા પોતે પતિના અવસાન પછી ગરીબી અને એકલતામાં સંતોષથી રહેલાં.

## સેવા અને ત્યાગ :

સ્ત્રીઓમાં સેવા અને ત્યાગના ગુણો સાહજિક રીતે રોજબરોજના કૌટુંબિક અને સામાજિક જીવનમાં જોવા મળે છે. મા પોતાના બાળક માટે પોતાનાં સુખ-સગવડો, ખાવાપીવા અને ઊંઘ જેવી જરૂરી જરૂરિયાતોનો પણ ત્યાગ કરે છે. આમાં નથી કોઇની બળજબરી કે ડર કે બીક. કુદરતે સ્ત્રીને આ મોટી બક્ષિસ આપી છે. મા શારદાને સેવા શુશ્રૂશા કરી છે. એક દિવસ એક મજૂરણબાઇ સાથે માના એક ભકતે સામાન મોકલેલો. એ બાઇને ત્યાં પહોંચતાં પહોંચતાં બપોર થઇ ગયેલા. માએ એ બહેન પાસેથી સામાન લઇને એને ન્હાવાધોવાની તેમજ ખાવા-પીવાની અને થોડો આરામ કરવાની વ્યવસ્થા કરી આપી. આ મજૂરણ બાઇ મેલેરિયાના રોગથી પીડાતી હતી તેથી સામાન ઉંચકીને આવતા ખૂબ થાકી ગયેલી. માએ તેને તે દિવસે પાછા જવાને બદલે તેમના વરંડામાં સૂવાની વ્યવસ્થા પણ કરી આપી. આ બાઇને રાત્રે થોડોક તાવ આવ્યો અને તે બેભાન જેવી હોવાથી

**નિજી સુખસગવડોનો ત્યાગ કરીને બાળકો, વડીલો અને અતિથિની સેવા શુશ્રૂષા કરવી.**

તે વહેલી ઊઠી શકી નહીં પણ માને હંમેશાં વહેલા ઊઠવાની ટેવ, તો તેમણે ઊઠીને જોયું તો આ મજૂરણબાઈએ તેની પથારી ગંદી કરી હતી. માએ વિચાર્યું કે ઘરમાં બીજા બધાને આ વાતની ખબર પડી જશે તો આ દુઃખી દીકરીનો બધા તિરસ્કાર કરશે અને તેને વઢશે અને માને ચિંતા થવા લાગી. બહોશ થયેલ, ગાઢ નિદ્રમાં પડેલ મજૂરણબાઈને માએ ધીરે ધીરે જગાડી અને હાથમાં ગોળ અને મમરા આપીને પાણી પિવડાવીને પ્રેમથી કહયું કે ''દીકરી, તું બપોર થાય, તડકો આવે એ પહેલા તારે ઘરે જતી રહે''. મજૂરણબાઈએ પણ સંતોષથી આરામ કરીને માને પ્રણામ કરી માની વિદાય લીધી. એના ચાલ્યા ગયા બાદ માએ પોતાના હાથથી છાણ અને માટીથી વરંડો લીંપી દીધો. ચટાઈને સારી રીતે સાફ કરીને તડકે સૂકવી દીધી કે જેથી કોઈને કાંઈ ખબર ન પડે.[૧૨]

કુદરતે નારીમાં કુટુંબનાં નાનાં બાળકો, વડીલો અને માંદાઓની સેવાચાકરી કરવા માટેનો વિશિષ્ટ ગુણ બક્ષ્યો છે. માનું પોતાનું એક પણ બાળક ન હોવા છતાં આવી રીતે ઘણા નાનામોટા લોકોની સેવાચાકરી કરીને નારીને એક જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.

## સૌન્દર્ય-સુંદરતા :

**બાહ્ય સુંદરતાની સાથે પવિત્ર ચારિત્ર અને રોજબરોજનાં કામોમાં વ્યવસ્થિતપણું**

સૌન્દર્ય એ કુદરતની અદ્‌ભુત શક્તિઓમાંની એક શક્તિ છે. કુદરત સૌન્દર્યથી ભરપૂર છે. રોજ વહેલી સવારે થતો સૂર્યોદય અને સાંજની સૂર્યાસ્તની લાલિમા, હિમાચ્છાદિત પર્વતનાં શિખરો દરિયાનું સાંનિધ્ય, રાત્રિના આકાશમાં ટમટમતા તારલાઓ અને ચંદ્રમાની ચાંદની, બગીચાના રંગબેરંગી ફૂલો, સૌને આનંદ અને શાંતિનો અનભુવ કરાવે છે. સૌન્દર્ય બધાને જ ગમે છે. સુંદર થવું કે સુંદર દેખાવું એમાં કશું જ ખરાબ કે ખોટું નથી. મા શારદા કહેતાં કે સૌન્દર્ય નારીઓને કુદરતે બક્ષેલ એક વિશિષ્ટતા છે. તેઓ બહારની સુંદરતાનાં વિરોધી ન હતાં, નાનપણમાં તેમને પણ ઘરેણાં પહેરવાનો શોખ હતો અને તેમને માટે તેમના પતિશ્રીએ ખાસ ઘરેણાં કરાવી આપેલાં જે તેમણે પતિની હયાતીમાં પહેરલાં. તેમની ભત્રીજી રાધુ માટે પણ ઘરેણાં-ઝાંઝર બનાવી આપેલાં. મા કહેતાં કે બહારનું ભૌતિક સૌન્દર્ય બીજાઓને આકર્ષિત કરવા અથવા તો કામમાં ખલેલ પાડતું ન હોવું જોઈએ.એક દિવસ રાધુ ઘરેણાં અને ઝાંઝર પહેરીને સીડી ઊતરતી હતી ત્યારે ઝાંઝરના અવાજથી બીજાઓ આકર્ષિત થતા અથવા તો તેમના કામમાં

ખલેલ પહોંચતી જોઈને માએ રાધુને ધીરેથી સીડી ઊતરવા માટે સલાહ આપેલી.[૧૪]

મા શારદા કહેતાં કે સ્ત્રીઓમાં બાહ્ય સુંદરતાની સાથે સાથે ચારિત્ર્યની સુંદરતા તેના રોજબરોજના જીવનવ્યવહારમાં અને નાનાંમોટાં દરેક કામોમાં દેખાવી જોઈએ. બહારનું સૌન્દર્ય થોડા સમય માટે વ્યક્તિને આનંદ આપે છે. પરંતુ લાંબે ગાળે તો તે દુઃખદાયક સાબિત થાય છે. આ સંદર્ભનો પ્રસંગ એક ભભકાદાર કપડાં અને ઘરેણાં પહેરીને પણ માનસિક રીતે અસ્વસ્થ બહેનને માએ જે સલાહ આપેલી તે સશક્તીકરણના પ્રકરણમાં વાંચવા મળશે. [૧૪]

મા શારદા તેમના ઘરનાં રોજબરોજનાં કામો સાથે ફુરસદના સમયે વધેલા સૂતર અને શણમાંથી સુંદર ઓશીકાં અને તકિયા બનાવેલાં તેમજ વધેલા રેશમમાંથી સુંદર પંખો બનાવીને પરદેશી શિષ્યા સિસ્ટર નિવેદિતાને ભેટ આપેલો. મંદિરમાં મા કાલી માટે ફૂલોનો સુંદર હાર બનાવીને માની પૂજા માટે મોકલેલો.[૧૫] આવાં બધાં કામો દ્વારા માના આંતરિક સૌન્દર્યનાં દર્શન થાય છે.

## પ્રેમાળ અને શાંત સ્વભાવ :

કુદરતની બધી જ શક્તિઓના પુંજસમો ગુણ એ શાંતિ -સૌમ્યતા હોય તેવું લાગે છે. જે વ્યક્તિમાં સહનશીલતા, વિનમ્રતા, સંયમ, તટસ્થતા, પ્રેમ, કરુણા, ધીરજ, ધ્રુતિ, સાદગી અને મેધા જેવા ગુણોનો સરવાળો થતો હોય તો તે વ્યક્તિ પ્રેમાળ અને શાંત સ્વભાવની બની જાય છે. જે પોતે તો આનંદમાં રહે છે તેના સાંનિધ્યમાં બીજાને પણ આનંદ અને શાંતિ આપે છે.

**દુઃખોને ધીરજ રાખીને શાંતિપૂર્વક સહન કરવા.**

સ્વામીજીનાં શિષ્યા કુ. જોસેફાઈનનાં બહેન શ્રીમતી લેગેટે શ્રી મા વિશે કહ્યું છેઃ "શ્રી માના લીધેલા ફોટામાં તેઓ જેવાં છે તેવાં ભીતરથી સુંદર અને ચમત્કાર પૂર્ણ લાગે છે. મારું મોઢું બે હાથ વડે પકડી સ્નેહાદર કરતાં તે એ સ્નેહસ્પર્શથી અભિભૂત થઈ જતી. શિશુ જેવું તેમનું સ્મિત અને ઈસુ માતા મેરીની જેમ શ્રીમા સરળ અને સૌમ્ય હતાં."[૧૬] માના પ્રેમમાં નથી દેખાતી સગાંવહાલાં કે શિષ્ય પાસેની અપેક્ષા કે ન કોઈ આગ્રહો કે ન કોઈ આસક્તિ. બાપ વગરની ભત્રીજી પર માનો પ્રેમ ઘણાબધાને આસક્તિ ભરેલો દેખાતો પણ સમય આવે પળવાળમાં તેને દૂર કરી શકેલાં. ભગિની નિવેદિતા માના સ્નેહ વિશે એક પત્રમાં તેમને લખ્યું છે કે, "મા, તમે હંમેશાં કેવા સ્નેહથી છલકાતાં હતાં, તમારો એ સ્નેહ અમારા સ્નેહની પેઠે નથી તો ઉછાંછરો કે નથી તો ઉગ્ર, એ કોઈ પાર્થિવ પ્રેમ નથી પણ એક સૌમ્ય શાંતિ છે. સૌનું કલ્યાણ કરતી કોઈનુંય અમંગળ ન વાંચ્છતી

....શ્રી પ્રભુની અદ્‌ભુત કૃતિ બધી એ નીરવ હોય, ચુપચાપ સૌના હૃદયમાં પ્રવેશી જેમ કે હવા, સૂર્ય પ્રકાશ, ફૂલોની મીઠી સુગંધ ગંગાનું નિર્મળ જળ..... કમળપત્ર પર પડેલા ઝાકળના બિંદુની જેમ અળગા રહીને.[૧૭]

## વાણીઃ

**સાચું અને હિતકારી બોલવું પણ બીજાની લાગણી દુભાય તેવું કદાપિ નહીં.**

માણસે કેવી રીતે વાતચીત કરવી જોઇએ એ અંગે વિવિધ શાસ્ત્રોમાં કહેલું છે કે માણસે સાચું અને હિતકારી બોલવું જોઇએ પણ બીજાની લાગણી દુભાય તેવું કદાપિ નહીં. આ સંદર્ભનો એક પ્રસંગ વાંચીએ. માના નિકટનાં શિષ્યા ગુલાબમા સત્યવાદી અને સ્પષ્ટવકતા હતાં. આ કારણસર ઘણી વાર કડક ભાષામાં બોલવાની તેમને ટેવ પડી ગઇ હતી. ગુલાબમાની આવી વાણીથી માને કયારેક દુઃખ થતું. "તેઓ કહેતાં કે ગુલાબ તને આ શું થઇ ગયું છે, અપ્રિય વચન સત્ય હોય તો પણ કયારેય ન કહેવું.[૧૮] એક દિવસે જયરામવાટીમાં નાની મામી વિશે કોઇએ કડક શબ્દો ઉચ્ચાર્ય ત્યારે શ્રીમાએ કહ્યુંઃ" બેટા, તેં કેવું વર્તન કર્યું. બીજાની લાગણી દુભાય એવા શબ્દો શું કદી કોઇએ ઉચ્ચારવા જોઇએ ખરા કે? સત્ય હોવા છતાં પણ અણગમતુ સત્ય બોલવું જોઇએ નહીં કારણ કે તેની આદત પડી જાય છે અને એક વખત મનુષ્ય બીજાની લાગણીનો ખ્યાલ કરવાનુ બંધ કરી દે છે ત્યારે તે કોઇ જગ્યાએ અટકતો નથી."[૧૯]

## ક્ષમા :

મા શારદા કહેતાં કે માણસોમાં દોષ હોવા કે ભૂલો થવી એ તો માનવસ્વભાવ છે. પણ એ ભૂલોને માફ કરી દેવી, સામેના દોષોને ભૂલી જવા અથવા તો જોવા જ નહિએ બહુ ઓછા માણસો કરી શકે છે.બીજાના દોષો જોવાની માણસોને આદત પડી ગઇ હોય છે.આવી આદતોને લીધે લોકો માનસિક શાંતિ ગુમાવી બેસે છે.

**" જો તમારે માનસિક શાંતિ જોઇતી હોય તો, કોઇનો દોષ ન જોતી, પોતાના જ દોષ જોવા. જગતને પોતાનું કરી લેતાં શીખ, જગતમાં કોઇ પરાયું નથી. દીકરી, જગત તમારું છે.[૧૪]**

સાલ ૧૯૨૦ હતી. માતાજીના અંતિમ માંદગીના એ દિવસો હતા. કૉલકાતાના "ઉદ્‌બોધન"ના તેમના ઘરમાં રહેતા હતા. તબિયત દિવસે દિવસે બગડી જતી હતી. માએ ધીરે ધીરે કરતાં બધાંમાંથી મન ખેંચી લીધું હતું. આ દિવસોમાં એક વાર એક સ્ત્રી ભકતે

પ્રણામ કરી ગળગળા અવાજે પૂછ્યુંઃ 'મા, અમારું શું થશે?' કરુંણાભર્યા અને ધીમા અવાજે માએ કહ્યુંઃ ભય શાનો?... જરાક વાર પછી આસ્તે આસ્તે બોલ્યાંઃ જો એક વાત ધ્યાનમાં રાખજે દીકરી.[૨૦]

## ધૈર્ય :

જ્યારે વ્યક્તિ ઉપર અન્યાય કે અત્યાચાર થતા હોય ત્યારે જે વ્યક્તિ તેનો પ્રતિકાર કરે છે તેને શક્તિશાળી માનવામાં આવે છે. પરંતુ જે વ્યક્તિ શાંત રહીને તે બધું સહન કરી લે છે તેને નબળા ઈમાં ખપાવી દેવામાં આવે છે. માના જીવનમાં આ સંદર્ભનો એક પ્રસંગ બનેલો છે તે સમજીએ. શ્રી રામકૃષ્ણદેવ દક્ષિણેશ્વરમાં રહેતા ત્યારે એક વાર શ્રીમા પોતાની માતા, લક્ષ્મીદીદી વગેરે. સાથે દક્ષિણેશ્વર શ્રી રામકૃષ્ણને મળવા આવ્યાં. હૃદયરામને કે જે રાત-દિવસ શ્રી રામકૃષ્ણની સેવા કરતા હતા અને દરેક પરિસ્થિતિમાં તેમનું ધ્યાન રાખતાં હતાં. તેઓને જ્યારે




ભાણેજના ઉધ્ધત વર્તનને ધૈર્ય અને શાંતિપૂર્વક સહન કરતા

ખબર પડી કે મા તેમનાં સગાંસંબંધીઓ સાથે દક્ષિણેશ્વર આવ્યાં છે ત્યારે તેઓ રોષમાં બોલી ઊઠયા આ લોકો શા માટે આવ્યા છે? અહીં એમનું શું કામ છે? આમ બોલીને તેઓને માનો અને સાથે આવેલા લોકોનો અનાદર કર્યો. માનાં મા અને હૃદય એક જ ગામનાં હતાં. અતિપરિચય અવજ્ઞા એક ઉક્તિ પ્રમાણે હૃદયનું આવું ઉદ્ધત વર્તન જોઈને તેમની માએ કહ્યું ''ચાલો, ચાલો પાછા જઈએ.''[૨૧] આવાં કુટુંબીજનો તેમજ આ સતી સ્ત્રીએ પતિ ઉપર જરા પણ રીસ કરી નહી. ભાણેજ હદય ઉપર પણ કરૂણામય મા એ ગુસ્સો કર્યો નહીં. ન કોઈની સામે કોઈ પણ જાતનો રોષ, ક્રોધ, પ્રતિકાર કે ફરિયાદો ન કરતાં, ધીરજ રાખીને મૂંગે મોઢે શાંતિપૂર્વક સહન કરીને પરિસ્થિતિને કાબૂમાં રાખીને સુમેળભર્યા સંબંધો જાળવી રાખેલા.

## સ્મૃતિઃ

ભગવાને નારીમાં આ ખાસ ગુણ મૂકયો છે કે જેથી તેને કાંઈ જોયું હોય, સાંભળ્યું હોય, અનુભવ્યું હોય તે લાંબા સમય સુધી યાદ રહી જાય છે. આ ગુણને લીધે તે સામાજિક અને કૌટુંબિક સંબંધો જાળવવામાં તેમજ રસોડામાં જરૂર પડતી ૧૦૦ કરતાં પણ વધુ વસ્તુઓને યાદ કરીને કુશળ રીતે ચલાવવામાં મદદરૂપ બને છે.આ શક્તિને લીધે કયારેક બિનજરૂરી વસ્તુઓ યાદ રાખીને મનની શાંતિ ગુમાવીને પોતે પણ દુઃખી થાય છે અને બીજાને પણ દુઃખી કરે છે. મા શારદાના જીવનમાં આ ગુણનો ઉપાયોગ ગરીબ લોકો તેમજ ભકતો અને શિષ્યોની નાનીમોટી જરૂરિયાત સંતોષીને તેઓને આનંદમાં રાખીને પોતે પણ આનંદમાં રહેતાં જોવા મળે છે. નરેન્દ્ર અને રામચંદ્ર દત્ત માટે જાડી ચપાટી અને ચણાની દાળ, બાબુરામ માટે પતલી દાળ, સવારની ચાથી ટેવાયેલા ભકતો માટે દૂધ અને ચાની ગોઠવણ કરીને જેના શરીરને અને મનને જે માફક આવે તે પ્રમાણે યાદ રાખીને સંતોષ આપજે વિશે અગાઉ ગૃહસ્થ ધર્મમાં લખાયેલ છે.

**દરેકની નારીમોટી જરૂરિયાતોને યાદ રાખીને પુરી પાડવી.**

## કીર્તિ :

આજના જમાનામાં જે વ્યક્તિ પાસે સત્તા હોય, સંપત્તિ હોય, વાક્છટાથી આક્રમક ભાષણો આપી શકે, જેનાથી બીજાઓ બીતા ફરે એવી વ્યક્તિઓને પ્રતિષ્ઠા મળતી હોય છે અને આવી વ્યક્તિને

**કીર્તિ એટલે જે સદ્ગુણોને યાદ, કરીને તેના મૃત્યુ બાદ પણ લોકોને પ્રેરણા આપે છે તે**

સશકત માનવામાં આવે છે. પરંતુ આવી પ્રતિષ્ઠા કે કીર્તિ લાંબો સમય ટકતી નથી. મા શારદાને તેમની હયાતીમાં બહુ ઓછા લોકો જાણતા હતા. જે આજે તેમનામાં રહેલા ગુણો જેવા કે સહનશીલતા, મૃદુતા, વિનમ્રતા, ક્ષમાશીલ યા ધીર, ગંભીર અને શાંત સ્વભાવ છતાં આજે દેશ અને દુનિયામાં લાખ્ખો લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપી રહ્યાં છે. જેમની કીર્તિ એમના દેહાંત બાદ ૧૦૦ વર્ષ પૂરાં થયાં હોવા છતાં દિન-પ્રતિદિન વધતી જ રહી છે.

## પવિત્રતાઃ

મા પવિત્રતાની સાક્ષાત મૂર્તિ હતાં. પરદેશી શિષ્યા જોસેફ ઇન મેકલાવડે માની પવિત્રતા વિશે લખેલો આ પ્રસંગ છે. એક દિવસ તેઓ માને મળવા બેલુર મઠથી માના ઘરે ઉદ્‌બોધનમાં મળવા ગયેલા. માને મળીને પાછા ફરતાં રાત પડી ગઇ હતી. એક બ્રહ્મચારી ફાનસ લઇને તેમને અતિથિગૃહમાં મૂકવા માટે તેમની પાછળ પાછળ ચાલતો હતો. તે બ્રહ્મચારીએ પાછળ જતાં જતાં સાંભળ્યું કે લાગણીવશ થઇને તેઓ અંગ્રેજીમાં ધીમે ધીમે સ્વગત બોલતા હતાઃ ‘‘મેં તેમને જોયાં છે... મેં તેમને જોયાં છે’’ અચાનક બ્રહ્મચારીને પોતાની પાસે જોઇને તેઓ ગળગળા થઇને ધીમેથી કહેવા લાગ્યાઃ ‘‘મા પવિત્રતા સ્વરૂપિણી છે, મેં તમને જોયાં છે.’’ આનંદ ઉલ્લાસમાં તેમનાં પગલાં કયાં પડે છે તેના ખ્યાલ રાખ્યા વગર જ ‘મા’ ‘મા’ ‘મા’ બોલતા બોલતા તેઓ ચાલતા હતા.[૨૨]

આજની નારીઓએ આ બધા ગુણોને કેળવવાની જરૂર હોય એવો મા જાણે કે સંદેશો આપી રહ્યાં છે. સહનશીલતા અને સૌન્દર્ય જેવા સ્ત્રીસહજ ગુણો વિશે સ્ત્રી સશક્તિકરણના પ્રકરણમાં વાંચવા મળશે. ૧૯મી સદીના ગ્રામીણ, અભણ મા શારદાએ સ્ત્રીસહજ વિશિષ્ટ ગુણોને પૂર્ણ અને જીવી બતાવ્યાં. નારી જીવનની વિવિધ ભૂમિકાઓ જેવી કે પિતૃગૃહે વ્હાલસોયી દીકરી, પ્રેમાળ બહેન, નણંદ, ફોઇ વગેરેની તરીકેની જવાબદારીઓ કોઇ પણ ફરિયાદ કર્યા વગર નિભાવી. તેમજ લગ્ન કરીને પતિગૃહે આદર્શ ગૃહિણી કુળવધૂ, પત્ની, કાકી, મામી, ભકત વત્સલય ગુરુ, માના જીવનના પ્રસંગો પ્રત્યક્ષ ન હોવા છતાં પ્રત્યક્ષથી પણ વધુ સચોટ અને અસરકારક છે. સ્વામીજીનાં પરદેશી શિષ્ય સિસ્ટર નિવેદિતાએ સાચે જ કહ્યું છે કે માનું જીવન માત્ર ભરતીય નારી માટે નહી પણ વિશ્વની બધી જ નારી માટે નારી જીવનનો આદર્શ પૂરો પાડે છે.

# ૧૩ શાંતિદાયિની

દુનિયામાં દરેક વ્યક્તિ જીવનમાં સુખ, શાંતિ અને આનંદ ઈચ્છે છે. કેટલાક લોકો આ શાંતિ પ્રાપ્ત કરવા આધ્યાત્મિક જીવનની શરૂઆત કરે છે. તેમાંના કેટલાક ગૃહસ્થીમાં રહીને ગુરૂ પાસે જઈને મંત્ર દિક્ષા લઈને સાધના શરૂ કરે છે. બહુ થોડા લોકો ઘર-ગૃ હસ્થીનો ત્યાગ કરીને સન્યાસી જીવન સ્વીકારે છે મા શારદા એ પોતે ગૃહસ્થીમાં રહીને શાંતિમય જીવન ગુજાર્યું હતું એટલું જ નહિ એમના નજીકના સંપર્કમાં આવતા ઘણાં લોકોએ પણ શાંતિનો અનુભવ કરેલો.

મોટાભાગના સાધકોના મનમાં પરસ્પર વિરોધી ઈચ્છાઓ અને વિચારો આવવાથી મનમાં દ્વિધાઓ અને સંઘર્ષો થતાં જ રહે છે. તેના ઉપાય માટે માએ તેમના પોતાના જીવનમાં વિવિધ સ્વભાવના લોકો અને પરસ્થિતિઓની વચ્ચે શાંતિમય જીવન કેવી રીતે ગાળવું તેનાં જીવંત ઉદાહરણો આપણી સમક્ષ મૂકેલાં છે. આ ઉપરાંત તેમના શિષ્યોએ પૂછેલા પશ્નો અને મનમાં ઉદ્ભવતી મૂંઝવણોનો ઉકેલ માએ આપેલો તે પ્રસંગો સાધકોને મદદરૂપ બનશે.

## કામની વ્યસ્તતા વચ્ચે મનની શાંતિ :

> **મનુષ્ય કામ ન કરે તો**
> તેનું માનસ નીરોગી ન રહી શકે કોઇ પણ માણસ ૨૪ કલાક જપ ધ્યાન ન કરી શકે

મા પાસે ઘણા શિષ્યો ફરિયાદ લઇને આવતા અને કહેતા કે કામની વ્યસ્તતાને લીધે સાધનાની નિયમિતતા જળવાતી નથી. જપ ધ્યાન માટે સમય ફાળવી શકાતો નથી. વળી એક શિષ્યે તેની સાધનામાં રોજબરોજનાં કરવાનાં કામો વિઘ્નરૂપ બને છે એમ માનીને કામ કરવાનું અને આ પૈસા કમાવવાનું છોડી દીધેલ. આ શિષ્ય ભિક્ષા માંગીને તેનો જીવનનિર્વાહ કરતો હતો. થોડા સમય બાદ તેનું મગજ ખરાબ થઇ ગયું. માએ ત્યારે કહેલું કે, "જો મનુષ્ય કામ ન કરે, તો તેનું માનસ કેવી રીતે નીરોગી રહી શકે? કોઇ પણ મનુષ્ય ચોવીસે કલાક વિચાર અને ધ્યાનમાં ગાળી ન શકે. તેથી માણસે પોતાની જાતને કામમાં જોડી રાખવી જોઇએ. તેનાથી મન પ્રસન્ન રહે છે."[૧] વળી બીજા એક શિષ્યે ધ્યાન દરમિયાન તેના મનમાં આવતા ખરાબ વિચારો મનનો કબજો લઇ લે છે તેનું મન પ્રસન્ન રહેતું નથી એવું દુઃખ વ્યકત કરેલું, જવાબોમાં માએ કહેલું કે.....

આવા સવાલોના એક બ્રહ્મચારીએ માને સવાલ કરેલો કે મારા મનમાં કુવિચારો આવે છે. આપ ચાલ્યા જશો પછી અમારું શું થશે? એ વિચારે હું ગભરાઉં છું. આ સાંભળીને માએ કહેલું કે, તું કોનું સંતાન છે?

તને કોણે આશ્રય આપ્યો છે? તું કાયમ યાદ રાખ. કોઇ કુવિચાર તને સતાવે ત્યારે તારા ચિત્તને કહેઃ "માનો બાળક હોઇ આવી પ્રવૃત્તિમાં પડવા જેટલો અધમ હું કેમ બની શકું? તારા ચિત્તને શાંતિ અને શક્તિ મળશે, એ તું જોજે, તને મળેલા ઉમદા વિચાર વડે, ઊંડી ડૂબકી માર. પાવન નામનું રટણ કર, એનું ધ્યાન કર, સારી સોબતમાં રહે અને તારા અહંકારને ગમે તે ભોગે વશમાં રાખ.[૨]

## માનવ સહજ નવળાઇઓમાં શાંતિ બક્ષે છે માની અભય વાણી :

કેટલાક નિષ્ઠાવાન ભકતોનું મન પોતાની નબળાઇઓ કે ખોટી ટેવોને લીધે અશાંત બની જાય છે. આવી પરિસ્થિતિમાં શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે સંદર્ભના થોડા પ્રસંગો વાંચીએ. માનાં અંતરંગ શિષ્યા યોગીન મા, ગૃહસ્થી મા શારદાને ઘરવ્યવહારમાં વ્યસ્ત રહેતાં જોઇને, તમેના અસલી સ્વરૂપને સમજી ન શકવાથી તેમના મનમાં મા વિશે શંકાકુશંકાઓ થયા કરતી. તેમના મનમાં વિચાર આવતા કે તેમના પતિએ - શ્રી ઠાકુરે તો સંસારનો ત્યાગ કરેલો

પરંતુ મા તો સંસારમાં રચ્યાંપચ્યાં રહે છે. એક દિવસ તેઓ જ્યારે ગંગાકિનારે ધ્યાન ધરતાં હતાં ત્યારે એક નવજાત બાળકનું શબ અને તેની આસપાસ ઓર અને નાડ વીંટાળેલું તેમણે જોયું. સાથે ઠાકુરને પણ પોતાની સામે ઊભેલા જોયા. ઠાકુરે કહ્યુંઃ ‘‘શું ગંગા આ બાળકના શબથી અપવિત્ર બની જશે? મા શારદાને પણ ગંગા જેવા પવિત્ર જાણો. તેમના વિશે શંકાઓ ન સેવો. તેઓ મારી સાથે એકરૂપ છે.’’ યોગિનમા એક નિષ્ઠાવાન સાધક હતાં. તે જ દિવસે તેમણે નદીએથી પાછા ફરીને શ્રીમાની ચરણધૂલી લઈને કહ્યુંઃ ‘‘મા, મને માફ કરો. તમારા પ્રત્યે મેં શંકા સેવી હતી પણ હવે મને સત્ય સમજાયું.’’[3] આ સાંભળીને શ્રીમાએ હસતાં હસતાં યોગિનમાને સાંત્વના આપતાં કહેલું કે, માણસના મનમાં શંકાઓ અને પ્રશ્નો થયા જ કરશે. ઈશ્વરકૃપાથી ત્યાર બાદ જ વિશ્વાસ પ્રાપ્ત થશે.

**મનમાં શંકાઓ અને પ્રશ્નો ઊભા થશે જ તેમાં શું વાંધો ?**

ચોકકસ તમને શંકાઓ થશે જ, પ્રશ્નો ઊભા થશે જ,
ત્યારબાદ જ વિશ્વાસ પ્રાપ્ત થશે.

બીજા એક શિષ્યે મા પાસે જઈને કહેલું કે ‘‘હું દુર્ભાગી છું. નામસ્મરણ કરું છું પણ મને કંઈ જ પ્રાપ્ત થતું નથી, મને જપ અને ધ્યાન કરવાં ગમતાં નથી, મારો મોહ, કામ ક્રોધ હજીએ મન ઉપર રાજ કરે છે. હવે મારામાં નામજપ કરવાની શક્તિ રહી નથી, કોશિશ કરું ત્યારે મારું મન ચંચળ બની જાય છે. હવે નામમંત્ર તમે પાછો લઈ લો. આ સાંભળીને ખૂબ પ્રેમ અને લાગણી સાથે બોલ્યાં સારું હવે તારે મંત્ર જાપ નહીં કરવો પડે. માના આ શબ્દનો અર્થ તે શિષ્ય સમજી શકયો નહીં. તેના ઉપર ભય અને આશંકાઓ સવાર થઈ ગયાં અને તે બોલ્યો, શું મા, મારા માટે વિનાશ નિર્માયો છે. માએ ફરીથી પ્રેમપૂર્વક કહ્યું, તું મારું સંતાન હોવાથી તારો વિનાશ કેવી રીતે થઈ શકે. જેઓ મારાં સંતાન છે તેમને મુક્તિ મળી ચૂકી છે જ. ખુદ ભગવાન પણ મારાં સંતાનોનું કશું બૂરું કરી શકે નહિ, હું તારી સાથે જ છું. તું શા માટે ડરે છે, આમ માએ તેનો ડર અને ભય ઓછો કરીને અભય વરદાન આપ્યું. ‘‘મા કહેતાં માણસોમાં કોઈ તદ્દન નિર્દોષ નથી. એક ભકતના આચરણથી તેઓના એક શિષ્ય એટલા ચિડાઈ ગયા કે તેમણે માને કહેવડાવ્યું કે તે ભકતને તેમની પાસે આવવા ન દે. તેના જવાબમાં માએ કહ્યું કે :’’ મારો દીકરો, ધૂળમાં રમે, તો મારે એને સાફસૂફ કરીને ખોળામાં લેવો

**ડરો નહીં,**

જયારે તમે મુશ્કેલીમાં હોઉં ત્યારે તમારી જાતને કહો કે મારે મા છે....

જ પડેને.[૪] આમ મા સાધકોને જાણે કે કહી રહ્યાં છે કે મનમાં શંકાએ થવી. ભૂલો થવી અને પ્રશ્નો ઊભા થવા એ માનવ સહજ છે. સાધકે અંતઃનિરીક્ષણ કરીને તેમજ પોતાના અહંકારને વશમાં રાખીને પોતાની ભૂલો અને દોષો જોવા જોઈએ. ત્યારબાદ તેની કબુલાત કરીને ઈશ્વર પાસે માફી માંગે તો ઈશ્વર સાધકની બધી નબળાઈઓને માફ કરીને શાંતિ બક્ષે છે. મનની ચંચળતા અને મલિનતાને લીધે નિરાશ અને હતાશ થયેલા શિષ્યોને પણ આશીર્વાદ આપતા કહેતા કે, તમે હંમેશા યાદ રાખજો કે હું તમારી મા જ છું. આમ તેમના ભકતો અને શિષ્યોને મનની શાંતિ પ્રદાન કરતાં.

## સાંસારિક ફરજો અને આધ્યાત્મિક સાધનાનો મેળ બેસાડીને મનની શાંતિ જાળવવા અંગે :

સામાન્ય રીતે સાધકો ભગવાનની સાધના અને તેના રોજબરોજના જીવનને અલગ વિભાગમાં વહેંચી દે છે. જાણે કે બંને વચ્ચે કોઈ સંબંધ જ નથી. આવી અણસમજને લીધે બંનેનો સુમેળ ન સધાતાં તેઓ ગુન્હાહિત ભાવનાથી અશાંત બની જાય છે. જ્યારે તેઓ સાધના કરવા બેસે છે ત્યારે સંસારના વિચારો અને સંસારની ફરજો બજાવતી વખતે જપ ધ્યાન વગેરે સારી રીતે ન થઈ શકવાથી દુઃખ અનુભવતાં હોય છે. માના પોતાના જીવનમાં તેમજ તેમની નજીક રહેતાં ભાઈ-બહેનોના જીવનવ્યવહારમાં સાધના અને સાંસારિક કામો એ બંનેમાં કોઈ અસંગતતાપણું દેખાતું નહી. તેઓનાં કાર્યોમાં દેખાતી કાર્યકુશળતા, સત્યનિષ્ઠા, સંયમ, પ્રેમ, સેવાપરાયણતા જેવા ગુણો સાહજિક રીતે આચરણમાં દેખાતા. મોટાભાગના સાધકોના જીવનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાના માર્ગમાં વિવિધ પ્રશ્નો મૂઝવણો અને અવરોધો આવતાં હોય છે. મા તેમની સાથે રહેતાં શિષ્યોના હૃદયમાં એવો વિશ્વાસ દૃઢ કરતાં કે આખું જગત ઈશ્વરનું છે. જગતમાં થતાં બધાં કામો ઈશ્વર જ કરાવે છે. તેને જગતને પોતાની ક્રીડા માટે એણે એને સર્જ્યું છે. આપણે તો એની રમતનાં માત્ર પ્યાદાં છીએ. જ્યાં અને જેવી રીતે આપણને એ રાખે ત્યાં અને તેવી રીતે, આપણે સંતોષથી રહેવું જોઈએ. આપણાં કર્મોને કારણે જ આપણને સુખ કે દુઃખ ભોગવવાં પડે છે આમ સાધના અને જીવનવ્યવહારનો સુમેળ સાધીને એ માટે બીજા કોઈને દોષ દેવો તે વાજબી નથી. પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા

> **જગત એ ઈશ્વરનો ખેલ છે,**
> આપણે બધા એની રમતના માત્ર પ્યાદા છીએ.

અને ભકિત સાથે આપણે આપણી પૂરી જાતને ઈશ્વર સમર્પિત કરી દેવી જોઈએ, આપણી સર્વશક્તિ અનુસાર બીજાઓની સેવા કરવી અને કોઇને પણ પીડારૂપ ન થવાની મા સલાહ આપે છે.''[5] આમ ઈશ્વર શરણાગતિ મનની શાંતિ માટે એક અજોડ ઈલાજ છે એમ મા કહી રહ્યાં છે.

## સાધના માર્ગે પ્રગતિ ન થતાં મનને અશાંત કરી મૂકતી ચિંતા દૂર કરવા સંદર્ભે :

કેટલાક મંત્રદીક્ષિત શિષ્યો સાધનાપંથે અપેક્ષિત પ્રગતિ ન થતાં સાધના કરવાનું છોડી દે છે. કેટલાક ગંભીર, નિષ્ઠાવાન ભકતોને ધ્યાન કરતી વખતે પોતાના મનની અંદર સુષુપ્ત પડેલી વાસનાઓનું ભાન થાય છે. તેને નક્કી કરેલ નિયમ મુજબ જપ, ધ્યાન ન થઈ શકવાથી તે ભયભીત થઈ જાય છે. સ્વામી પરમેશ્વરાનંદે એક દિવસ માને કહ્યું: ''મા, મારી મનોદશા એવી છે કે, કોઇ કોઈવાર અમારા મન એટલાં બધાં ચંચળ થઈ જાય છે. અમે ડૂબી તો નહીં જઈએ એવો ભય અમને લાગે છે. માએ કહ્યું: એમ કેમ, બેટા? તમે શા માટે ડૂબો? ના કદી નહીં, તમે તો ઠાકુરનાં સંતાનો છો. તે તમારી રક્ષા કરશે.[6] આવા ભયભીત અને ચિંતાઓથી દુઃખી થઈ જતા શિષ્યોને મા કહેતાં કે, રોજ સવાર-સાંજ જપ ધ્યાન, પ્રાર્થના કરો, એ જ જાણે હોડીનું સુકાન છે. સાંજના બેસો ત્યારે આખા દિવસમાં કરેલાં સારાં નરસાં કામોનો વિચાર કરો.પછી આગલા દિવસની મનની સ્થિતિ સાથે આજના મનની સ્થિતિની તુલના કરો. કામકાજની સાથે સાથે સાધના કરશો તો મન પ્રસન્ન રહેશે.[7] આ પ્રસંગો દ્વારા મા સાધકોને કહી રહ્યાં છે કે સાધનાનો માર્ગ લાંબો અને મુશ્કેલ છે. પરંતુ ધીરજ રાખીને નિયમિત રીતે ગુરુએ ચીંધેલા માર્ગે સાધક સાધના કરશે તો એ સાધના જ હોડીનું સુકાન બની જઈને તેને ગંતવ્ય સ્થાને જરૂર પહોંચાડશે.

> **ઉતાવળા ન થાઓ,**
> ધીરજ રાખો, તમારા ગુરુમાં
> અને ઈષ્ટમાં શ્રધ્ધા રાખો.

## દુઃખ અને પીડાઓથી અશાંત બની ગયેલા ભકતોને :

માના એક સંન્યાસી ભકતે માને સવાલ પૂછેલા, ''ભગવાન હોય તો દુનિયામાં આટલું બધું દુઃખ શા માટે છે? શું એને એ દેખાતું નથી? અથવા તો શું આ અનિષ્ટોને દૂર કરવાની શક્તિ એનામાં નથી? માએ જવાબ આપ્યો કે....

પછી તેમને સીતારામની વાર્તા કહી. સીતાએ એક વાર રામને કહ્યું: આપ બધાનાં દુઃખ શા માટે દૂર કરતા નથી ? તમારા રાજ્યમાં- તમારી પ્રજાને-દરેકને

સુખી કરો, તમે ધારો તો તેમ કરી શકો એમ છો. શ્રીરામચંદ્રજીએ જવાબ આપ્યો, શું બધાને એક જ સમયે સુખી કરી શકાય. સીતાજીએ કહ્યું ''આપ જો ઇચ્છતા તેમ થઇ શકે. તેમની બધી જ જરૂરિયાતો રાજય દરબારની તિજોરીમાંથી પૂરી કેમ ન પાડવી?'' રામચંદ્રજીએ કહ્યું ''ભલે તો તેમ થાય'' પછી શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણજીને બોલાવ્યા અને કહ્યુંઃ ''જાઓ, મારા રાજ્યમાં દરેકને કહો કે તેઓની દરેક જરૂરિયાતો મારા ભંડારમાંથી પુરી પાડવામાં આવશે.'' લોકોએ જયારે આ જાણ્યુ ત્યારે તેઓ આવીને પોતાની જરૂરિયાતો રજૂ કરવા લાગ્યા. તિજોરી ખુલ્લી મુકવામાં આવી. બધા સુખમાં રહેવા લાગ્યા. થોડા દિવસો બાદ રામચંદ્રજીના શાહી મહેલના છાપરામાં તિરાડો પડવા લાગી અને તેમાંથી પાણી ચૂંવા લાગ્યું. તૂટેલા ભાગોનું સમારકામ કરવા માટે કડિયાઓને બોલાવવામાં આવ્યા. પણ કડિયા મળ્યા નહીં. મજૂર પણ ન મળ્યા. પ્રજાએ પણ આવી ને આવી જ ફરિયાદો કરવા માંડી કે કડિયાઓ મળતા નથી અને તેથી તેમના મકાનો અને મહેલો તો પડવા લાગ્યાં છે. જયારે કોઇ ઉપાય ન રહ્યો ત્યારે સીતાજીએ શ્રી રામચંદ્રજીને કહ્યુંઃ ''આપણે આ પ્રમાણે ભીનામાં રહી ન શકીએ, પ્રથમ હતુ તે મુજબ બધુ કરો, જેથી આપણે ફરીથી મજુરો મેળવી શકીએ. દરેક એક જ સમયે સુખી ન થઇ શકે. '' રામચંદ્રજીએ જવાબ આપ્યો, ''ભલે, તેમ થાઓ.'' નિમિષ માત્રમાં તો પ્રથમ હતું તેવું જ બધું થઇ ગયુ. લોકોને ફરી મજૂરો મળવા લાગ્યા. સીતાજીએ કહ્યુંઃ ''પ્રભુ આ સૃષ્ટિ તમારો અદ્‌ભૂત ખેલ છે તે સત્ય છે.''[૮] આવાર્તા ટાંકીને માએ કહ્યુંઃ ''કોઇ જીવનભર દુઃખી રહેતુ નથી. મનુષ્ય જેવું વાવે છે તેવું લણે છે. સુખ એ દુઃખ બધું જ કાર્ય અને કારણ સાથે સંકળાયેલ છે. એક શિષ્યે સવાલ પૂછેલો કે આ બધાનું મૂળ કયાં છે? એક કર્મ બીજા કર્મનો પ્રતિકાર કરી શકે. માએ જવાબ આપેલો કે, જો કોઇ મનુષ્ય પ્રાર્થના કરે, ઇશ્વરનું નામસ્મરણ કરે અને તેનો જ વિચાર કરે તો ખરાબ કર્મની અસર દૂર થાય. મા કહેતાં કે, દરેકને આ જીવનમાં પોતે કરેલાં કાર્યોનું પરિણામ ભોગવવાનું રહે છે. પરંતુ જયાં તલવારનો ઘા સહન

> ''આ સૃષ્ટિ જ સુખ અને દુઃખમય છે. જો દુઃખ ન હોય તો મનુષ્ય સુખનો ઉપભોગ શી રીતે કરી શકે? અને એક જ સમયે બધા લોકો કેવી રીતે સુખી થઇ શકે.''

> કર્મ દ્વારા મનુષ્યના પૂર્વજીવનના કર્મનું ખંડન પણ થાય છે……
>
> જો તમે સારું કાર્ય કરો તો તમારા ખરાબ કાર્યની અસર દૂર થાય.

કરવાનો હોય ત્યાં માત્ર સોય ભોંકાવા જેટલું તો ભોગવવું જ પડે.[૯]

## શરીરની સંભાળ અને મનની શાંતિ :

એક યુવાન વિધવા શિષ્યા જે વિવિધ પ્રકારનાં વ્રત, નિયમો પાળતી હતી. તેને લીધે તેનું શરીર લાકડા જેવું થઇ ગયેલું. માએ તેને કહેલું કે, તારી તબિયત બગડી જશે તો તું સાધના કેવી રીતે કરી શકેશે?[૧૦] મા તેમના શિષ્યોને હમેશાં કહેતા કે માણસે શરીરની તંદુરસ્તીની સંભાળ રાખવી જોઇએ. એક નોકરી કરતી ગૃહસ્થી શિષ્યા તેના કામમાં, કુટુંબની સંભાળ તેમજ બાળકોની કાળજી લેવામાં પોતાની જાતની દરકાર કરતી નહીં. મા તેમના શિષ્યને કહેતાં કે, માણસે શરીરની તંદુરસ્તીની સંભાળ રાખવી જોઇએ. બીજીબાજુ દેહસુખ અને દેહના સૌન્દર્યમાં જ રચ્યાપચ્યા ભકતોને ટકોર પણ કરતાં કે, એક શિષ્યને માએ કહેલું કે આ શરીર શું છે? જ્યારે તે મૃત્યુ પામે છે અને તેને અગ્નિદાહ દેવામાં આવે છે. ત્યારે તે માત્ર દોઢ શેર રાખ જ બની જાય છે.

> શરીર ઈશ્વર સાક્ષાત્કાર માટેની સાધનાનું અગત્યનું સાધન છે પરંતુ દેહ સુખ સાશ્વત નથી.

## મનની શાંતિ અને ઈચ્છાઓ :

મા કહેતાં કે સ્પૃજ સર્વ દુઃખોનું કારણ છે પરંતુ જ્યાં સુધી વ્યક્તિને દેહાભિમાન હોય છે ત્યાં સુધી ઈચ્છાઓ રહેવાની. માના એક બ્રહમચારી શિષ્યે તેના મનમાં ઊભી થતી ઈચ્છાઓ વિશે નડતી મૂંઝવણો વ્યકત કરી. તેણે માને કહ્યું, એક ઈચ્છા જાય છે ત્યાં બીજી ઊભી થાય છે. માએ જવાબ આપેલો કે, : "જ્યાં સુધી તમારી પાસે તમારો 'હું' છે ત્યાં સુધી ઈચ્છાઓ તેના નિયમ મુજબ ચાલુ રહેશે. વાતને આગળ વધારતા તેમણે કહયું કે જે સારો થવા માંગે છે તેને પ્રભુમાં શ્રદ્ધા રાખીને સારું કામ ચાલુ રાખવુ જોઇએ અને તે પણ ઈશ્વર શક્તિ આપે તે મુજબ."[૧૧] પરંત એક સ્ત્રી કે જે બાળકને ઉછેરવાથી તે તેને પ્રેમ અને આનંદ આપશે તે હેતુથી બીજા કુટુંબના બાળકને ઉછેરવા માંગતી હતી તે માની રજા લેવા આવી. માએ પોતે રાધુને મોટી કરવામાં પોતાની થયેલી ભૂંડી હાલત તરફ લક્ષ દોરીને કહ્યુંઃ "કોઈ સંજોગોમાં એમ ન કર. બધા પ્રત્યે ફરજ અદા કર, પ્રભુ સિવાય કોઈમાં પ્રીતિ ન રાખ. બીજાને ચાહવાથી અનેક ઉપાધિઓ આવે છે.[૧૨] માના અંતરંગ શિષ્ય સ્વામી સારદેશાનંદ તેમનાં સંસ્મરણોમાં લખે છે કે મા પોતાના શિષ્યોને વારંવાર કહેતા કે, જીવનની પરિપૂર્ણતા તો જ્યારે આપણે બીજાને આનંદ આપી શકીએ

> આનંદ અને શાંતિ ત્યારે જ મળે છે જ્યારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ.

> મનની શાંતિ માટે ગૃહસ્થોએ આંતરિક ત્યાગ કરવો જરૂરી, પૈસા ભેગા કરવા જેથી તેઓનો સંસાર સરળતાથી ચાલી શકે અને સાધુઓથી સેવા પણ થઇ શકે.

છીએ ત્યારે જ થાય છે. બીજાને સુખ આપવા માટે તેને પોતાનો સ્વાર્થ અને ભોગવિલાસ છોડવા જ પડે.[૧૩] ધનના સંચય સંદર્ભે મા એમના સંન્યાસી શિષ્યોને કહેતાં કે, પૈસાથી ચેતતા રહેજો. પરંતુ ગૃહસ્થ ભકતોને મા પૈસા કમાવવાનું અને તેનો સંચય કરવાનું અને સાચવીને વાપરવાનું કહેતા. એક વાર એક ગૃહસ્થ ભકત માના આશ્રમ માટે પુષ્કળ ફળફળાદિ અને શાકભાજી લઇને આવેલા. માએ એમને ધમકાવ્યા કે આટલા બધા પૈસા શા માટે ખર્ચ્યાં? વળી તેમને તે ભકતને કહ્યું: ‘‘દીકરા, જાણે છે કે પૈસા ભેગા કરી રાખીશ તો તારો પોતાનો સંસાર સરળતાથી ચાલશે અને સાધુઓની પણ સેવા થઇ શકશે. તારી પાસે કંઇ ન હોય તો સાધુ-સંન્યાસીઓને શું આપશે? આમ, મા તેમના ત્યાગી તેમજ ગૃહસ્થ શિષ્યોને વિવેક વાપરીને સારા-નરસાનો ભેદ પારખીને નાનીમોટી ઇચ્છાઓ પૂરી કરી દેવાની સલાહ આપતાં જેથી કરીને તેઓ શાંતિમય જીવન ગાળી શકે.[૧૪]

## પતિવ્રતા સ્ત્રીઓની મનની શાંતિ માટે :

એક પતિવ્રતા આત્મસંયમી શિષ્યાએ પતિની કેટલીક ઇચ્છાઓનો વિરોધ કરવાથી ઊભી થયેલી મૂંઝવણો અંગે માને પૂછેલું કેઃ મા, એવું કહેવાય છે કે આ જિંદગીમાં પતિ એ સ્ત્રીનો ગુરુ અને દેવતા છે, શાસ્ત્રો પણ જાહેર કરે છે કે સ્ત્રી તેના પતિની સેવામાં જ પરમાનંદ મેળવી શકે. જો સ્ત્રી પોતાના પતિ સાથે દલીલો અને ચર્ચા કરીને તેના પતિની ઇચ્છાનો કાંઇક અંશે વિરોધ કરીને આત્મસંયમી જીવન જીવવાનો પ્રયત્ન કરે તો શું તે પાપ કહેવાય? માએ જવાબ આપ્યોઃ ‘‘જો તે ઈશ્વરના માટે હોય તો તે પાપ ન કહેવાય. માણસોએ ઈન્દ્રિયોને કાબુમાં રાખવી જ જોઇએ.’’[૧૫] આ પ્રસંગ દ્વારા માએ ઘણી સાધક અને પતિવ્રતા સ્ત્રીઓના મનમાં ઊઠતા પ્રશ્નો અને મૂંઝવણોના જવાબ આપીને શાંતિ બક્ષી.

> પતિવ્રતા સાધક સ્ત્રીઓ પતિની કેટલીક ઇચ્છાઓનો વિરોધ અને દલીલો કરે તો તે પાપ ન કહેવાય.

## સાધના માર્ગમાં સાવધાનીની આવશ્યકતા :

‘શ્રી શ્રી રામકૃષ્ણ પૂથી’ ના કવિ અક્ષયકુમાર સેને મા પાસે આવીને એમને ‘મા’ કહીને બોલવ્યાં. માએ તરત જવાબ આપ્યો : ‘‘હા, દીકરા’’ અક્ષયકુમાર

> **ધ્યેય પ્રાપ્તિ કરવા માટે**
>
> જેને હોય ભય તેનો થાય જય

ત્યારે બોલ્યાઃ 'મા' મેં કહ્યું 'મા'ને તમે જવાબ આપ્યો 'હા'. હવે મને શેનો ભય હોઇ શકે. તરત મા બોલ્યાં : 'ના' દીકરા, એમ ન કહે, જેને હોય તેનો થાય જય.[૧૬] આમ માએ સરળ અને સુંદર ઢબે કહેવત ટાંકીને શિષ્યને ઉચ્ચ ઉપદેશ આપી દીધો. અક્ષયકુમારને માએ "હા, દીકરા" કહીને જવાબ આપ્યો. તે સાંભળીને અક્ષયકુમાર જાણે કે ભયરહિત થઇ ગયા. ઘણીવાર પ્રખર બુદ્ધિશાળી લોકો સુંદર લખી શકે અને બોલી પણ શકે છે. આવા લોકોની દુનિયા ખુબ પ્રસંશા પણ કરે છે. પ્રસંશા અને પ્રતિષ્ઠાથી ભ્રમિત થઇને શિષ્ય તેની સાધનાના લક્ષ્ય સ્થાને પહોંચતાં પહેલાં ભૂલો ના પડે માટે અક્ષયકુમાર દ્વારા સૌ સાધકોને જાણે કે માએ સાવધાન કરી દીધા. આધ્યાત્મિક માર્ગમાં આગળ ધપવા માટે ડગલે ને પગલે સાધકે સાવધાની રાખવાની જરૂર છે. ગંતવ્યસ્થાને પહોંચ્યા પછી પણ તે જગ્યાએ કાયમ માટે પ્રતિષ્ઠિત થવા સતત જાગૃ ति અને સાવધાની રાખવા માએ સાધકોને સતેજ કરી દીધા.

## આતુરતા અને દઢ શ્રદ્ધા કરાવશે ઈષ્ટદેવનાં દર્શન :

ઉત્તર હિન્દનો એક કુલી એમને જોઇ આતુરતાથી એમની પાસે આવ્યો અને પોતાની બોલીમાં કહેવા લાગ્યોઃ "તુંજ મારી જાનકી માઇ છે, તને હું કેટલા દિવસોથી શોધું છું, તું આટલા દિવસ કયાં હતી?" એમ કહી રડવા લાગ્યો. કૃ પામયી માએ એને ફૂલ લાવવાનું કહયુ એને માના ચરણોમાં ધર્યાં અને માએ એને દીક્ષા પણ આપી અને મજૂરી કરતા કુલીને મા સીતાના રૂપમાં દર્શન પણ.[૧૭] આ પ્રસંગ એક દિવસ મા કૉલકાતા જતી વખતે વિષ્ણુપુર રેલવે સ્ટેશન પર ઊભાં હતાં ત્યારે બનેલો હતો. આજ પ્રમાણે બુદ્ધિજીવી સુરેન્દ્રસેન જ સ્વામી વિવેકાનંદના પ્રભાવશાળી વ્યકિતત્વથી અંજાઇ જઇને તેમની પાસેથી મંત્રદીક્ષા લેવાના આગ્રહી હતા. તે નિષ્ઠાવાન ભકતને તેની બુદ્ધિ સમજી પણ ન શકે, મા સરસ્વતીનાં દર્શન કરાવેલા. 'મા'માં દઢ વિશ્વાસ અને શ્રદ્ધા રાખતા ભકત શિવરામની પત્ની જે પોતાની અને અન્ય કુટુંબીનોની ઇચ્છાને અવગણીને રાતોરાત દીકરીનાં લગ્ન કરાવી દેવા તત્પર થઇ હતી તે તુંડમિજાજી પત્ની સંહરમૂર્તિ બગલાદેવીનું વિકરાળ સ્વરૂપ બતાવીને તેના મિજાજને ઠંડો પાડી દીધો. આમ ભકતના મનને માએ શાંત કરી દીધું. ગાઢ જંગલમાં લૂંટફાટ કરતા ડાકુ દંપતી જેઓ લૂંટફાટ શરૂ કરતાં પહેલાં તેમની

> **આતુરતા અને વ્યાકુળતા**
>
> દઢ, વિશ્વાસ અને શ્રદ્ધા રાખ મા શારદા જ છે મા સીતા, મા કાલી મા સરસ્વતી અને સર્વ કાંઇ.

કુળદેવી મા કાલીની નિયમિત રીતે પૂજા કરતાં હતાં. તેઓને પણ માએ તેમની કુળદેવી મા કાલીનાં દર્શન કરાવેલાં એટલું જ નહિં વિવિધ દેવદેવીઓની ઉપાસના કરતાં શિષ્યોને પણ જે તે ઈષ્ટદેવ-દેવીઓનાં દર્શન કરાવેલાં. આમ આ બધા પ્રસંગો સાધકોની શ્રદ્ધાને દૃઢ બનાવીને મનમાં શાંતિ પ્રદાન કરે છે.

## મૌનમાં જ મળશે શાંતિ :

મા જ્યારે દક્ષિણ ભારતની જાત્રાએ ગયેલા ત્યારે બેંગાલુરુના આશ્રમમાં બનેલો આ પ્રસંગ છે. લોકોનું મોટું ટોળું માનું વ્યાખ્યાન સાંભળવાની અપેક્ષાએ ભેગું થયેલુ. માને આવતા જોઈને માની ગાડીનો શબ્દ સાંભળી એક ક્ષણમાં જ બધા ઊભા થઈ ગયા અને મા ને સાષ્ટાંગ પ્રણામ કર્યા. આ દૃશ્ય જોઈ મા ગાડીમાંથી તરત ઊતરી ગયા અને આશીર્વાદ આપતાં પાંચ મિનિટ ઊભાં રહ્યાં. ચારે બાજુ શાંતિ પ્રસરી રહી, એ શાંતિમાં જાણે અજ્ઞાત શક્તિ કામ કરી રહી હોય તેવું લાગતું હતું જેમ શાસ્ત્રમાં કહ્યું છે તેમ તે શાંતિના મૌનમાં વ્યખ્યાન રહેલું હતું જેને લોકોના સંશયોનો નાશ કરેલ. આ ગંભીર શાંતિનો ભંગ કરીને માએ તેમના સંન્યાસી શિષ્યને કહ્યું, ‘‘આ લોકોની ભાષા તો મને આવડતી નથી, બે વાતો કરી શકત તો બધાને ખુશી કરી શકત’’ આ વાત શિષ્યે લોકોને તેમની ભાષામાં કરી. તે સાંભળીને લોકો બોલી ઊઠયા ‘‘ના, ના, આ જ સારું છે આનાથી જ અમારા હૃદયો આનંદથી ભરાઈ ગયા છે શબ્દોની જરૂર નથી.’’[૧૮] દુનિયામાં સામાન્ય રીતે જે લોકો જુદી જુદી ભાષાઓમાં જોરદાર ભાષણો આપે છે તેનાથી પ્રભાવિત થઈ જાય છે. જ્યારે શાંત પ્રકૃતિ અને વિનમ્ર સ્વભાવની વ્યક્તિઓની અવગણના થતી હોય છે. આ પ્રસંગ આજના આધુનિક બાહ્યાડંબરથી આકર્ષિત થતાં એક સંદેશો મળે છે કે વાણી ઉપર સંયમ રાખનારી શાંત વ્યક્તિ પણ ઉચ્ચકક્ષાએ પહોંચેલી હોઈ શકે જેની હાજરી માત્ર પણ આપણને શાંતિ આપી શકે છે.

**શાંતિના મૌનમાં**

માએ આનંદથી ભરી દીધા
લોકોના હૃદયને

## સમર્પણ અને શરણાગતિ સ્વીકારવાથી મન થશે શાંત :

ઘણા સાધકો સેવાના કાર્યમાં તેમજ પ્રાર્થના, જપ, સત્સંગ જેવી પ્રવૃત્તિઓમાં રત રહેવા છતાં તેઓના સ્વભાવમાં મોટો ફેર જણાતો નથી. આ સંદર્ભે ઘણા ભકતો માને સવાલ પૂછતા : એક દિવસ માએ કહ્યું:’’ તમે કહી શકો કે તમે આટલા બધા જપ કર્યા અથવા તો આટલું બધું કામ કર્યું પરંતુ કાંઈ જ લાભ થયો નહિ.




**શાંતિદાયિની મા શારદા**

જ્યાં સુધી મહામાયા માર્ગ મોકળો ન કરે ત્યાં સુધી કોઈ પણ કશું મેળવી ન શકે. અરે, મારાં બાળકો શરણાગતિ સ્વીકારો. માત્ર શારણાગતિ સ્વીકારો પછી જ તે કૃપાથી રસ્તો સાફ કરશે.[૧૯] મોટાભાગના માણસો માને છે કે, જગતમાં તેને જે કાંઈ સંપતિ, પરિવાર, સંતાનો, સત્તા અને પ્રતિષ્ઠા મળ્યાં છે તે બધું તેના શરીર મન અને બુદ્ધિ દ્વારા જ મેળવ્યું છે. આ સમજને લીધે આ બધી વ્યક્તિઓ અને વસ્તુઓ છેવટે તો માણસની અશાંતિ અને અજંપાનાં જ કારણો બને છે. મા આપણને કહી રહ્યાં છે કે, તેં જે કંઈ મેળવ્યું છે તે બધું તને ઈશ્વરે જ આપ્યું. છે. તેથી તું એ બધી જ વસ્તુઓ ઈશ્વરને ચરણે ધરી દે. હંમેશાં તેનું જ સ્મરણ કર. તારા મનની

**શરણાગત થઈ જા,** મારુ જ સ્મરણ કર્યા કર.... પછી જ તેની કૃપાથી રસ્તાઓ સાફ થશે

મૂંઝવણો, સંઘર્ષો, પ્રશ્નો ઈશ્વર આગળ જ રજૂ કર. ધીરજ રાખીને સાતત્યપૂર્વક તેનું જ સ્મરણ કર, તે તને વહેલો મોડો પણ જરૂર સાચે માર્ગે જ દોરી જઈને પરમ શાંતિ અને આનંદ પ્રાપ્ત કરાવશે.

## કેવળ ઈશ્વરને જ પ્રેમ કરશે તો મળશે મનની શાંતિ :

મા કહેતાં કે કોઈ મનુષ્યને પ્રેમ કરશો તો તમારે એને માટે ભોગવવું જ પડશે. જે કેવળ ઈશ્વરને જ પ્રેમ કરી શકે તે ભાગ્યવાન છે. પ્રભુને પ્રેમ કરવામાં કશી પીડા નથી. એક વાર જગદાત્રીના પૂજા સમયે મા પોતાના ગામ જશે કે નહીં તેવો સવાલ એક શિષ્યે પૂછયો. તેનો જવાબ આપતા કહેલું : ‘‘ના, ના, ના. એમ નક્કી ન કરી શકાય.’’ આ સાંભળીને માના શિષ્યે માને કહ્યું, તમે આવશો તો બધાને ગમશે. લોકો તમને ખૂબ ચાહે છે. માએ હૃદયસ્પર્શી અવાજે જવાબ આપેલો કે ઈશ્વર અનુરાગી બનો. શાંતિ એ મુખ્ય વસ્તુ છે. મનુષ્યને શાંતિની જરૂર છે. આપણા બધાનો અનુભવ છે કે આપણી પ્રિય પાત્ર વ્યક્તિની જરૂરિયાતો પૂરી પાડીને તેને સુખ અને આનંદ આપીએ છીએ. આ પોતાના માની લીધેલા વ્યકિત પરિવર્તનશીલ છે, નાશવંત છે, કોઈને સમયે તેનો વિયોગ થવાનો જ છે. છતાં તેને જ વળગી રહીએ છીએ અને આ જગતની બધી જ વસ્તુઓને ચલાવનાર જે નિત્ય, નિરાકાર એવી પરમ સત્તા છે જેને બ્રહમ, પરમાત્મા કે ઈશ્વર તરીકે ઓળખવામાં આવે છે તેને ભૂલી જઈએ છીએ.

**મનની શાંતિ માટે**
ઈશ્વર અનુરાગી થા શાંતિ એ મુખ્ય વસ્તુ છે, મનુષ્યને શાંતિની જરૂર છે.

ઉપરના પ્રસંગમાંથી મા આપણને મા આપણને ઉપદેશ આપે છે કે સાધકે તેના ગુરુ સાથે એક વ્યકિત તરીકેની આસકિત રાખીને તેને જ માત્ર પ્રેમનું પાત્ર ન બનાવતાં ઈશ્વર અનુરાગી બનવું જોઈએ. એક ઈશ્વર જ એવો છે કે જે તેને પ્રેમ કરે છે તેની પાસેથી કોઈ અપેક્ષા રાખતો નથી. જો સાધક કોઈ પણ અપેક્ષા વગર ઈશ્વરને પ્રેમ કરે તો સાધકને ઈશ્વરના પ્રેમનો અનુભવ થતો હોય છે, નિરાલો હોય છે માટે મા તેમના શિષ્યને ઈશ્વર અનુરાગી થવાનું કહે છે.

## મનની શાંતિ માટે કરી લે બધાંને પોતાનાં :

આપણા જીવનમાં શાંતિ કેવી રીતે મળી શકે તે સંદર્ભનો માના જીવનનો અંતિમ સંદેશ આપણને ઉપયોગી બની રહેશે. માના દેહત્યાગના પાંચ દિવસ

પહેલા એક સ્ત્રીભકત માને મળવા આવેલી. માએ ઈશારો કરીને એને પોતાની પાસે બોલાવી. પ્રણામ કરી, એ સ્ત્રીએ ગળગળા અવાજે પૂછયું ''મા અમારું શું થશે?'' કરૂણાભર્યા અને દુર્બળ કંઠે અટકતાં અટકતાં માએ જવાબ આપ્યો, ''ભય શાનો?.......'' જરાક વાર પછી પાછાં આસ્તે આસ્તે બોલ્યાં '' તો પણ એક વાત કહું છું સાંભળ, દીકરી. શાંતિ જોઈતી હોય તો કોઈનો દોષ ન જોતી, પોતાનો જ દોષ જોવો, જગતને પોતાનું કરી લેતા શીખ, જગતમાં કોઈ પરાયું નથી, દીકરી, જગત તમારું છે''[૨૦] આમ મા તેમના અંતિમ સંદેશ દ્વારા જો વ્યક્તિ તેના જીવનમાં માના આ સંદેશને આત્મસાત કરવાનો પ્રયત્ન કરે તો તેને શાંતિ મળી શકે છે, એવું આશ્વાસન જાણે કે આપે છે.

જગતમાં કોઈ પરાયું નથી, દીકરી, જગત તમારું છે''

આમ વિવિધ સ્વભાવ અને આધ્યાત્મિક કક્ષાએ જુદા જુદા સ્તરે પહોંચેલા સાધકોના મનમાં ઉદ્‌ભવેલી મૂંઝવણો તો કયારેક તેઓએ પૂછેલા પ્રશ્નોના જવાબો માએ જીવનમાં બનતી રોજબરોજની ઘટનાઓના દાખલાઓ આપીને અસરકારક રીતે આપ્યા છે. જે તે વ્યક્તિના સ્વભાવ મુજબ કોઈકને સરળ અને મધુર ભાષામાં તો કોઈકને તર્ક આધારિત તત્ત્વપૂર્ણ અને મર્મસ્પર્શી જવાબો આપ્યા છે. કયારેક ઉપમાઓ તો કયારેક કહેવતો ટાંચીને કોઈની લાગણીને દુભાવ્યા વગર તેમની ઉપદેશ આપવાની રીતો અજાયબી લાગે છે. વ્યક્તિ જયાં છે, જેવો છે, જે પરિસ્થિતિની વચ્ચે જીવી રહ્યો છે તેમાં જ રહીને આગળ વધી શકે છે તેવું આશ્વાસન અને હૈયાધારણ શાંતિપૂર્વક જીવન જીવવા માટે મા શારદા આપી રહ્યાં છે.

# ૧૪ તવારીખ

## મા શારદાઃ જીવનની અગત્યની ઘટનાઓની તવારીખ

| | |
|---|---|
| જન્મ | ૨૨ ડિસે. ૧૮૫૩ |
| લગ્ન | મે ૧૮૫૯ - ૫½ વર્ષ |
| પતિ સાથ પ્રથમ મુલાકાત દક્ષિણેશ્વરમાં | માર્ચ ૧૮૭૨-૧૮ વર્ષ |
| ષોડશી પૂજા | ૫ જૂન ૧૮૭૨ ૧૮½ વર્ષ |
| લૂંટારા મા-બાપ | ૧૮૭૭ - ૨૪ વર્ષ |
| પતિને કેન્સર બિમારીની શરૂઆત | માર્ચ ૧૮૮૫ |
| પતિની સેવામાં | સપ્ટે. ૧૮૮૫ |
| પતિએ લોકોની સેવા કરવા કરેલ સૂચન | ૧૮૮૬ |
| પતિનું અવસાન | ૧૬ ઓગષ્ટ ૧૮૮૬ |
| પ્રથમ તીર્થયાત્રા | ૩૦ ઓગષ્ટ ૧૮૮૬ થી ઓગષ્ટ ૮૭ |
| સ્વસુર ગૃહમાં-એકલતા અને ગરીબીમાં દિવસો | સપ્ટે. ૧૮૮૭ (૮ મહિના) |
| વિવેકાનંદ ભારતભરના પરિભ્રમણ માટે મેળવેલ આશિર્વાદ | જુલાઇ ૧૮૯૦ |
| વિવેકાનંદ પશ્ચિમના પ્રવાસ માટે આશિર્વાદ | ૩૧ મે ૧૮૯૩ |
| રામકૃષ્ણ મિશન સ્થાપના માટે આશિર્વાદ | ૨૯ એપ્રિલ ૧૮૯૭ |
| પશ્ચિમી શિષ્યાઓ સાથે | ૧૭ માર્ચ ૧૮૯૮ |
| નિવેદીતા સ્કુલનું ઉદ્‌ઘાટન | ૧૩ નવે. ૧૮૯૮ |
| માની બેલુર મઠની મુલાકાત | ૨૦મી ડિસે. ૧૮૯૮ |
| બેલુર મઠમાં પ્રથમ દુર્ગાપૂજામાં હાજરી | ૧૮-૨૨ ઓકટો. ૧૯૦૧ |
| સ્ટુડિયોમાં લેવાયેલા ફોટો | એપ્રિલ ૧૯૫૦ |
| દક્ષિણ ભારત મુલાકાત | ફેબ્રુ. ૧૯૧૧ થી એપ્રિલ ૧૯૧૨ |
| સેવાશ્રમ હોસ્પિટલની મુલાકાત | ૯મી નવે. ૧૯૧૨ |
| કોઆલાપાડામાં જગદંબા આશ્રમમાં રહેઠાણ | ૧૯૧૪ |
| માનુ નવુ ઘર | મે ૧૯૧૫ |
| બ્રિટીસ પોલીસ ઓફિસરો સાથે | ફેબ્રુ. ૧૯૧૮ |
| મહાસમાધિ | ૨૧ જુલાઇ ૧૯૨૦ |

# ૧૫ સંદર્ભસૂચિ

## સંદર્ભસૂચી-ગ્રંથમાળા

• શ્રી મા શારદાદેવી જીવન ચરિત્ર-સ્વામી ગંભીરાનંદઃશ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ-વર્ષ ૧૯૯૩ - સંક્ષિપ્ત (મા.જી)

• શ્રી શ્રી માતૃચરણે - શ્રી શ્રી મા શારદા દેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ મિશન રાજકોટ-વર્ષ ૧૯૯૯ - સંક્ષિપ્ત (મા.ચ)

• સ્વામી વિવેકાનંદના પત્રો-સંચયન-શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ - વર્ષ ૧૯૮૮ - સંક્ષિપ્ત (વિ.પ.)

• શ્રી રામકૃષ્ણ ભકત માલિકા-સ્વામી ગંભીરાનંદ-શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ-વર્ષ ૧૯૮૯ - સંક્ષિપ્ત (રા.ભ.)

• ભગિની નીવેદિતા-પ્રવાજીકા આત્મપ્રાણા - શ્રી રામકૃષ્ણ મિશન,રાજકોટ-વર્ષ-૧૯૮૨ - સંક્ષિપ્ત (ભ.નિ.)

માની અમૃતવાણી-શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ-વર્ષ-૨૦૦૪-સંક્ષિપ્ત (મા.અ)

• माँकी स्नेहछाया में–स्वामी सारदेशानंद : श्री रामकृष्ण मठ, नागपुर–वर्ष ११८७ – संक्षिप्त (मा. स्ने.)

• माँके साँनिध्यमें–स्वामी ऐशानानंद–श्री रामकृष्ण मठ, नागपुर–वर्ष २००१–संक्षिप्त (मा.सा.)

• माँ करुणामयी–ब्रह्म. अक्षयचैतन्य–श्री रामकृष्ण मठ, नागपुर–वर्ष २००३ – संक्षिप्त (मा.क.)

• माँ सारदा–स्वामी अपूर्वानंद : श्री रामकृष्ण मठ, नागपुर–वर्ष २००७ – संक्षिप्त (मा.शा.)

• माँकी मधुर स्मृतियाँ – स्वामी विदेहात्मानंद–अद्वैत आश्रम, कलकत्ता–वर्ष २०११ – संक्षिप्त (मा.स्मृ.)

• Sri Sarda devi, the great wonder-Shri Ramkrishna Math, New Delhi-Year 1984 - Abr (S.W.)

• Satrupa Sarada - Swami Lokeshwaranand Instute of culture-Calcutta - Year 1985 - Abr ( S.S)

• Sri Sarada Devi-The holy mother - Swami Tapasayanandji & Nikhilnandaji-Year 1969 - Abr (S.H.M.)

• Eternal Mother-Pr. Amalpranaji, Sri Sarada Math Deshineshwar - Year 2004

- Abr (E.M.)

• Sri Sarada Devi & Her divine play-Swami Chetanand-Vedant Society of St. Louis USA - Year 2015 - Abr (S.D.P.)

# સંદર્ભસૂચી-પ્રકરણ

## (૧) અદ્‌ભુત નેતૃત્વ

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર**
(સ્વામી ગંભીરાનંદજી-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)

(૧.૨૨૦), (૪.૨૧૮), (૫.૨૧૯), (૮.૨૩૪), (૯.૨૩૬-૨૩૭), (૧૨.૨૪૫), (૧૩. ૨૩૪), (૧૫. ૨૨૧) (૧૬. ૨૩૫), (૧૮.૨૩૫-૨૩૬) (૧૯.૨૨૧-૨૨૨),

**માની સ્મૃતિઓ, સ્વામી વિદેહાત્માનંદ** : (૧૪. ૭૪-૭૫),

माँकी स्नेहछाया में - स्वामी सारदेशानंद : श्री रामकृष्ण मठ, नागपुर-वर्ष १९८७ संक्षिप्त (मा.स्ने.)

(૬.૭૧ થી ૭૪), (૭. ૨૪૦-૨૪૧), (૧૭. ૧૧૭), (૨૦. ૬૮,૬૯).

**શ્રી રામકૃષ્ણ ભકત માલિકા-ભાગ-૨** (૨. ૩૪૩),

**ભગિની નિવેદિતા-૫** આત્માપ્રાણજી શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ - વર્ષ-૧૯૮૨-(૩.૨૦)

Shri Sarada Devi & her divine play-Swami chatanand-vedant society of St. Louis-USA Year 2015 (11. 203), (૧૧. ૨૦૬ થી ૨૦૭)

## (૨) અનોખું દામ્પત્ય

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર**
(સ્વામી ગંભીરાનંદજી-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)

(૧.૨૬), (૨. ૨૭), (૩. ૨૯. ૩૦), (૪.૬૬), (૫.૮૦), (૬.૨૭), (૭.૮૨,૮૩), (૮.૫૮), (૧૦. ૫૩), (૧૧. ૧૮), (૧૨. ૧૯), (૧૪. ૫૧), (૧૫. ૧૪૪), (૧૬. ૪૧), (૧૭. ૪૭), (૧૮. ૪૮), (૧૯. ૫૧), (૨૦. ૭૮), (૨૧. ૩૦૪)

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી શારદાદેવી સાથેના વાર્તાલાપ-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ) (૧૩. ૬૬)

माँ सारदा - स्वामी अपूर्वानंद : श्री रामकृष्ण मठ, नागपुर-वर्ष २००७
(૯. ૭૫, ૭૬)

**(૩) સ્ત્રી સશક્તિકરણ અને મા શારદા :**

**શ્રી શારદાદેવી એક અજાયબી** (૧. ૨૫૯)

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર-સ્વામી ગંભીરાનંદ :** શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩
(૨. ૯૮), (૪. ૪૪-૪૬), (૫.૧૦૪), (૬.૨૨૯), (૮.૨૩૨), (૧૦.૨૨૧-૨૨૨),(૧૨.૯૭),(૧૩.૧૯૮), (૧૫.૧૨), (૧૬.૨૮), (૧૮.૨૪૯), (૧૯.૪૦)

**શ્રીશ્રી માતૃચરણે** (શ્રીશ્રી મા શારદાદેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૯
(૩.૨૧), (૭.૧૯૫), (૯. ૨૫૯), (૧૧.૧૫૩), (૧૪.૧૦૩)

**ભગિની નિવેદિતા :** પ્રવાજીકા આત્મપ્રાણા-શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૮૨, (૧૭. ૩૯-૪૦)

**૪. સર્વધર્મ સમભાવ :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર- સ્વામી ગંભીરાનંદ :** શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ - વર્ષ ૧૯૯૩-
(૨. ૨૫૯) (૩.૨૬૧), (૪.૨૪૭) ( ૬.૨૭૫).

**શ્રી શ્રી માતૃચરણે** - શ્રી શ્રી મા શારદા દેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ - વર્ષ ૧૯૯૯-
(૧. ૧૨૭),

Sri Sarada Devi & her divine play-swami chetanand-vedant Society of st. Louis- USA - Year 2015

**(૫) ક્રાંતિકારી મા :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર** (સ્વામી ગંભીરાનંદજી-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)
(૨.૧૦૧), (૩.૧૪), (૪.૨૩૨), (૭.૧૭), (૧૦.૨૬૧), (૧૨.૨૮૪), (૧૩.૧૦૪), (૧૪.૪૪-૪૫).

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી શારદાદેવી સાથે ના વાર્તાલાપ-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)
(૧. ૧૯૫), (૫.૨૫૯), (૬.૯૪), (૯.૨૩૦), (૧૦.૧૬૫), (૧૧.૧૫૩)

**ભગિની નિવેદિતા - પ્રવાજીકા આત્મપ્રાણા** - શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ-વર્ષ-૧૯૮૨
(૮.૨૦)

**(૬) વ્યવહારુ વેદાંતિષ્ટ મા :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર-સ્વામી ગંભીરાનંદ :**

શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩
(૨.૨૫૦), (૩.૨૪૦), (૪.૨૫૦)

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી મા શારદાદેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૯
(૧. ૧૭૫)

Eternal Mother-Pr. Amalpranaji, Sri Sarada math Deshineshwar - Year 2004
(૫. ૭૩)

माँकी मधुर स्मृतियाँ - स्वामी विदेहात्मानंद-अद्वैत आश्रम, कलकत्ता-वर्ष २०११
(૬.૧૩૪)

**(૭) કર્મયોગી મા :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર-સ્વામી ગંભીરાનંદ :**

શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩
(૧.૧૩), (૨.૧૭૫), (૩.૨૨૦), (૫.૨૨૧), (૯.૨૨૧)

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી મા શારદાદેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૯

(૪.૫૦-૫૧), (૧૦.૧૮૨-૧૮૩)

माँकी मधुर स्मृतियाँ - स्वामी विदेहात्मानंद-अद्वैत आश्रम, कलकत्ता-वर्ष २०११

**ભગિની નિવેદિતા - પ્રવાજીકા આત્મપ્રાણા** - શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ - વર્ષ - ૧૯૮૨
(૧૧.૪૦)

**(૮) વૈજ્ઞાનિક મા :**

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી મા શારદાદેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન,

રાજકોટ વર્ષ ૧૯૯૯
(૨.૧૨૯), (૩.૧૫૩), (૫.૧૬૫)

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર - સ્વામી ગંભીરાનંદ :** શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩
(૧.૨૨૧-૨૨૨),

माँकी मधुर स्मृतियाँ - स्वामी विदेहात्मानंद-अद्वैत आश्रम, कलकत्ता-वर्ष २०११
(૪.૯૭)

**(૯) પર્યાવરણ પ્રેમી મા :**

**શ્રીશ્રી માતૃચરણે** (શ્રી શ્રી મા શારદાદેવી સાથેના વાર્તાલપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૯
(૧.૧૦૨-૧૦૩), (૨.૮૧)

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર-સ્વામી ગંભીરાનંદ :** શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩
(૩. ૧૭૦)

**(૧૦) વિનોદી મા :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર** (સ્વામી ગંભીરાનંદજી-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)
(૫.૧૯), (૯.૧૭૭ થી ૧૭૮),

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી શારદાદેવી સાથેના વાર્તાલપ-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)
(૮.૧૦૦)

**શ્રી શ્રી માએ પ્રદપ્રાતે વોલ્યુમ-૩**, એડિટર સ્વામી પૂર્ણાત્માનંદજીઃ

(૬. શ્રી શ્રી માએ પ્રદપ્રાતે વોલ્યુમ-૩, ૪૦૮), (૭. શ્રી શ્રી માએ પ્રદપ્રાતે વોલ્યુમ-૩, ૪૮૪),

**ભગિની નિવેદિતા - પ્રવાજીકા આત્મપ્રાણા** - શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ-વર્ષ-૧૯૮૨ (૨.તા. ૯મી માર્ચ ૧૮૯૯)

Eternal Mother-Pr. Amalpranaji, Sri Sarada Math Deshineshwar-Year 2004
(૧.૯૫), (૩.૯૨), (૪.૮૮), (૧૦.૯૪), (૧૧.૯૬)

**(૧૧) જગત જનની મા શારદા :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર-સ્વામી ગંભીરાનંદ :** શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩
(૨. ૨૬૦-૨૬૧), (૪.૧૬૮-૧૬૯), (૬.૨૧૭), (૧૨.૧૩૫), (૧૪.૨૬૫), (૧૫.૨૪૫), (૧૭.૨૪૪), (૧૮.૨૪૬)

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી મા શારદાદેવી સાથેના વાર્તાલાપ શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૯
(૭.૧૭૫), (૧૧.૨૧૧), (૧૩.૪૩), (૧૯.૧૨૨), (૨૧.૧૬૫),

माँकी मधुर स्मृतियाँ - स्वामी विदेहात्मानंद-अद्वैत आश्रम, कलकत्ता-वर्ष २०११
(૩.૧૦૧)

माँ सारदा - स्वामी अपूर्वानंद : श्री रामकृष्ण मठ, नागपुर-वर्ष २००७
(૫.૭૫-૭૬)

माँकी स्नेहछाया में - स्वामी सारदेशानंद : श्री रामकृष्ण मठ, नागपुर-वर्ष १९८७
(૮.૨૫૯), (૯.૨૬૦), (૧૦.૫૭ થી ૫૯), (૨૦. ૪૨ થી ૪૬), (સંદર્ભ-૨૨. ૧૯૮ થી ૨૦૧), (૨૩.૨૦૨ થી ૨૦૫)

**માની અમૃતવાણી - શ્રી રામકૃષ્ણ મિશન**, રાજકોટ-વર્ષ-૨૦૦૪- (૧૬.૧૨૨)

ભગિની નિતેદિતા-પ્રવાજીકા આત્મપ્રાણા- શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ-વર્ષ-૧૯૮૨-(૧.૧૯)

**(૧૨) નારીજીવનનો આદર્શ :**

**શ્રી મા શારદાદેવી જીવન ચરિત્ર** (સ્વામી ગંભીરાનંદજી-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)
(૧.૧૩), (૨.૧૧), (૩.૩૧૦), (૯.૩૧૩), (૧૩.૨૨૯) (૧૪.૧૦૨-૧૦૩), (૨૦.૩૪૬), (૨૧.૪૦), (૨૨.૨૬૦)

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી શારદાદેવી સાથે ના વાર્તાલપ-શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)

(૪.૨૯૬), (૫.૨૭૨), (૬.૪૬), (૭.૧૧૬), (૮.૧૪૩), (૧૦.૧૯૫), (૧૧.૧૯૮), (૧૫.૯૭), (૧૮.૧૭૬), (૧૯.૧૭૫)

**ભગિની નીવેદિતા - પ્રવાજીકા આત્મપ્રાણા** - શ્રી રામકુષ્ણ મિશન, રાજકોટ-વર્ષ-૧૯૮૨-(૧૭.૭૯),

माँकी मधुर स्मृतियाँ - स्वामी विदेहात्मानंद-अद्वैत आश्रम, कलकत्ता-वर्ष २०११ (૧૬.૧૬૭)

माँकी स्नेहछाया में - स्वामी सारदेशानंद : श्री रामकृष्ण मठ, नागपुर-वर्ष १९८७ (૧૨.૫૭-૫૮)

माँकी मधुर स्मृतियाँ - स्वामी विदेहात्मानंद-अद्वैत आश्रम, कलकत्ता-वर्ष २०११ (પાન નં. ૩૬૬-૩૬૭)

**(૧૩) શાંતિદાયિની :**

**શ્રી મા શારદાદેવી જીવનચરિત્ર - સ્વામી ગંભીરાનંદ :**

શ્રી રામકૃષ્ણ મિશન, રાજકોટ વર્ષ ૧૯૯૩

(૪ : ૨૪૪), (૭ : ૨૭૦), (૧૪ : ૩૨૮), (૧૬ : ૩૩૦), (૧૭ : ૨૭૮), (૧૮ : ૨૬૨), (૨૦ : ૩૪૬)

**શ્રી શ્રી માતૃચરણે** (શ્રી શ્રી શારદાદેવી સાથેના વાર્તાલાપ - શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ)

(૧ : ૩૯), (૨ : ૨૩૭), (૩ : ૧૪૪), (૫ : ૧૬૦), (૬ : ૩૦૩), (૮ : ૩૨), ( ૯ : ૧૬૫), (૧૦ : ૧૯૫), (૧૧ : ૫૧), (૧૨ : ૩૧૧), (૧૫ : ૧૨૦), (૧૯ : ૧૭૪-૧૭૫)

**માની સ્નેહછાયામાં સ્વામી સારદેશાનંદ** - શ્રી રામકૃષ્ણ મઠ, નાગપુર - વર્ષ ૧૯૮૭ - સંક્ષિપ્ત (૫ : ૯૨), (૧૩ : ૨૭૨)



હે અનંતરૂપિણી મા,
તમે જીવનના ઝંઝાવાતોમાં,
શાંતિ અને સાંત્વના બક્ષો છો.



તમે ગૃહસ્થીમાં રહીને
અનોખું દાંપત્યજીવન જીવીને,
પ્રેમ અને પવિત્રતા જાળવીને,
કર્મયોગી બન્યાં છો.



માતૃશક્તિ દ્વારા
અદ્‌ભુત અને
અસરકારક
નેતૃત્વ બજાવો છો.



પરમ શાંતિ અને આનંદ
પ્રાપ્ત કરવાનો રાહ ચીંધો છો.